Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

श्री

# जैन धर्म प्रकाश.

## પુસ્તક ૩૬ મું.

સં. ૧૯૭૬ ના ચૈત્રથી સં. ૧૯૭૭ ના ફાગણ સુધી. અંક. ૧-૧૨.

## વિષયાનુક્રમણિકા.

### ૧ પદ્યાત્મક લેખો. ૨૮


| નંબર. | વિષય. | લેખક. | પૃષ્ઠ. |
|---|---|---|---|
| | શ્રી ગોડી પાર્શ્વનાથજીનો છંદ. | પ્રાચીન. | ૧ |
| | શિયળવંતોનું પ્રાતઃસ્મરણ. | પ્રાચીન. | ૫ |
| ૩ | મનને ઉપદેશ. | અજીતસાગરજી. | ૬ |
| ૪ | સફળ જીવન કરવા વિષે. | રા. અમીચંદ કરશનજી. | ૬ |
| ૫ | સ્રીને શીખામણ. | રા. ભીખાભાઇ છગનલાલ. | ૭ |
| | પરમાત્મ સ્તુતિ. | અજીતસાગરજી. | ૬૫ |
| | સહસ્રકુટ સ્તવન. | કવિ. સાંકળચંદ. | ૬૬ |
| ૮ | ગુરૂ સ્તુતિ. | ,, | ૬૭ |
| ૯ | દિલનાં દરદ પૂછનાર મિત્રો ક્યાં હશે ? | રા. ચિદ્દઘન. | ૯૭ |
| ૧૦ | સીતા, રાવણ અને મંદોદરી. | રા. ભીખાભાઇ છગનલાલ. | ૯૯ |
| ૧૧ | મ્હારી ભાવના. | મુનિ કસ્તુરવિજયજી. | ૧૩૧ |
| ૧૨ | ઉપદેશક દોહરા. | રા. અમીચંદ કરશનજી. | ૧૩૨ |
| ૧૩ | સુજ્ઞ જૈન બંધુઓ પ્રત્યે વિજ્ઞપ્તિ. | રા. પ્રભાકર. | ૧૭૧ |
| ૧૪ | ક્ષમા અષ્ટક. | દુર્લભજી. વિ૦ ગુલાબચંદ. | ૧૭૨ |
| ૧૫ | ઉપદેશાષ્ટક. | ,, | ૧૭૨ |
| ૧૬ | સુમતિ કથન. | પ્રાચીન. | ૨૦૩ |


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


૨૩ ગુણાનુરાગ. નંદલાલ વનેચંદ ૩૨૦
૨૪ બ્રહ્મચર્યની આવશ્યકતા. નવજીવન. ૩૨૪
૨૫ દુઃખી સંસાર. અમીચંદ કરશનજી. ૩૩૨
૨૬ ધર્માર્થી શાણા ભાઇ બ્હેનોને હિતરૂપ હાર્દિક ઉદ્દગારો. કર્પૂરવિજયજી. ૩૩૩
૨૭ સાર શિક્ષા વચનો. ,, ૩૩૫
૨૮ ક્રિયા સિદ્ધિ માટે સત્ત્વને સાચવી રાખવાની જરૂર. ,, ૩૩૭
૨૯ બ્રહ્મચર્ય. સુંદરલાલ ડાહ્યાભાઇ. ૩૬૬
૩૦ સંયમનો આદર કરો. કર્પૂરવિજયજી ૩૮૨
૩૧ સંતોષ વૃત્તિ સેવવાની ભારે જરૂર. ,, ૩૮૨


## ૪ ચર્ચાત્મક લેખો. ૪


૧ આધુનિક જૈનોનું કળાવિહિન ધાર્મિ જીવન. રા. પરમાનંદ
૨૮–૮૯–૧૨૪–૧૪૯–૨૧૨–૨૫૬–૨૮૭–૩૪૭
૨ જૈન અને મહદ્ જૈન. રા. પરમાનંદ ૨૬૬
૩ ' જૈન અને મહદ્ જૈન ' વિષે એક ખુલાસો. ,, ૨૯૩
૪ દેવ દ્રવ્યનો પ્રાચીન પૂરાવ. તંત્રી. ૩૮૬


## ૫ સામાજિક લેખો. ૬


૧ ગૃહસ્થાશ્રમ. નંદલાલ વનેચંદ ૩૩
૨ સ્નેહ લગ્ન. ,, ૩૬
૩ આપણા કેટલાક સામાજિક સવાલો સંબંધી ચર્ચા. ન્યાલચંદ લક્ષ્મીચંદ
૧૧૭–૧૫૬
૪ આપણા કેટલાક સામાજિક સવાલો. ( ૬ ) રા. મૌક્તિક. ૧૮૧
૫ પતિ પત્ની સંબંધી બે બોલ. કર્પૂરવિજયજી. ૩૦૨
૬ કુટુંબના અગ્રણીઓને ખાસ સૂચન. તંત્રી. ૩૮૩


## ૬ વિચારણીય લેખો ૭


૧ રેશમી કાપડ તથા હાથી દાંતની જૈનોમાં વધતી જતી વપરાશ.
ફુલચંદ કસ્તુરચંદ ૩૯
૨ કેશર ( વિદેશી ) જૈનોએ શામાટે વાપરવું જોઇએ ? મુળચંદ ઉત્તમચંદ. ૪૯
૩ આ જમાનો વિજ્ઞાન દૃષ્ટિનો કહેવાય કે નહિ ? સુંદરી સુબોધ. ૧૬૬
૪ વૈરાગ્યનું ખોટું સ્વરૂપ. તંત્રી. ભાદ્રપદ–મુખ પૃષ્ટ.
૫ જૈન બંધુઓ ધ્યાન આપશે કે ? ચુનીલાલ નાગરદાસ. ૨૨૩


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૬ સાંપ્રત શિક્ષણ પદ્ધતિના લાભાલાભ. સાહિત્ય. ૨૫૧
૭ જિન પૂજામાંથી કેશરનો કરવો જોઈતો તદન બહિષ્કાર. તંત્રી. ૩૮૫

## ૭ તીર્થ વર્ણનનાં લેખો. ૨

૧ શ્રી કુલ્પાકજી તીર્થનો વૃત્તાંત. તંત્રી. ૧૦૮
૨ સ્તંભતીર્થનાં જૈન દેરાસરોનો રીપોર્ટ. તંત્રી. આશ્વિન-મુખ પૃષ્ટ.

## ૮ મુનિરાજોને મનન કરવા લાયક લેખો. ૨

૧ સાધુ અવસ્થાનું રહસ્ય. મણીલાલ ખુશાલચંદ. ૧૧૦
૨ સાધુઓની શ્રાવક વર્ગ પ્રત્યે અને શ્રાવકોની સાધુ સમુદાય પ્રત્યે ફરજ.
રા. સ્પષ્ટવકતા ૩૧૭

## ૯ કથાત્મક લેખો. ૩

૧ મેઘનાદ રાજા અને મદન મંજરી કથા. પુરૂષોત્તમ જયમલ ૧૩૪
૨ ભદ્રબાહુ મુનિના ચાર શિષ્યની કથા. નંદલાલ વનેચંદ ૨૪૬
૩ ધનમિત્ર સાધુની કથા. ,, ૨૪૭

## ૧૦ પ્રકીર્ણ લેખો. ૮

૧ નવું વર્ષ. રા. તંત્રી. ૮
૨ ભૂલનો સુધારો. રા. તંત્રી. ૪૦
૩ સ્ફુટ નોંધ અને ચર્ચા. રા. તંત્રી. ૫૧-૯૫-૧૩૦-૧૬૭-૨૦૨-
૨૨૮-૨૬૦-૨૯૫-૩૨૯-૩૫૭-૩૮૭
૪ મણિલાલ જીવન અને અમે. રા. તંત્રી. ૯૬
૫ જૈન વિદ્યાશાળાઓ સંબંધી ખાસ સૂચના. રા. તંત્રી. અશાડ-મુખ પૃષ્ટ.
૬ દેવ દ્રવ્યને અંગે થયેલ ફેરફાર. કાર્તિક. ,,
૭ સ્પષ્ટવક્તાના લેખને અંગે અનુપ્રેક્ષા. માઘ ,,
૮ પશુ વર્ગના રક્ષકને ધ્યાનમાં આપવા લાયક ખબર. માઘ ,,

## ૧૧ વર્તમાન સમાચાર. ૮

૧ વર્તમાન સમાચાર. તંત્રી. ૬૧
૨ મુંબઇમાં મળેલી જૈનોની જંગી સભા. ૧૬૪
૩ મહાવીર વિદ્યાલયના વિદ્યાર્થીઓનું પરીક્ષાનું પરિણામ. અશાડ-મુખપૃષ્ટ.
૪ ઓરીસાના દુષ્કાળમાં સહાય કરવાની ફરજ. ભાદ્રપદ ,,
૫ જૈન વિદ્યાર્થીઓ અને પાઠશાળાઓને મદદ. ,, ,,
૬ અમદાવાદ જૈન શ્વેતાંબર બોર્ડીંગમાં ઇનામનો મેળાવડો. ૨૫૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૭ મ્હેસાણા પાઠશાળાનો ઇનામનો મેળાવડો. માર્ગશીર્ષ–મુખ પૃષ્ટ.
૮ શ્વેતાંબર દિગંબર વચ્ચે સમાધાનીની શરૂઆત. માઘ ,,

## ૧૨ ખેદકારક મૃત્યુની નોંધ. ૯

૧ વોરા હઠીશંગ ઝવેરચંદ. જ્યેષ્ટ–મુખ પૃષ્ટ.
૨ ભાઇ મોતીચંદ ઉજમચંદ. ૧૭૦
૩ લોકમાન્ય તીલક. ભાદ્રપદ–મુખ પૃષ્ટ.
૪ બાબુ સાહેબ રાય બુધસિંહજી બહાદુર. આશ્વિન ,,
૫ શા. જગજીવનદાસ મનસુખરામ ,, ,,
૬ શા. લક્ષ્મીચંદ વલભજી કાર્તિક–મુખપૃષ્ટ.
૭ શા. દેવશી ડાહ્યાભાઇ ,, ,,
૮ શા. કેશવલાલ રવચંદ ,, ,,
૯ માસ્તર રતનચંદ મુળચંદ. માઘ ,,
કુલ પૃષ્ટ સંખ્યા. ૩૯૮ કુલ નાના મોટા લેખ સંખ્યા. ૧૨૮.

## મંદાક્રાંતા.

જેવી રીતે, શશી ધરી કળા, પૂર્ણિમાએ પ્રકાશે,
તેવી રીતે, વિવિધ વિષયે, પૂર્ણ થઇ જે વિકાસે;
બોધો આપી, અધિકજ કરે, જેહ અજ્ઞાન નાશ,
તે દીર્ઘાયુ, અધિક વધજો, જૈન ધર્મ પ્રકાશ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

वांच्छा सज्जनसंगमे परगुणे प्रीतिर्गुरौ नम्रता ।
विद्यायां व्यसनं स्वयोषिति रतिर्लोकापवादाद् भयं ॥
भक्तिश्चार्हति शक्तिरात्मदमने संसर्गमुक्तिः खले ।
येष्वेते निवसंति निर्मलगुणास्तैरेव भूर्भूषिता ॥ १ ॥

પુસ્તક ૩૬ મું.] ચૈત્ર-વૈશાખ. સંવત ૧૯૭૬. વીર સંવત-૨૪૪૬. [અંક ૧ લો-૨

## श्री गोडी पार्श्वनाथजीनो छंद.

જય પરમ સુખકર પરમગુણધર પરમ ધામ નિકેતનં[1],
જય વિનત દાનવ દેવ માનવ વૃંદ મંગલકેતનં;
જય અશ્વસેન મહીધરાન્વય ગગન મંડન દિનકરં,
જય પાસ જિનવર વિઘનભયહર વિમલ કેવલ મંદિરં. ૧
જય પાસ ગોડી લબ્ધિ કોડી કારણ દુઃખ વારણં,
જે તુજ ધ્યાયે મન ઉમાહિં તાસ ભવ જલ તારણં;
શુભ ધ્યાન લહરિ હૃદય સહરિ જેણ તું આરાધિઓ,
તસ પુત્ર પૌત્રિ વર કલત્રે જગત્ર મહિમા વાધિઓ. ૨
જય ત્રિજગ ભૂષણ વિગતદૂષણ મોહરાજ પરાજયી,
જય જીવ રક્ષા કરણ વાણી કથક તું છે સંજયી;
જય મહા અડદસ દોસ વિજયી પરમ પદવી સંઠિયા,
જય સકળ મુનિવર હૃદયકમળે ભ્રમરની પરિ કયઠિયા. ૩
જય વિબુધ રંજન મદન ગંજન કરમરાશિ વિહંડનં,
જય પતિત પાવન સત્ય ભાવન વિશ્વ મહિમા મંડનં;
જય સિંહ અનલ ભુઅંગં સંગર જલધિ ગજ ભય ખંડનં,
જય રોગ બંધન ભીતિ વારણ પાપ કુંદ નિકંદનં. ૪

૧ સ્થાન.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીહાં વૃષ્ટિ થોડી ભૂમિ બોડી ઇતિ પોઢી દીસિએં,
તિણુ દેશ ગોડી પાસ નામે સકળ જગ મેં હિસિએં. ૨૦
આકાશતા એ રેણુ ચાલે તે સમીરણુ કારણે,
બહુ કોટી સંખ્યા બિંદુ બોલે અંક ઈકને ધારણે;
વલિ નાગ જડે ગરૂડ સાથે તે સ્વયંભૂને બળે,
સિરિ પાસ તુજ ગુણુ હું વખાણું આશ તે તુજથી ફળે. ૨૧
જલનિધિ સાથે વાદ કરતી જયવરે કિમ નીકડી,
સુરધેનુ સાથે દ્રોહ ધરતી જયવતી કિમ બોકડી;
સુરવૃક્ષ સાથે દર્પ ધરતો જયી હોયે કિમ સરસડો,
તિમ પાસ તોરા ભક્તિ સાથે કૂણુ વાદી પરગડો. ૨૨
તું ભીડ ભાવઠ ભંજનો મનમોહનો ચિંતામણિ,
સુરધેનુ પાદપ અધિક મહિમા કામકુંભ સુધાખણી;
મુખચંદ્ર નિરખી હૃદય હરખી શુદ્ધ પરખી વળી વળી,
આધાર શરણાગત શિવંકર ભક્ત કહે બિરૂદાવળી. ૨૩
ગતનેત્ર નર તે નેત્ર પામે બધિર નર તે સાંભળે,
પાંગળા નર તે નૃત્ય કરતા કળા સઘળીમાં ભળે;
જે મૂક લોકા વિગતશોગા સહુસ ગાથા ઉચ્ચરે,
શ્રી પાર્શ્વનાથ કૃપાળુ સાહિબ ભક્તિ જો તારી કરે. ૨૪
તું ભુવનમોહન કલ્લાસોહન વદન પાવન નામરી,
તું ભજન વિષયી જીહાં કરીજે ધન્ય તે પુર ગામરી;
પ્રભુ તાહરો છું ભવે ભવે હું અંક રહિત ગુલ્લામરી,
તુજ ચરણકમળે નિત્ય હોજો સેવકાંરિ સલ્લામરી. ૨૫
જે ગુણે મોટા નહિઅ ખોટા પુત્ર છોટા જાસરી,
જનકકેરી આણ માને ધન કમાઉ ઉલ્લાસરી;
વલિ ઋદ્ધિ વૃદ્ધિ સમૃદ્ધિ દીસે મંદિરે પ્રભુ તાસરી,
પ્રભુ પૂજીએ તું મૂરતિરૂપે નામે ગોડી પાસરી. ૨૬
ચંપગા મોગર જાય જૂઇ માલતી માળા ધરી,
કસ્તુરી કેસર ચંદ્ર ચંદન સુરભિ ગંધ ભેળાં કરી;
માણિક્ય મંડિત મુગટ કુંડલ તિલક હાર અલંકરી,
પ્રભુ પાસજીની કરે પૂજા તિણે સિદ્ધિવધુ વરી. ૨૭
ઢમઢોલ ઢમકે ડમરૂ ડમકે મરૂજના ધોંકારરી,
ભેરી નફેરી મદન ભેરી ઝલ્લરી રણકારરી;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પરવાદિના વર કચ્છપી સીરિમંડલાદિક રણુરણે,
પ્રભુ તાહરે દરબાર નિત્યે ઇસ્યા વાજાં ઝણુઝણે. ૨૮
વર કળાધારી રૂપ સારી મોહકારી કિન્નરી,
અપછરારૂપી અમૃત કુંપી અમરિ નાગરિ ખેચરી;
પ્રભુ તાહરૂં દીદાર જોતી જીસી તુતી બોલતી,
પ્રભુ તાહરે દરબાર નાચે સકળ ખેલા ખેલતી. ૨૯
આકાશ તારા ગણુન કીજે નામ લીજે અર્થના,
સુરશૈલ તોલ્યા તણી વંછે ભુજે કોઇ સમર્થના;
મુખ કોટિ જીહ્વા જઇવિ પામું નિરમળું કેવળ લહું,
સિરિ ગોડી પાસ જિણંદ તાહરા સકળ ગુણ હું કિમ કહું ? ૩૦
તુજ આણ માને એકતાને તાસ માને ઇહ ભવે,
સુર સયળ રાણા બહુ ગવાણા ક્રૂર ગ્રહ ન પરાભવે;
પ્રણવાદિ માયા બીજ સાથે પાસ જિણ તુહ જે જપે,
તસ કુશળમાળા સુખવિશાળા આણ બ્રહ્માંડે તપે. ૩૧
તપ ગચ્છ નાયક સૂરિ ગુરૂ સિરિ રાજસાગર ગણધરા,
તસ પટ્ટ નાયક સૂરિસુંદર વૃદ્ધિસાગર સુહંકરા;
ઉવઝાય શ્રી ગુરૂ શાંતિસાગર ચરણ પંકજ મધુકરા,
સિરિ ગોડી પાસ જિણંદ ગાયો બુદ્ધિસાગર જયકરા. ૩૨

**ઇતિ શ્રી ગોડીપાર્શ્વનાથ સ્તોત્રં સંપૂર્ણં.**

જુની હસ્તલિખિત પ્રત ઉપરથી સંશોધન કરી ઉતારો કરનારઃ—

પુરૂષોત્તમદાસ જયમલદાસ મહેતા.

નાણાવટ, પંડોલી પોળ—સુરત.

---

# શિયળવંતોનું પ્રાતઃસ્મરણ.

લબ્ધિવંત ગૌતમ ગણધાર, બુદ્ધિએ અધિકા અભયકુમાર;
પ્રહ ઉઠીને કરી પ્રણામ, શિયળવંતનાં લીજે નામ. ૧
પહેલા નેમિ જિનેશ્વરરાય, બાળ બ્રહ્મચારી લાગું પાય;
બીજા જંબુકુંવર મહાભાગ, રમણી આઠનો કીધો ત્યાગ. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ત્રીજા સ્થૂલીભદ્ર સાધુ સુજાણ, કોશ્યા પ્રતિબોધી ગુણખાણ;
ચોથા સુદર્શન શેઠ ગુણવંત, જેણે કીધો ભવનો અંત. ૩
પાંચમા વિજયશેઠ નરનાર, શિયળ પાળી ઉતર્યાં ભવપાર;
એ પાંચેને વિનતિ કરે, ભવસાયર તે હેલા તરે. ૪

## मनने उपदेश.

ધીરાની કાફીનો-રાગ.

મનવાજી મહારાજારે, વિચારીને રાજ્ય કરો;
દેશ તમારા ઝાઝારે, જીતી જીતી કબજે કરો.
ક્રૂર ભયંકર ક્રોધ ભોમિએ, છિનવ્યો શાન્તિ દેશ;
રસ કસવતી પૃથ્વી છે જેની, તેના તમો નરેશ.
માટે એ મેળવવારે, હૈયામાંહિ હામ ધરો. મનવાજી૦ ૧
હિંસા ચોરે લુંટી લીધો, અહિંસા કોષ અનૂપ;
પૈસા વિણ પાયમાલ થયા છો, હાલ ભિખારી ભૂપ.
પોઢો[1] કયમ પાલવશેરે, લગભગ આવી પહોંચ્યો મરો. મનવાજી૦ ૨
સુખ દેનારી પ્યારી તમારી, નિવૃત્તિ જે નાર;
પ્રવૃત્તિના ફન્દે ફસીને, ત્યાગી છે આ વાર.
જરા વિચારી જોશોરે, છુટયો નિર્મળ જળનો ઝરો. મનવાજી૦ ૩
જપ તપ યમ નિયમાસન સાધન, પ્રિયકર પ્રાણાયામ;
એ સર્વે પરિવાર તમારો, કીધો ફના તમામ.
દુઃખનો છે આ દહાડોરે, રાજ્યપ્રાપ્તિને પથ પરવરો. મનવાજી૦ ૪
મોંઘામાં મોંઘો આ માનવ, જન્મ સમયનો જોગ;
જ્ઞાન ખડ્ગ લેઈ કર મધ્યે, કાઢો કરમના રોગ.
સ્વાત્મ જ્ઞાનની સહાયેરે, અજીત દુઃખસિંધુને તરો. મનવાજી૦ ૫

## सफळ जीवन करवा विषे.

ગઝલ.

કરી ઉદ્ધાર જ્ઞાતિનો, અમર યશ તો તમે લેજો;
સુધારા જ્ઞાતિના માટે, જીવન અર્પી તમે દેજો. ૧

૧ ઉંઘી ગયે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પડ્યા છો ઘોર નિદ્રામાં, જરા જાગી તમે જોજો;
ભણાવા જ્ઞાતિબાળોને, જીવન અર્પી તમે દેજો. ૨
નકામું છે નકામું છે, વિના યશ આ જીવન આખું;
બનાવી તેહને ઉજ્વળ, જીવન અર્પી તમે દેજો. ૩
પડી સહુ સ્વાર્થબંધનમાં, બન્યા છો દાસ ઓરતના;*
ઉરે કર્ત્તવ્ય સમજીને, જીવન અર્પી તમે દેજો. ૪
સ્થપાવી પાઠશાળાઓ, કરો ઉદ્ધાર જ્ઞાતિનો;
કહે સુરઈદુ બંધુઓ, જીવન અર્પી તમે દેજો. ૫

અમીચંદ કરશનજી શેઠ.

સ્કુલ માસ્તર—વીસળ હડમતીઆ.

## स्त्रीने शिखामण.

લેખકઃ—શાહ. ભીખાભાઈ છગનલાલ.

મંદાક્રાંતા છંદ.

વ્હાલી બ્હેની ! પતિ રિઝવતી, સુંદરી તેહ સાચી,
વાતે વાતે, પતિ પજવતી, પાપણી એ પિશાચી;
જેને અર્પ્યું, તન જીવન તે, સ્વામીના સુખ દુઃખે,
રાચી રે'વું, મન વચનને, કાય એકત્ર યોગે. ૧
સ્વામી સાચું, ભૂષણ ગણવું, સર્વ છે તાસ પ્રેમે,
સોને ઢાંકી, પ્રીત ન પતિની, ધિક્ક એ હેમ ખેમે;
પ્રેમે પૂજે, સુભગ પ્રમદા, સ્વામીને સ્વર્ગ આપે,
આ સંસારે, વિષમ પથના, તાપ સંતાપ કાપે. ૨
દેવી સીતા, જનક તનયા, કાં ગયાં રામ સાથે,
તારાદેવી, પતિ વચનથી, થાય વેચાણ હાથે;
ત્યાગી તોયે, ભીમક તનયા, સ્વામીને મેળવે છે,
એ દષ્ટાંતો, ભગિની તમને, शुं कहो केळवे छे. ? ૩

* સ્રી અને લક્ષ્મીના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# નવું વર્ષ.

પરમાત્માની કૃપાથી આજે આ માસિક (હું) ૩૬ મા વર્ષમાં પ્રવેશ કરે છે, (કરૂં છું) મનુષ્યના આયુષ્યમાં જ્યારે ગણનામાં એક વર્ષ વધે છે ત્યારે તેના વાસ્તવિક આયુષ્યમાંથી એક વર્ષ કમી થાય છે, પરંતુ આવા પરમાર્થપરાયણ માસિકો યા લેખો કે સંસ્થાઓ માટે તેમ નથી, તેના આયુષ્યમાં વૃદ્ધિ તે તો ખરેખરી તેના પરમાર્થના કાર્યના સરવાળામાં વૃદ્ધિ છે. એક વર્ષમાં કરેલ પરમાર્થ–સદુપદેશ, સન્માર્ગદર્શકપણું, તેથી થયેલા ઉપકારની પ્રથમ કરેલા ઉપકારના સરવાળામાં વૃદ્ધિ થાય છે. જે પરોપકારપરાયણ મહાપુરૂષની જીંદગી એવી રીતેજ વ્યતિત થાય છે તેને માટે પણ એ રીતે વાસ્તવિક વૃદ્ધિજ સમજવી, બાકી સંસારમાં ખુંચેલા, મોહમાં નિમગ્ન થયેલા, લક્ષ્મીદેવીના ઉપાસક અને તેના સંરક્ષક જીવોની જીંદગીમાં તો એક વર્ષ જ્યારે વધે છે ત્યારે તેના વાસ્તવિક આયુષ્યમાં એક વર્ષ ઘટે છે એ ચોકસ છે. એટલા ઉપરથીજ કહેવત ચાલેલી છે કે–'મા જાણે મારો દીકરો મોટો થાય છે, પણ આયુષ્યમાંથી ઓછો થાય છે.'

આ માસિકે આજસુધી માત્ર પરોપકારપરાયણ જીંદગીજ ગાળી છે અને પરમાત્માની કૃપાથી તેમજ વર્તમાન મહાપુરૂષોની સુદષ્ટિથી તેમાં નિર્વિઘ્નપણું ઓતપ્રોત રહ્યું છે. શાસનઉન્નતિના કાર્યમાં, તેવાજ પ્રસંગમાં અને તેને અનુસરતા લેખો લખવામાંજ આ માસિકે આજસુધી સ્વધર્મ બજાવ્યો છે. કદાપિ પણ શાસનહીલણાના કાર્યમાં કે શાસનની ઉત્ક્રાંતિને હાનિ કરે તેવા પ્રસંગમાં પોતાના અંગીભૂત લેખદ્વારા દેખાવ આપ્યો નથી. આ ઔપચારિક સંભાવના છે, કારણકે લેખનો આધાર લેખક ઉપર છે અને લેખકનો આશય, અભિપ્રાય, વિચાર, મંતવ્યજ લેખદ્વારા પ્રદર્શિત થાય છે. તેમાં જો પૂર્વોકત ઉત્તમ હેતુ રહેલો હોય તોજ તેના લેખમાં તે ભાવ પ્રદર્શિત થઈ શકે છે.

આવા માસિકોએ નિર્વિઘ્નપણે ૩૫ વર્ષ પસાર કરવા અને તેમાં પોતાની ફરજ ન ચુકવી, અર્થાત્ વિપરીત પગલું લેખદ્વારાએ ન ભરવું તે તો પરમાત્માની કૃપા હોય તોજ બની શકે છે. આ માસિકના ખાસ લેખકો તો તંત્રી ઉપરાંત સન્મિત્ર કર્પૂરવિજયજી મહારાજ અને મૌક્તિક એ બે છે અને તેમના લેખોથીજ પ્રાયે ત્રણ ફારમ લગભગ રોકવામાં આવે છે. બીજા લેખકો પણ એવાજ ઉત્તમ આશયવાળા લેખો લખી મોકલે છે અને તેવા લેખો હોય તેજ પ્રગટ થાય છે; એટલે જ્યાં જેવી રીતે પોતાનો સત્કાર થાય તેમ હોય ત્યાં લેખકો તેવા પ્રકારના લેખો જ મોકલે છે એ હકીકત સ્વતઃસિદ્ધ છે. અન્ય ઉચ્છૃંખળ લેખકો પોતાના લેખો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આવા માસિક તરફ મોકલતા નથી અને તેવાનો અહીં સત્કાર પણ થતો નથી, એટલે કે કોઈનો અસ્વીકાર કરવો પડે તેવા લેખો પ્રાયે આવતાજ નથી.

મારી આંતરિક શોભાનો આધાર મારા તંત્રી ને લેખકો ઉપર છે અને બાહ્ય શોભાનો આધાર સારા પ્રેસ ઉપર અને મારા પ્રકાશકની ઉદારતા ઉપર છે. ઘણે ભાગે બાહ્ય શોભામાં તો હું બાળવયમાંથી આગળ વધીને મધ્ય વયમાં આવ્યું (ડીમી મટીને રોયલ અને બે ફાર્મના ચાર ફાર્મનું થયું) ત્યાર પછી વિશેષ ફેરફાર થયો નથી. હવે કાંઈક અન્ય માસિકોનું અનુકરણ કરવાની વૃત્તિથી મને સુંદર ચિત્રોવાળું કરવા મારા ઉત્પાદકો ધારે છે, પરંતુ હાલમાં માસિકને અંગે ચાલતી તમામ પ્રકારની મોંઘવારીના વખતમાં તેમ થઈ શકે તેમ નથી, તો પણ વહેલો મોડો તે વિચારનો થોડો ઘણો પણ અમલ થવા સંભવ છે.

આવી રીતે જ્યારે મારી શોભા પરાધીનજ છે ત્યારે ગતવર્ષમાં મારી આંતરિક શોભા કેવા પ્રકારની મારા આત્મભૂત લેખકોએ જૈન વર્ગ સન્મુખ રજુ કરી છે તે આજે નવા વર્ષમાં પ્રવેશ કરતાં સંક્ષેપમાં નિવેદન કરવું એ મારૂં કાર્ય છે; કારણ કે તેથી મારૂં કૃતજ્ઞપણું પ્રદર્શિત થાય છે, લેખકોનો ઉત્સાહ વધે છે અને નવા લેખકો તેવા પ્રકારના લેખો મોકલી મને શોભાવવા ઉદ્યુક્ત થાય છે.

ગત વર્ષમાં મારા અંગીભૂત ૮૫ લેખો ૩૯૬ પૃષ્ટમાં અને ૪૪ પૃષ્ટ પુરતા મુખ પૃષ્ટમાં પણ કવચિદ્ કવચિત મળીને આપવામાં આવ્યા છે. તેમાં ૨૪ લેખો પદ્યબંધ આપ્યા છે ને ૬૧ ગદ્યબંધ આપેલા છે. ગદ્યની અંદર પણ કવચિત સૂકતમુકતાવળીની જેમ પદ્યનો સંક્રમ પ્રાસંગિક થયેલો હોય છે. પદ્ય લેખો પૈકી પ્રારંભમાંજ માસ્તર શામજી હેમચંદ જેઓ ભાવનગરની જૈન વિદ્યાશાળાના મુખ્ય માસ્તર છે, તેમનો ભક્તામરસ્તોત્રના અનુવાદનો લેખ આપેલો છે. આ લેખ આગળ ચલાવવાના જ હતા, છતાં કાળકૃતિથી તે ત્યાંજ અપૂર્ણ રહી ગયો અને તેની પછી શરૂ કરેલ જૈન યાચક (ભોજક) ગીરધરલાલ હેમચંદ-કે જેઓ ઘણા સુશીલ છે તેમનો ઉપદેશ સપ્તતિકાના અનુવાદનો લેખ ૭ અંકમાં આપ્યો અને તે પૂર્ણ થયો છે. ત્રીજા પદ્ય લેખક ભીખાભાઈ છગનલાલના ૭ લેખો આવેલા છે. તેમાં અમારૂં વર્ણન એ લેખ ત્રણ અંકમાં છે. આ માસિકના પ્રાચીન લેખક કવી સાંકળચંદ અને દુર્લભદાસ મહેતાના બબે લેખ છે. સાંકળચંદ કવીની લેખિની બહુ અસર ઉપજાવે તેવી પ્રૌઢ છે. અમર નામધારી લેખકના બે પદ ટુંકા પણ અસરકારક છે. સિવાય અમીચંદ કરશનજી, અમૃતલાલ માવજી, દેવશી ડાહ્યાભાઈ, શા. અમૃત, ગુલાબચંદ મુળચંદ બાવીશી, પંન્યાસ અજિતસાગરજી, નંદલાલ વનેચંદ અને મુનિ કસ્તુરવિજયના એકેક પદ્ય લેખ છે અને એક લાજ કાઢવાનું કારણું એ નામનું પદ્ય તંત્રીને મળેલું પ્રગટ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



લેખ આગળ ચલાવવામાં આવશે. **મૌક્તિકના** લેખો દરેક અંકમાં આવશે. **પરમાનંદના** લેખો પણ પ્રકાશમાં આવશે. **ભક્તામર** સ્તોત્રનો અનુવાદ પૂર્ણ કરવામાં આવશે. **હિતશિક્ષાના રાસનું** રહસ્ય શરૂ રાખવામાં આવશે. **સન્મિત્ર-કર્પૂરવિજયજી** પોતાના લેખરૂપ પ્રાસાદીનું નવું નવું આસ્વાદન કરાવ્યા કરશે. બીજા દુર્લભદાસ કાળીદાસ, અમીચંદ કરશનજી, નંદલાલ વનેચંદ દફતરી, વકીલ નંદલાલ લલુભાઈ અને પદ્ય લેખક ભીખાભાઇ છગનલાલ વિગેરે અવાર નવાર પોતાના લેખો આપ્યા કરશે, દેવદ્રવ્યના વિષયને ચાલુ વર્ષમાં નિર્ણિત સ્થિતિ ઉપર મૂકવાને પ્રયત્ન કરવામાં આવશે, અને જેમ બને તેમ જૈનવર્ગમાં થયેલો ખળભળાટ શાંત થાય તેમજ શાસ્ત્રાધારે સરલ માર્ગ નીકળે એમ કરવામાં સ્વશક્તિનો ઉપયોગ કરવામાં આવશે. કેટલાક વિઘ્નસંતોષી અને ઉગ્ર સ્વભાવવાળા તેમજ પરિણામ પર્યંત દ્રષ્ટિ નહીં પહોંચાડનારા બંધુઓએ આ વિષયને બહુ ધુંચવી નાંખ્યો છે; એટલે સર્વત્ર શાંતિ થવા માટે તો બહુ સમયની જરૂર પડે તેમ છે, પરંતુ **शुभे यथाशक्ति यतनीयम्** એ સુત્રના આધારે યોગ્ય પ્રયત્ન કરવાની મારા ઉત્પાદકોની ઇચ્છા છે, બાકી તેમાં ફળીભૂત થવું તે તો પરમાત્માની કૃપાને આધીન છે; જો કે પરમાત્મા તો અહર્નિશ સર્વ જીવ ઉપર કૃપાળુજ હોય છે, પરંતુ આપણા ભાગ્યોદય તેરૂપે કાર્ય કરે છે.

ઉપર પ્રમાણેની મારા ઉત્પાદકોની ( મારી ) ઇચ્છા પ્રદર્શિત કરીને હવે હું નવા વર્ષમાં પ્રવેશ કરૂં છું. મારો માર્ગ નિષ્કંટક કરવો તે મારા વાંચકોના પણ હાથમાં છે. હાલમાં ચાલતી પારાવાર મોંઘવારીથી પ્રેસના અને કાગળ વિગેરેનાં ભાવ ત્રણ ગણા ઉપરાંત થવાથી મારા શરીરના બંધારણમાં મારા ઉત્પાદકોને ખર્ચ વિશેષ થવાનો સંભવ છે, તેથી કાંઇક વાર્ષિક મૌલ્યમાં વૃદ્ધિ થવાની સંભાવના થાય છે, પરંતુ વાસ્તવિક રીતે કાંઇ મારૂં તે મૌલ્ય નથી. મારૂં તો એક વાકય, એક લેખ કે એક પંકિત પણ અમૂલ્ય છે, આત્માના સાધ્યને સિદ્ધ કરનાર છે. ઐાપચારિક મૌલ્ય તો માત્ર મારા બાહ્ય દેહનું માપક યંત્ર છે. આ સંબંધમાં મારે વિશેષ કહેવાની આવશ્યકતા નથી. મારા વાંચકોનો મને પૂર્ણ વિશ્વાસ છે કે તેઓ ગમે તે મૌલ્યે પણ મારો લાભ લેતા અટકવાના નથી.

પરમાત્માની કૃપાથી હું નિર્વિઘ્નપણે મારા કાર્યમાં પ્રવર્તું એટલા માટે સુજ્ઞ લેખકો તથા પવિત્ર ગુરૂમહારાજાઓની પ્રાર્થના કરી પ્રારંભમાં બહુ બોલવું બીનજરૂરનું સમજી હું આગળ પગલાં ભરૂં છું. આશા છે કે મારી ઉપર ઉત્તમ પુરૂષોનો હાર્દિક આશીર્વાદ ઉતરશે અને મારૂં કાર્ય અવિચ્છિન્નપણે કરીને હું વિશેષ પ્રશંસાપાત્ર થઇશ.

કિંબહુના.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# श्रीमद् देवचंद्र कृत रत्नसार प्रश्नोत्तर.

( અનુસંધાન પુ. ૬૫ માના પૃષ્ટ ૩૧૦ થી )

પ્રશ્ન—ચાર પ્રકારની બુદ્ધિનું સ્વરૂપ સંક્ષેપથી સમજાવશો ?

ઉત્તર—૧ ઔત્પાતિકી બુદ્ધિના બળે રોહા કે અભયકુમારની પેરે પ્રથમ કયાંય દીઠા કે સાંભળ્યા વગર સમયસૂચક કાર્ય ( હાજર જવાબ વિગેરે ) કરી શકાય. વૈનેયિકી બુદ્ધિ ગુરૂ મહારાજનો યથાર્થ વિનય કરી મેળવી શકાય છે અને તેનાવડે ઇંગિત આકારાદિકવડે કોઇ પણ માણસના મનના ભાવ સહજમાં કળી શકાય છે. કાર્મણિકી બુદ્ધિ વિજ્ઞાન કળા તથા વ્યાપારાદિકના દ્દઢ અભ્યાસ–પરિચયથી પ્રાપ્ત થાય છે અને પારિણામિકી બુદ્ધિ વયની પરિપકવતા યોગે પ્રાપ્ત થઇ શકે છે.

પ્ર૦—અધ્યાત્મસારમાં ત્રણ પ્રકારના જીવ કહ્યા છે તે કયા ?

ઉ૦—૧ ભવાભિનંદી તે મિથ્યાદ્દષ્ટિ જીવો, જેને ભવ-સંસાર મીઠો લાગે છે. ૨ પુદ્‌ગલાનંદી જીવો, જેને પુદ્‌ગલ મમતા હજી છુટતી નથી તે ચોથા પાંચમા ગુણસ્થાનકે પણ વર્તતા હોય અને ૩ આત્માનંદી તે જ્ઞાન દર્શન તથા ચારિત્રરૂપ નિજ આત્મસ્વભાવજ જેમને પ્યારો હોય તે સાધુ–નિગ્રંથો જાણવા.

પ્ર૦—ત્રણ પ્રકારના વૈરાગ્યનું ટુંક સ્વરૂપ સમજાવશો ?

ઉ૦—૧ દુઃખગર્ભિત વૈરાગ્ય તે સંસારમાં અનેક પ્રકારનાં દુઃખોથી પીડા પામતો છતો, જીવ પુન્યના પ્રભાવે અનેક જીવોને સુખી થતા દેખી, વિષયસુખથી વિરક્ત થઇ; ધર્મ સન્મુખ થાય ખરો, પરંતુ તથાપ્રકારના સમ્યગ્ જ્ઞાનની ખામીથી સુખસામગ્રી મળતાં પ્રથમનો વૈરાગ્ય ફિક્કો પડી જતાં તે સુખશીલ પણ બની જાય છે; પરંતુ જો સદ્‌ભાગ્યે સદ્‌ગુરૂ યોગે સદ્‌બોધ પામી તેનામાં વિવેકકળા જાગે છે તો તે વૈરાગ્ય જ્ઞાનગર્ભિત થવા પામે છે. ૨ મોહગર્ભિત વૈરાગ્યવંત જીવ સ્ત્રી પુત્ર લક્ષ્મી પ્રમુખ વસ્તુના અભાવે સંસારથી કંટાળી તેથી વિરક્ત બને છે પણ અંતરની મોહવાસના જાગતી રહેતી હોવાથી અન્તરમાં કશી શાન્તિ વેદાય નહિ. ૩ જ્ઞાનગર્ભિત વૈરાગ્યવાળો જીવ સંસારનો એકાંતે ત્યાગી હોય, લુખી વૃત્તિએ સંસારમાં રહે અને પૂર્ણ મોક્ષાભિલાષી હોય.

પ્ર૦—ચાર પ્રકારના સંસારી જીવનું સ્વરૂપ સ્પષ્ટ સમજાવો.

ઉ૦—૧ સઘન રાત્રી સમાન, એટલે જેમ ઘમઘોર મેઘની ઘટાવડે આચ્છાદિત અમાવાસ્યાની રાત્રીમાં કશું સૂઝે નહિ, તેમ ગાઢ મિથ્યાત્વના ઉદયે જે જીવને કાંઇ પણ હિતાહિત, સત્યાસત્ય કે કૃત્યાકૃત્યની સૂઝ પડે નહિ તેવા ભવાભિનંદી મિથ્યાદ્દષ્ટિ જીવ જાણવા. ૨ અઘન રાત્રી સમાન એટલે મેઘ–વાદળ વગરની રાત્રીમાં જેમ ઘટપટાદિક સૂઝે છે, તેમ મિથ્યાત્વની મંદતાવડે ધર્મ સન્મુખ થવાય

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



યતઃ—સઘળું પરવશ તે દુઃખ લક્ષણ, નિજ વશ તે સુખ લહીએ;
એ દૃષ્ટે આતમ ગુણ પ્રગટે, તે સુખ કોને કહીએ રે,
ભવિકા, વીર વચન ચિત્ત ધરીએ. ૧

નાગર સુખ પામર નવી જાણે, વલ્લભ સુખ ન કુમારી;
અનુભવ વિણ તેમ ધ્યાન તણું સુખ, કોણ જાણે નરનારી રે. ભવિકા૦ ૨
વિષય ભોગ ક્ષય શાંત વાહિતા, શિવ મારગ ધ્રુવ નામ;
કહે અસંગ ક્રિયા ઇહાં યોગી, વિમળ સુજશ પરિણામ રે. ભવિકા૦ ૩

પ્ર૦—ઉત્સર્ગ અને અપવાદ માર્ગ એકજ આત્માર્થીપણા રૂપ સાધક દશા જ છે તે શીરીતે ?

ઉ૦—ત્રણ ગુપ્તિ એ ગુપ્ત રહેવું એ ઉત્સર્ગ માર્ગ અને પ્રયોજન વિશેષે પાંચ સમિતિએ સમિતા થઈ ચાલવું તે અપવાદ માર્ગ. એ ઉભય મોક્ષસાધક દશા રૂપજ છે. પ્રથમનો માર્ગ અત્યંત કઠીન છે. તેમાં જ્યારે સંપૂર્ણ ટકી ન શકાય ત્યારે તેથી કંઈક કોમળ આલંબન લઈ ફરી મનને પૂર્વલા માર્ગમાં સ્થિર કરવા પ્રયત્નશીલ બનવું એ બીજો અપવાદ માર્ગ પણ કારણે ભવભીરૂ સરલ–ભદ્રક પરિણામીને હિતકારી જ થાય છે; પરંતુ તે સાપેક્ષ દ્રષ્ટિવંતને ફાયદો કરી શકે છે. નિરપેક્ષપણે વર્તનાર અને ખોટો ડોળ કરનારને તો તે કેવળ કલેશકારીજ થવા પામે છે.

પ્ર૦—પાંચ નોધમ્મિયા ( અધર્મી ) પ્રાણી કહ્યા છે તે કયા ?

ઉ૦—૧ જ્ઞાત કુળથી ભ્રષ્ટ–વંઠેલા જીવ, ૨ ધર્મ ખાતાના નિઃશુક પરિણામે હરામ દાનતે પગાર ખાનારા તથા દેવદ્રવ્ય, ગુરૂ દ્રવ્ય, જ્ઞાન દ્રવ્યાદિકના ખાનારા, ૩ વિષયલોલુપી, ૪ વ્યભિચારવડે સાંઢણીના પેઠે અવતરેલા, અને ૫ દેવગુરૂ ધર્મની નિંદા કરનારા–એ પાંચ નોધમ્મિયા કહ્યા છે.

પ્ર૦—જીવને પરભવનું આયુ શી રીતે બંધાય છે તથા તે કેટલા પ્રકારનું છે ?

ઉ૦– સોપક્રમી અને નિરૂપક્રમી એ બે પ્રકારનું આયુ હોય છે. તેમાં યુગલિક મનુષ્ય અને તિર્યંચ તથા તીર્થંકરાદિક ત્રેશઠ શલાકા પુરૂષ તથા ચરમ શરીરને તો નિરૂપક્રમી આયુષ બંધાયું હોય છે. બીજાને સોપક્રમી પણ હોય છે. દેવ અને નારકીને સ્વભવ આયુ છ માસ બાકી રહેતાં પરભવ આયુ બંધાય છે. બીજાને ઘણું કરીને સ્વભવ આયુમાં ત્રીજો ભાગ બાકી રહે ત્યારે અને છેવટે અંતર્મુહુર્ત બાકી રહે ત્યારે ત્રણ આકર્ષ ( ડચકાં ) વડે આયુ કર્મનાં પુદગલોને આકર્ષી પરભવાયુ બંધાય છે. (અંત ર્મુહૂર્તમાં) ઇતિશમ્.

સન્મિત્ર કર્પૂરવિજયજી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# एक सुज्ञना अंतःकरणना उद्गारो.

સર્વે જીવો સુખી થાઓ. સર્વ જીવો આનંદમાં રહો. પરસ્પરની ઇર્ષા ન કરો. અદેખાઇ ન કરો. એક બીજાનું ભલું ઇચ્છો. સૌના સારામાં રાજી રહો. કોઇને પણ સુખી દેખીને પ્રસન્ન થાઓ. દુઃખી દેખીને દીલમાં દુઃખી થાઓ. કોઇ જીવ પાપ ન કરો. પાપથી દૂર રહો. પાપ એ શબ્દજ અનીષ્ટ છે. તેનાં ફળ કડવાં છે. પાપ બાંધતી વખત ખબર પડતી નથી. તેનાં ફળ ભોગવતી વખતે બહુ અનિષ્ટ લાગે છે. ઉત્તમ મનુષ્ય તેજ કે જે પ્રથમથી ચેતે, મધ્યમ પુરૂષ તે કે જે દુઃખ પડે ત્યારે ચેતે; અધમ મનુષ્ય તે કે જે દુઃખ પડ્યા છતાં તેવોને તેવો રહે--ચેતે નહીં. કોઇની ઉપર ક્રોધ ન કરો. ક્રોધ કરો તો પોતાની ઉપર કરો. પોતાના દુર્ગુણ ઉપર કરો. પોતાના દુર્ગુણ જોઇને શરમાઓ. જગતમાં સદ્ગુણનીજ શોભા છે. જગત્માં સદ્ગુણીજ સર્વત્ર માન પામે છે. અભિમાન કોઇ પણ બાબતનું ન કરો. લક્ષ્મી ગમે તેટલી મળે તો પણ ફુલાઓ નહીં. તમારી જેવા ને તમારાથી અધિક અનેક લક્ષ્મીવંતને જુઓ, તેના સામી દૃષ્ટિ કરો. નિર્ધન તરફ જોશો નહીં. તેની તરફ તો દયા કરો. તેને સહાય આપો, તેને ઉંચા લાવો, તમારી જેવા થાય એમ ઇચ્છો. વધારે ભણ્યા હો તો તેનું અભિમાન ન કરો, અભિમાનનું ઘર ખાલી છે. અભિમાન આવ્યા પછી આગળ વધી શકાતું નથી. જગતમાં અભિમાનીની કિંમત બહુ અલ્પ થાય છે. અભિમાન એ વિદ્યાનું અજીર્ણ છે. તમારો યશવાદ બોલાતો હોય તો તેથી પણ ફુલાઇ ન જશો. આજ જશ બોલનારા કાલેજ પાછા અપજસ બોલશે. જશને જાળવી રાખવાનો પ્રયત્ન કરો. મળેલો જશ ચાલ્યો જતાં વાર લાગતી નથી. તેને માટે સદા સાવધાન રહો. તમારી કરતાં વધારે ઉત્તમ કાર્ય કરનારા અને જેનો મૃત્યુ પામી ગયા છતાં પણ અદ્યાપિ યશ બોલાતો હોય તેના તરફ દૃષ્ટિ કરો. નીચી નજર તો કરશોજ નહીં. નીચી નજર તો નીચે જવું હોય-નીચા થવું હોય તો રાખો. સરલ હૃદયના રહો, કપટ ન કરો, માયાવીને જગત્ ઓળખી કાઢે છે. જગત્ પાસે છાનું રહી શકતું નથી. સરલતા જેવું સુખ નથી. સરલ મનુષ્યનો જગત બધું વિશ્વાસ કરે છે. માયાવીનો કોઇ વિશ્વાસ કરતું નથી. તેનાથી ઠગાવાનો સર્વને ભય રહે છે. માયાવીમાં ગુણ ટકી શકતા નથી. તેને પણ તેની માયાનો ભય લાગે છે. અતિ લોભી ન થાઓ. લોભ પાપનું મૂળ છે. પાપનો બાપ લોભ છે. સર્વ પ્રકારનાં પાપ લોભમાંથી ઉદ્ભવે છે. લોભી ન કરે એવું એક પણ પાપ નથી. કામાંધ, ક્રોધાંધની જેમ લોભી પણ લોભાંધ કહેવાય છે. તેની આંખો મીંચાઇ જાય છે. પહેલાં જે રકમ બહુ મોટી લાગતી હોય છે તે પોતાને મળ્યા પછી નાની લાગે છે. અનેક પ્રકારના પાપસ્થાનકો સેવાય ત્યારેજ લક્ષ્મી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



મળે છે, એટલુંજ નહીં પણ મળેલી લક્ષ્મી અનેક પ્રકારના પાપ કરવાને પ્રેરે છે, તે સ્થિર રહી શકતી નથી. લક્ષ્મીને સ્થિર રાખવાનો ઉપાય માત્ર ધર્મ છે, છતાં લોભી મનુષ્ય તેનો પાપકાર્યમાં ઉપયોગ કરીને-પાપવ્યાપાર કરીને-મોટા આરંભ સમારંભના કામો આદરીને તેને સ્થિર કરવાનો-વધારવાનો પ્રયાસ કરે છે. લોભી મનુષ્ય લક્ષ્મી વધારવા તરફજ દૃષ્ટિ કરે છે, પણ પોતાનું પુણ્ય ખવાતું જાય છે-તે તરફ દૃષ્ટિ કરતો નથી. કુપથ્ય કરીને આરોગ્ય મેળવવા જેવો તેનો પ્રયત્ન છે. પરંતુ કુપથ્ય કરવાથી અનારોગ્ય વધે છે, તે તરફ તેની દૃષ્ટિ જતી નથી. લક્ષ્મી વધવાથી વિષયબુદ્ધિ વૃદ્ધિ પામે છે. પાપનાં કાર્ય વધવા માંડે છે. નવી સ્ત્રી પરણવા ઇચ્છા થાય છે. નવા કારખાનાં કાઢવામાં પ્રવર્તે છે. વિષયનાં સાધનો વધારે જોડે છે. વધારે વધારે વિષયો સેવે છે. તેને પરિણામે વધારે કર્મબંધ કરે છે. પ્રથમાવસ્થાના નિયમોને ભૂલી જાય છે-નિયમોનો લોપ પણ કરે છે, ભવભીરૂનું આ લક્ષણ નથી. ભવભીરૂ જીવો તો જેમ બને તેમ પાપથી ન્યારા થવા-ભવ ભ્રમણ ઘટે તેમ કરવા પ્રયાસ કરે છે. ઉત્તમ જીવો ઉપરનાં વાક્યો વાંચી બની શકે તેટલાનો સ્વીકાર કરશે એમ ઇચ્છી હાલ તો વિરમું છું.

---

## श्री धर्मदास गणीना मनन करवा लायक सद्वाक्यो.

૧ પોતાના કરેલાં પાપોના ફળો ચાખતાં તું બીજા ઉપર કોપાયમાન ન થા, બીજાને નિમિત્ત માત્ર જાણ.

૨ ગમે તેવા અપરાધ કરનારને તું ક્ષમા આપ-તેના ઉપર ક્ષમા કર.

૩ ભણેલું, ગણેલું, જાણેલું અને આત્મ સ્વરૂપ ચિંતવેલું પણ શિયલ વિનાના માણસનું અપ્રમાણ છે.

૪ બીજાની નિંદા નહિ કરતાં તારા આત્માનીજ નિંદા કર.

૫ પરનિંદા કરનાર પોતે અવગુણી બને છે.

૬ પોતાની સ્તુતિ, પરનિંદા, જીવ્હાનું લોલુપીપણું, સ્ત્રી પુરૂષની અભિલાષા, ક્રોધાદિ કષાય-એ ગુણોનો નાશ કરે છે.

૭ સત્પુરૂષ સ્વલ્પ બોલે પણ મધુર, ગર્વ રહિત, બુદ્ધિએ વિચારીને સત્ય બોલે.

૮ બહુ જોએલું અને બહુ સાંભળેલું સર્વ બોલવા લાયક હોતું નથી.

૯ શત્રુઓ જેટલો અનર્થ નથી કરતા તેના કરતાં વધારે રાગ દ્વેષ કરે છે.

૧૦ પૃથ્વી બે પુરૂષોવડે સુશોભિત છે. ઉપકારી અને ઉપકારને નહિ વિસરનાર.

૧૧ વિષયો આરંભમાં રમ્ય લાગે છે પણ પરિણામે અત્યંત ભયંકર છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૨ જ્યાંસુધી જરાની પીડા ન થાય, ઇંદ્રિયોની હાનિ ન થાય અને વ્યાધિ પીડે નહિ ત્યાંસુધીમાં આત્માને હિતકર કાર્ય કરવામાં જોડ

૧૩ એક ભવના શત્રુ કરતાં અનંતા ભવના શત્રુઓથી ચેત

૧૪ કયા દિવસે મૃત્યુ છે તે નહિ જાણતો મરણના મુખમાં રહેલો જીવ આશારૂપ પાશમાં બંધાઇ જઇ સત્કાર્ય કરતો નથી તે પાછળથી પસ્તાય છે.

૧૫ જન્મ, જરા, મૃત્યુ, આધિ, વ્યાધિ, વિયોગ અને ગર્ભાદિ દુઃખોથી કંટાળેલા જીવો અત્યંત નીચ જનોએ કરેલા અપરાધોને પણ ક્ષમા અર્પે છે.

૧૬ જો તું સંપ કરવા ઇચ્છતો હોય તો બીજા માણસો તને દુઃખ લાગે તેવું બોલે તે તું સહન કર અને તું એવું બોલ કે બીજાને દુઃખ સહન કરવું ન પડે.

મુ. કમલવિજય.

# जिनचैत्यादिक संबंधी बे बोल.

( લેખક—સન્મિત્ર મુનિ કર્પૂરવિજયજી. )

શ્રીમદ્ હરિભદ્ર સૂરિકૃત ષોડશક અને પંચાશકાદિ પ્રથોમાં જિનચૈત્ય પૂજા વિધિ તથા ચૈત્યવંદન વિધિ પ્રમુખ કઇક ઉપયોગી વિષયો સ્પષ્ટ રીતે ચર્ચવામાં આવેલા છે. વિધિરસિક જનોએ એ સકળ ગ્રંથોનું રહસ્ય જાણવા જરૂર ખપ કરવો જોઇએ. સંક્ષેપરૂચિ જનોને તેનું કંઇક રહસ્ય જાણવા ઇચ્છા હોય તો ભાષ્યત્રયના ગુજરાતી ભાષાંતરમાં જે ત્રણ પંચાશકોની વ્યાખ્યા દાખલ કરવામાં આવી છે તે મનન કરી જવા ભલામણ કરવામાં આવે છે. એ ઉપરાંત સુમતિ ચારિત્રરાજના સંવાદ સાથે ષોડશકાદિક ગ્રંથોમાંથી ઉદ્ધરી ઉક્ત વિષય સંબંધી જે કંઇ સંક્ષિપ્ત પણ ઉપયોગી સંગ્રહ કરવામાં આવેલ છે તે પણ લક્ષપૂર્વક વાંચી વિચારી લક્ષમાં લેવા ભલામણ છે. જિનચૈત્ય કરાવવાનો અધિકારી કોણ હોઇ શકે? તેનામાં કેટલી યોગ્યતા હોવી જોઇએ? તે કેવો આજ્ઞારસિક તથા સેવારસિક હોવો જોઇએ? જીવજયણા માટે તેને કેટલું બધું લક્ષ હોવું જોઇએ? તે કેવો ઉદાર ને પરોપકાર-શીલ હોવો જોઇએ? તે બધું સમજવા યોગ્ય છે. પ્રથમના વખતમાં બહુધા શાસ્ત્રોક્ત વિધિ મુજબ અધિકારી જનોજ ચૈત્યાદિકનું નિર્માણ કરતા અને તેની રક્ષા-સંભાળ પણ રાખતા; અત્યારે બહુધા ગતાનુગતિકતાનું જોર વધતું જાય છે અને શાસ્ત્રોક્ત વિધિ તરફ આદર ઓછો થતો જણાય છે. આગલા વખતમાં ઉદાર રાજાઓ તીર્થરક્ષાદિક માટે કેટલાએક ગામો બક્ષીસ આપી દેતા હતા, અત્યારે તીર્થની રક્ષા કરવા નિર્માયેલા રાજાદિક તથા વ્યવસ્થાપકો સુદ્ધાં દ્રવ્ય યાદિકનું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રક્ષણ કરવાને બદલે બહુધા તેનું ભક્ષણ કે ઉપેક્ષા કરતાં જણાય છે. વ્યવસ્થાપકો કેવળ નામનાજ થઇ ગયેલા દેખાય છે. વ્યવસ્થા સાચવવા બહુજ થોડું લક્ષ આપતા રહે છે, તેમ છતાં સત્તા માટે તો મરી પડે છે. વ્યવસ્થાપકોને માથે જે ભારે જવાબદારી રહેલી છે તેનું તેમને ઠીક ભાન થવા પામે અને કેવળ સત્તાનોજ લોભ રાખી નહીં નિરંતર પોતાનું કર્તવ્ય યથાર્થ સમજી સ્વકર્તવ્યપરાયણ રહી અન્ય મંદ પરિણામી વ્યવસ્થાપકોને રૂડા દાખલારૂપ બને એમ આપણે ઇચ્છીશું. દેવદ્રવ્યાદિકની રક્ષા તથા વૃદ્ધિ કરવાનો જે પવિત્ર હેતુ શાસ્ત્રકારે સમજાવેલ છે તે નિજ લક્ષમાં રાખી પ્રમાદ રહિત તેની સાર્થકતા કરવા સાવધાન બને એટલું ઇચ્છી હાલ વિરમશું.

ઇતિશમ્.

# ऋजुवालुकाने तीरे.

વીર પરમાત્માના નામસ્મરણ સાથે આખી રાત્રી શાંત નિદ્રામાં વ્યતીત થઇ. સેંકડો વર્ષ પહેલાં પરમાત્માને જગત્તત્ત્વનો પ્રકાશ થયો હશે. આખા જીવનના ભુતભાવી ભાવો હસ્તામલક જેવા દેખાયા હશે, જીવનના સવાલોનો નિર્ણય થઇ ગયો હશે; સંસારપ્રવાહના પડદા ખુલી ગયા હશે, અનંત જીવોના શાશ્વત સુખો અને અનંત જીવોના જીવન કાળદોના સાક્ષાત્કાર થયો હશે તે વખતે કેવી અદ્ભુત દશા પ્રાપ્ત થઇ હશે. કેવો અનિર્વચનીય આનંદ થયો હશે, કેવો આત્માનુભવ રસ રેલી રહ્યો હશે, કેવી શાંતિ પ્રસરી રહી હશે! તેની કલ્પના આખી રાત અંતરાત્મા નિદ્રામાં કરતો રહ્યો. શાંત સ્થાનનું સુંદર વાતાવરણ, અત્યંત સૌંદર્યથી ભરપૂર વનરાજી, ચોતરફ હસતી કુદરતી પૂર્ણ જોસમાં પશ્ચિમમાં પ્રકાશી રહેલ શાંત ચંદ્રજ્યોત્સ્ના, આકાશમંડળમાં નૃત્ય કરી રહેલ તારા નક્ષત્રોનો સમુદાય, ઝળઝળાયમાન થતું તેનું અતિ સુંદર ડોળિયા કરતું તેજ, પૂર્વ દિશામાં ઉગેલ શુક્રનો વૈભવ, માથે આવી રહેલ બૃહસ્પતિ અને બાજુમાં હસતા શાંત સપ્તર્ષિઓનો સમૂહ, સખત ઠંડી છતાં ચારે તરફ નજર આકર્ષી રહ્યા, પ્રેરણા કરી મનને ખેંચવા લાગ્યા. નિદ્રા અને સ્વપ્નદશાનો ત્યાગ થઇ ગયો, શ્રીવીરના જીવનપ્રસંગો એક પછી એક આંખ પાસે તરવરી રહ્યા, એમના પર ગોવાળે કરેલા ઉપસર્ગો સન્મુખ સ્થિત થયા, ગોપે કાનમાં ખીલા નાખવાનો પ્રસંગ સામે અનુભવ્યો, ખીલા બહાર કાઢતાં જાણે રાડ પડતી હોય, સામેની શિલામાં ફાટ પડતી હોય એમ લાગ્યું. ચંડકોશીઆની ભયંકર ફણાઓ સામે દેખાણી, 'બુઝ ચંડકોશીઆ! બુઝ' શબ્દ મહાત્માના ગંભીર શાંત સ્વર સાથે નીકળતા જણાયા, ગોશાળાના અનેક ઉપદ્રવો અને પ્રસંગો પસાર થતા જણાયા, સિદ્ધાર્થ પ્રભુ સન્મુખ ઉભેલો જણાયો,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ભયંકર ઉપદ્રવો કરી થાકી સંગમ પાછો જતો હતો તે વખતે પ્રભુની આંખમાંથી નીકળતા કરૂણાશ્રુ દેખાયાં, કાયોત્સર્ગ મુદ્રાસ્થિત પ્રભુના પગ પર ખીર રાંધતો ગોવાળીયો દેખાયો અને જાણે એ સર્વ દુઃખનો એકદમ છેડો આવી જતો હોય, સર્વ ઘુંચોનો નિર્ણય થઇ જતો હોય, સર્વ કચવાટોનો અંત આવતો હોય, તેવી રીતે એક કાળું શરીર પ્રભુના સુવર્ણ દેહમાંથી નીકળી દૂર જતું જણાયું, ચારે તરફ પ્રકાશ થઇ જતો દેખાયો, આખા વિશ્વમાં પ્રકાશ પ્રસરતો જણાયો અને ચંદ્ર જ્યોત્સ્ના અને પ્રભુનો પ્રકાશ ચારે તરફ એક થઇ જતા જણાયા. બાજુમાં ખળખળ કરતી ઋજુવાલુકા ચાલી જાય છે, પક્ષીઓ ઝાડમાં અવાજ કરે છે, સાથેના યાત્રાળુઓ હજુ નિદ્રામાં પડ્યા છે ત્યાં આ દૃશ્ય ધર્મશાળાની બહાર અનુભવી, ઠંડીનો અનુભવ કરી ધર્મશાળાના દ્વાર પર ખડા થતાંજ સાથે આવેલા મુમુક્ષુ પૈકીના એકે ગાન લલકાર્યું. ભૈરવની ઘટના ચાલી, લય સાથે ગાન થયું—

ચલના જરૂર જાકું, તાકું કૈસા સોવણા. ચલના૦
ભયા જબ પ્રાતઃકાળ, માતા ધવરાવે બાળ,
જગ જન કરત હે, સકળ મુખ ધોવણા. ચલના૦
સુરભિકે બંધ છૂટે, ઘુવડ ભયે અપુઠે,
ગ્વાલ બાલ મિલકેં, બિલોવત વલોવણાં. ચલના૦
તજ પ્રમાદ જાગ, તું ભી તેરે કાજ લાગ,
ચિદાનંદ સાથ પાય, બિરથા ન (આયુ) ખોવણા. ચલના૦

એક બાજુ વીરપરમાત્માની પરમ જ્યોતિનો લય લાગી રહ્યો હતો, તેવામાં આ પ્રેરક ગાન સાંભળી ચિત્ત ચમક્યું. બોલનારનો અત્યંત સુંદર રાગ, લય અને તાનપૂર્વક ગાવાની શુદ્ધ પદ્ધતિ, કંઠનું રસિક માધુર્ય અને ચોતરફનું તદ્દન શાંત વાતાવરણ હૃદય પર સચોટ અસર કરતું હતું. ગાનાર દરેક પદ ચાર પાંચ વાર બોલી 'ચલના જરૂર જાકું તાકું કૈસા સોવણા' એ લય તો લગભગ દશ બાર વાર બોલતો હતો, તેની હૃદય પર અનિર્વચનીય અસર થતી હતી, શુદ્ધ વાતાવરણની આંતર અસરનો સાક્ષાત્કાર થતો હતો.

એ પ્રત્યેક લય વખતે મનને નવીન નવીન ભાવનાઓ થતી હતી, હૃદય અનવા બનાવો પર સ્થિત થતું હતું, મગજ અનુભવેલી જુની વિચારસૃષ્ટિ પર કલ્પના જાળ પાથરી બેસતું હતું, ભવ્ય કલ્પનાઓ, દૃશ્યો, ચિત્રો સ્મૃતિપથમાં પસાર થતા હતા અને અનેક પ્રકારની શાંત લાગણીઓ અને જીવનકલહના ફાંફાંઓની અલ્પતા જોતા હતા. 'ચલણા જરૂર.' આ વાત સાચી હશે, જરૂર જવાનું જ છે તો પછી અહીં ઘરબાર કોને માટે બાંધ્યાં ? શા માટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પોતાનાં માન્યાં ? એ માન્યતા થવાનાં કારણો શું ? એ માન્યતા ખોટી છે તો પછી આખી ઇમારતના પાયાજ ખોટા છે અને ખોટા પાયાપર બાંધેલી ઈમારત કેવી રીતે અને કેટલો કાળ ટકશે ? પાયા બેસી જશે ત્યારે પછી શું થશે ? અને ખોટી કલ્પના કરી પોતાની માનેલી વસ્તુ છોડી જશે અથવા છોડવી પડશે ત્યારે મનપર કેવી અસર થશે, કેવી સ્થિતિ થશે ? એનો જરા ખ્યાલ આવ્યો અને ચાલ્યો ગયો.

ત્યારે ચાલવાનુ તો જરૂર છે. પછી કેટલીક યાત્રાનું ચલન યાદ આવ્યું, છેલ્લા થોડા દિવસોથી કરેલી યાત્રાની મુસાફરીને અંગે ચાલવાનું થયા કરતું હતું તે પણ યાદ આવ્યું, વ્યવહારમાં રાત્રે ઉંઘતા હતા તે યાદ આવ્યું, ધનપ્રાપ્તિના જીવનકળાહો યાદ આવ્યા, સગા સંબંધીના માની લીધેલા વ્યવહારો યાદ આવ્યા, આખો સંસાર જાણે ચાલ્યો જતો હોય, સાધ્યના ઠેકાણા વગર દોડાદોડ કરતો હોય, પાછો ચક્રમાં પડી તેજ સ્થાનકે આવતો હોય અને નકામી અર્થ વગરની દોડાદોડ કરતો હોય, કેટલીક વાર ચાલતો હોય અને કેટલીકવાર દોડતો હોય એમ જણાયું. આવી રીતે ચલન અને સ્થિરતા વચ્ચે હિંચોળા ખાતું મન વળી વિચારમાં પડ્યું કે 'ચાલણા જરૂર તો પછી સુવું કેમ ?' આ યાત્રાળુઓ, મિત્રો અને સહચારીઓ ઉંઘે છે, આપણું સાધ્ય તો યાત્રાનું છે, તીર્થ હજુ દૂર છે, એના ગગનચુંબિત શિખરો હજુ દૂર દેખાય છે, ત્યાં પહોચવું છે. તો આ સર્વે કેમ ઉંઘે છે ?

ત્યારે આપણે સર્વ વાસ્તવિક રીતે ઉંઘીએ છીએ કે જાગીએ છીએ ? આ વિચારની સાથે વળી 'ચલના જરૂર જાકું તાકું કૈસા સોવણા ?' એ લય હૃદયપર જામી ગયો, એનાપર વિચારણા ચાલવા માંડી, એ લય ફરી ફરી સંભળાવા લાગ્યો અને આખા જીવનપટના દર્શન થવા લાગ્યા. આપણે ચાલવાનું છે તો પછી શા માટે સુઇ રહીએ છીએ ? ત્યારે ચાલવાનું એટલે શું ? પગ વડે આગળ વધવું તે પણ ચાલવું કહેવાય ! શરીર છોડી ચાલ્યા જવું એ પણ ચાલવું કહેવાય ! નીચે પ્રયાણ કરવું એ પણ ચાલવું કહેવાય, પાછા હઠવું એ પણ ચાલવું કહેવાય, આગળ વધવું તે પણ ચાલવું કહેવાય, સાધ્ય લક્ષ્યમાં રાખી તે તરફ પ્રયાણ કરવું એ પણ ચાલવું કહેવાય, સાધ્યના ઠેકાણા વગર દોડાદોડી કરવી એ પણ ચાલવું કહેવાય, વર્તુળમાં દોડાદોડી કરી હાલી ચાલીને ઘણા શ્રમને પરિણામે પાછા ત્યાં ને ત્યાંજ આવવું એ પણ ચાલવું કહેવાય અને સર્વ સંબંધ છોડી નિવૃત્તિનિવાસમાં ગમન કરવું એ પણ ચાલવું કહેવાય ! આ ચલવાની વાત તો બહુજ વિચારવા લાયક છે. આ રીતે જોતાં તો આખી દુનિયા એક અથવા બીજા પ્રકારે ચાલ્યાંજ કરે છે, ચેતના લક્ષણમાંજ ચાલવાનો ભાવ અંતર્ગત હોય એમ દેખાયું. પછી તો નિગોદથી માંડી સર્વ જીવોમાં ચલક્રિયા થતી દેખાઈ, કોઇમાં એક પ્રકાર તો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કોઇમાં ચલનનો ઉપર જણાવેલો બીજો પ્રકાર તો કોઈમાં અન્ય પ્રકાર, પણ ચલન તો સર્વત્ર નિયમસર જણાયું. અહા હા! ત્યારે આખું જીવન ચલનપરજ રચાયલું છે અને જીવનવ્યવહાર પણ ચલનપરજ થોભાયલો જણાય છે, તો પછી આપણે શા માટે એમ્રી રહેવુ ? તે વખતે ચાર રાજલોક જાણે આગળ ચાલતુ હોય, હલીચલી રહ્યું હોય અને સર્વત્ર દોડ દોડ થઇ રહેલી હોય એવા ભાસ થયો.

પણ એ સર્વ ચલનો દેખાય છે તેમાં ઠેકાણું કયાં છે ? કેટલાકો તો ખાલી દોડાદોડ કરે છે, કેટલાક દોડાદોડનો અર્થ પણ સમજતા નથી, કેટલાકની બુદ્ધિ ઘણી મર્યાદામાં બંધાઇ રહેલી દેખાય છે, કેટલાક ચાલવાની વાતપર વિચારજ કરતા નથી, માત્ર સર્વની સાથે ઘસડાયા કરે છે અને અર્થ વગરના-ઠેકાણા વગરના પછાડા મારે છે. જેઓની વિચારશક્તિ ખીલેલી નથી એવા નીચેની હારમાં રહેલા જીવનોના ચાલવામાં તો ઘણા ખરા ખોટા પછાડાજ દેખાયા, પછી મનુષ્ય જીવનપર લક્ષ્ય ગયું, ત્યાં કોઇ કોઇ જગોએ સરખાઈ દેખાણી, ઘણા ખરા મનુષ્યો તો જીવનકલહમાં સબડાતા જણાયા, સવારથી સાંજ સુધી શારીરિક કે માનસિક મજુરી કરી ઇંદ્રિયના ભોગો ભોગવવામાં આસક્ત થયેલા અને ધન એકઠું કરી ઘરબાર ચણાવવામાં, નકામી દેશ, રાજ્ય, કે આ, ભોજનની વાતો કરવામાં, નાટક ચેટક સીનેમા જોવામાં અથવા વ્યાપાર કરવામાં, નોકરી કરવામાં, ખાવા પીવામાં ઇર્ષા, કલહ કંકાસ કરવામાં, એક બીજાનો ટોટો પીસવાના કામમાં ચકર કરી રહ્યા હોય એમ દેખાયું, પોતાને નાના નાના સર્કલ ( વર્તુળ ) ના અગત્યના અંગભૂત માની તેના માની લીધેલા સવ્યવહારને અનુરૂપ જીવન કરી તેમાં માન પ્રતિષ્ઠા મેળવવાના ખ્યાલમાં પ્રયાસ કરતા જણાયા, થોડાક મનુષ્યો પ્રમાણિક જીવન ગાળી વ્યવહારિક નજરે થોડી કમાણી કરી જીવન વ્યવહાર સારૂ ચલન કરતાં જણાયા અને તેથી પણ થોડા મનુષ્યો અંતિમ સાધ્ય લક્ષ્યમાં રાખી આત્મોન્નતિ કરવાના સ્પષ્ટ અસ્પષ્ટ ખ્યાલથી ચલન કરતા જણાયા.

એક વળી ઘણી નવાઇ જેવી બાબત જોવામાં આવી. ધનને બોજા રૂપ ગણી તેને તુચ્છકારતા, તેવાના સંબંધમાં નહિ જતા એવા છેલ્લા વર્ગના લક્ષ્યવાળા પુરૂષો ચલન તો આખો વખત કરતા, પણ જનસમાજના ચાલુ ચલનો કરતાં તેઓનાં ચલનનો પ્રકાર જૂદો પડતો હતો. તેઓ લોકરંજન કે લોકપ્રેમ મેળવવાની ઇચ્છા ન કરતાં માત્ર પોતાના હૃદય તરફ અને ઉપર આવેલી નિર્વૃત્તિ નગરી તરફજ ધ્યાન આપતા હતા. તેઓનાં ચલનો તરફ મનુષ્યો મનમાં હસતાં, તેમને 'વેદીઆ' કહી તિરસ્કરતા, તેમને 'બાવરા' કહી પજવતા, તેમને જગદ્ વ્યવહારને માટે અયોગ્ય ગણતા, તેમને કેટલીક વાર 'મૂર્ખ' પણ કહી નાખતા. આવા મનુષ્યો બીજા મનુષ્યોના વખાણ કે માનની અપેક્ષા વગર પોતાનાં ચલનો ચાલુ રાખતા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

અને જગતની હાંસી કર્યા વગર મનમાં સમજતા કે બીચારા ઠેકાણા વગરની દોડાદોડ કરનારા આ 'અંધ' મનુષ્યોની હાર ચાલી રહી છે તેઓના શા હાલહવાલ થશે? કોઈ વાર પ્રસંગ જોઇ જીવનવ્યવહારના સાચાં સૂત્રો બોલી જતા, કોઇ યોગ્ય અધિકારીને સત્ય સ્વરૂપ સમજાવતા અને કોઇવાર આંતરધ્વનિમાં આલાપ કરી જતા, પણ એકંદરે પોતાના મંતવ્યમાં મસ્ત રહી ચલન ચાલુ રાખતા. આ વર્ગની સંખ્યા ઘણી થોડી હતી અને જો કે મનુષ્યો તેમની હાંસી કરતા, છતાં કેટલાક મનુષ્યો તેમના ચલનો માટે અંદરખાનેથી માન પણ ધરાવતા હતા.

આવી રીતે એક યા બીજા પ્રકારે ચલન આખા વિશ્વમાં ચાલી રહેલું જણાયું. પૃથક્કરણ કરીને આ સર્વ વિચારો લખતાં તો ઘણો વખત લાગે છે પણ આટલું દશ્ય હૃદયચક્ષુ સન્મુખ પાંચ પંદર સેકન્ડમાં થઇ ગયું, આખા વિશ્વના ચલનો અનુભવાઇ ગયા અને અંતરાત્મામાં મન સ્થિત થયું.

'તાકું કૈસા સોવના' ઘણી વિશાળ વાત થઇ ગઈ. અંતરાત્માએ ચલનો જોઇ લીધાં, ચલન એ ચેતનસ્વભાવ લાગ્યો, ચલન એ જીવનક્રમ લાગ્યો, એની અત્યાજ્ય જરૂરીઆત સમજાણી, ટુંકામાં ચલન અનિવાર્ય જણાયા. એટલો નિર્ણય થતાંજ અનિવાર્ય ભાવને પકડી લેવાની અને પકડીને તેને લાભમાં ફેરવી નાખવાની આવશ્યકતા લાગી. ઘણા ચલનો નકામા જણાયા, સાધ્ય વગરના જણાયા અને પ્રગતિને બદલે પશ્ચાદ્‌ગતિ કરાવનારા જણાયા, કેટલાક ત્યાં ને ત્યાં લઇ આવનારા જણાયા અને કેટલાક પ્રમાદ અને સાંસારિક ભાવની અસરથી મંદ થઇ જતા જણાયા. એ ચલનો પર એક ચઢેલી જણાઇ; એક તો ચલનોમાં ઘણીવાર સાધ્ય ન મળે અને વળી તેમાં વિષયપિપાસા, ધનસંગ્રહેચ્છા, માન-પ્રતિષ્ઠા ભાવના, ભોગાભિલાષા, રાગદ્વેષ પરિણતિ, પૌદ્‌ગલિક સુખ મંતવ્યતા વિગેરે એકો જણાઇ, એટલે ચલનોને વધારે બારીકીથી તપાસવા ઇચ્છા થઇ, તો વળી એ ચલનો સામે સખત પ્રહાર કરી રહેલી સાત સ્ત્રીઓ પિશાચણીનો આકાર લઇ ઉભેલી જોવામાં આવી. એ [1]સાત સ્ત્રીઓને વધારે સારી રીતે ઓળખતાં તેઓ ચલનો પર નીચે પ્રમાણે અસર કરનારી જણાઇ.

૧ જરા—વૃદ્ધાવસ્થા. ચલનોને મંદ કરનારી, શરીરને શીથીલ કરનારી, બાલને ધોળા કરનારી, માથામાં તાલ પાડનારી, અવયવોને નરમ કરનારી, ચામડીમાં વળીઆ પાડનારી, ડોકને કંપ કરાવનારી. બુદ્ધિને નરમ પાડનારી, અંધપણું ને બહેરાપણું લાવેનારી, દાંતને દૂર કરનારી, યૌવનનો નાશ કરનારી, સ્ત્રી પુત્રોથી

૧ આ સાત સ્ત્રીઓનું અદ્‌ભુત વર્ણન ઉપમિતિ ભવ પ્રપંચાકથાના ચોથા પ્રસ્તાવમાં જોઇ શકાશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પણ તિરસ્કાર ઉત્પન્ન કરાવનારી, મુખમાંથી લાળ પડાવનારી આ જરા ચલનો ઉપર જબરી અસર કરે છે.

૨ રૂજા—વ્યાધિઓ. આનાથી શરીરને મંદવાડ આવે છે. હેડકી, ભમરી, હરસ, ગુલ્મ, શૂળ, તાવ, સન્નિપાત, ખસ, કોઢ, ભગંદર, અરૂચિ, જલોદર, ક્ષય, અતિસાર વિગેરે અનેક પ્રકારના વ્યાધિઓને લાવીને એ ચલનોમાં મોટો ફેરફાર કરી નાખે છે, પ્રકૃતિમાં વિકાર કરાવી નાખે છે, શાંત મગજને અસ્વસ્થ બનાવી દે છે, દયા ઉપજાવે તેવા બૂમબરાડા પડાવે છે, આંખમાંથી આંસુ પડાવે છે, પથારીમાં આમતેમ પછાડા મરાવે છે અને મનુષ્ય શરીરમાં નારકીના દુઃખો અનુભવાવે છે.

૩ મૃતિ—મોટા મોટા ચક્રવર્તીને પણ પોતાના બાહુમાં પકડનાર, ગૃહસ્થ કે ગરીબ, વૃદ્ધ કે તરૂણ, બળવાન કે નિર્બળ, ધીર કે વીર, મૂર્ખ કે વિદ્વાન કોઇને પણ એ છોડતી નથી, સર્વ ચલનોને અટકાવી દે છે, શરીરને દુર્ગંધમય અને કાષ્ટ જેવું ચેતના વગરનું બનાવી મૂકે છે, નામ માત્રથી મોટા દેવેંદ્રને પણ ડરાવે છે, દીર્ઘ નિદ્રાનું ભાન કરાવે છે, અને ધન ઘર સ્ત્રી સાથે વિયોગ કરાવે છે, ચલન અમુક વખત માટે તદ્દન બંધ કરાવી દે છે અને પ્રાણીને ઉપાડીને અન્યત્ર ફેંકી દે છે, જ્યાં તેના સગાઓ તેને ઓળખતા નથી, ધન અને ઘરબાર પરનો હક ઉઠી જાય છે અને મનમાં મહા ત્રાસ થાય છે.

૪ ખલતા—લુચ્ચાઇ, શઠતા, પૈશૂન્ય ( ચાડી ); મિત્રદ્રોહ, કૃતઘ્નતા, નિર્લજ્જતા, મદ, મત્સર, મર્મોદ્‌ઘાટન, પરપીડન, ઇર્ષા એ સર્વનો સમાવેશ આ ખલતામાં થાય છે. એ મનુષ્યોના ચલનો તદ્દન વિચિત્ર પ્રકારના અને અત્યંત ખોટે માર્ગે જનારા કરી મૂકે છે, પ્રાણીને લાગે છે કે એ ચાલે છે, ગતિ કરે છે પણ ખલતા સાથે હોય ત્યારે તે ઉલટી જ ગતિ કરે છે. મનમાં વિચાર જુદા, ભાષણ બીજા પ્રકારનું અને વર્તન તેથી પણ વિપરીત-એવી મન વચન કાયાની વિરૂપતા આ ખલતા કરે છે અને ચલનોમાં વક્રતા આણે છે.

૫ કુરૂપતા—કદરૂપાપણું, લંગડાપણું, કાણાપણું, કુબડાપણું, ઠુંઠાપણું, બુંધાપણું વિગેરે દૃષ્ટિને પણ ઉદ્વેગ કરે તેવા પૂર્વ પાપના પરિણામો આ કુરૂપતા લાવે છે, ખરાબ આહારવિહારને પરિણામે એ વધારે અસર નીપજાવે છે અને પ્રાણીને સોબતને પણ અયોગ્ય બનાવે છે. એકંદરે શરીરની વક્રતા નિર્ગુણપણું સાથે જ લાવે છે. સાધારણ રીતે નિર્મળ આકૃતિમાં જ સુંદર ગુણો હોય છે; તેથી કુરૂપ વાળાનાં ચલનો બહુધા ઘણા ખરાબ હોય છે.

૬ દરિદ્રતા—દળદર, જળથી, આગથી, લુંટથી, ચોરીથી, રાજ્યથી, મદ્યથી, જુગારથી, સટ્ટાથી, વેશ્યાથી, વ્યસનથી ધનહાનિ થતી એ દળદર-દારિદ્ર છે. ખ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રાગ આશાના પાસમાં બંધાયલો પ્રાણી અનેક ચલનો કરે છે, પણ ફળ કાંઇ મળતું નથી અને અનેક રીતે ધન ખોઇ બેસે છે. એ દળદરથી દીનતા આવે છે, મન ટુંકું થઇ જાય છે, જ્યાં ત્યાં ધનની માગણી કરવી પડે છે, ભૂખના પછાડા દેખાય છે અને ચલનોમાં મહા વિકાર થઇ જાય છે.

૭ દુર્ભગતા—દુર્ભાગ્ય–તેથી લોકમાં લઘુતા થાય છે, ચિત્તમાં દુ:ખ થાય છે, એનું વચન કોઇને ગમતું નથી, એનાં કાર્યો કોઇને રૂચતા નથી, એના તરફ કોઇ માનની નજરથી જોતું નથી, એના ઘરમાં પણ એનું માન રહેતું નથી, એના ભાઇઓ ને સંબંધીઓ પણ એની સાથે ભાષણ કરતા નથી.

ચલનો ઉપર આવી રીતે અનેક પ્રકારના આઘાતો પડે છે, અનેક એને અટકાવનાર છે, અનેક એની દિશા ફેરવી નાખનાર છે, અનેક એને વક્ર કરી નાખનાર છે, અનેક એને ઢંગધડા વગરનાં બનાવી દેનાર છે, અનેક એનો માર્ગ લાંબો કરી નાખનાર છે, અનેક એને સાધ્યથી તદ્દન જુદી જ દિશાએ લઇ જનાર છે, અનેક માર્ગમાં વિઘ્ન અને અગવડો ઉભી કરનાર છે. આથી ચલનો થાય તેમાં પણ ઘણો વિચાર કરવા જેવો છે. ચાલવા માંડ્યા એથી સાધ્ય સિદ્ધ થતું નથી, ચાલવાની સાથે સાધ્યને ઓળખવું જોઇએ, એના માર્ગ સમજવા જોઇએ, એને સમજીને શોધવા જોઇએ, એ માર્ગ આડા અવળા રસ્તાઓ આવે તેથી સાવચેત રહેવું જોઇએ અને સાધ્યને નિરંતર લક્ષ્યમાં રાખવું જોઇએ.

પણ એક વાત તો ચોક્કસ છે કે સુઇ તો નજ રહેવું, ચાલવું તો જરૂરનું છે, ચાલવું એ ધર્મ છે અને ચાલ્યા વગર માર્ગે આગળ વધાય તેમ નથી; માટે આ લોકો સુઇ રહ્યા છે તે તો ભૂલ જ જણાય છે. આ સામે સમેતશિખરનો મહાન્ પર્વત છે. તેની ડાબી બાજુમાં પાર્શ્વનાથનું શિખર જણાય છે તે અત્યારે આપણું સાધ્ય છે, તો હવે અહીં સુઇ રહેવું અયોગ્ય છે. આપણા સાધ્યને પહોંચવા આપણે ચાલવુ જ જોઇએ, આપણે વળી સુવાની વાત કેવી ?

અહીં વીરપ્રભુને સર્વ સાક્ષાત્કાર થયો હશે ત્યારે કેવી જ્યોતિ જાગ્રત થઇ હશે. એ પરમાત્માના ચલનો સામે નજર રાખી, કુદરતની લીલી હરયાળી અને વનરાજનો વિકાસ હૃદયપટ પર રાખી જે આપણું સાધ્ય છે તે તરફ જલદી જવું જોઇએ. શ્રી પાર્શ્વનાથ મહાત્માના સાધ્ય સ્થાનકે પહોંચી ત્યાંથી જે સાધ્ય માટે તેઓ ચલન કરી ગયા તે સ્થાનનો વિચાર કરશું, તેમનાં ચલનો સમજશું, તે પંથ નીહાળશું, તે માર્ગે ગમન કરશું. હાલ તો એકજ સાધ્ય કે ગમે તેમ કરીને એ દૂરના ગગનચુંબિત શિખરે પહોંચવું.

યાત્રાળુઓ સહચારીઓ જાગતા ગયા, ગાન આગળ વધતું ગયું. માતા પુત્રને ધવરાવે છે, લોકોની હારો નદી કાંઠે મુખ ધુવે છે, કમળમાંથી સુગંધી છુટે છે,

For Private And Personal Use Only

ગોવાળના બાળકો માખણ વલોવે છે. (વિગેરે ગાનના શબ્દો માનસ ચિત્ર કલ્પતા હતા, ત્યાં આહ્લાદ સૂચક શબ્દો બોલાયા—

તજ પરમાદ જાગ, તું ભી તેરે કાજ લાગ!

અહાહા! શું સુંદર વાત કરી! પ્રમાદ ત્યાગ, જાગ્રત થા અને તારી ફરજ બજાવ. ફરજ શું? કોના તરફ? કેવી રીતે બજાવાય? એ પર ખ્યાલ થાય ત્યાં તો પાછો 'ચાલના જરૂર' નો લય ચાળીશ વાર સંભળાયો. યાત્રાળુઓ, સહચારીઓ જાગવા લાગ્યા, ચાલવાની તૈયારી થવા લાગી. સર્વ નદી કાંઠે આવી વીરને સ્મરવા લાગ્યા, સામેના ગિરિશિખરને નમવા લાગ્યા અને કૈવલ્ય અને સિદ્ધદશા વચ્ચે ડોલવા લાગ્યા, કાંઇક સાક્ષાત્કાર થયો, કંઇક ચમત્કાર જણાયો, જીવનના ઉચ્ચ પ્રદેશોની ઝાંખી થઇ, સ્થૂળ જીવન કરતાં વિશિષ્ટ ચારિત્રયુક્ત જીવનની ઉંડી ચાવીઓ ફરતી જણાઇ, હૃદયવીણાના તારો પર નૃત્ય થતું લાગ્યું. સર્વત્ર શાંતિમાં નદીના પાણીના ખળભળાટની અંદર દેવમહોત્સવ, ઇંદ્રની સ્તુતિ, સમવસરણની રચના જણાઇ અને એ સર્વ અખંડ શાંતિમાં સામેથી એક સંન્યાસીનો અવાજ આવ્યો. એને આખા જીવનનો એકજ સંદેશો જગતને કહેવાનો હતો અને તે વારંવાર બોલતો હતો. સાંભળે છે કે હસે છે તેની દરકાર વગર તે પોતાનો રહસ્યમય સંદેશો કહેતો હતો. અમે સાંભળ્યું—તે બોલ્યો:—

ભૂલ મત જાના, વિસર મત જાના,
ઘડી ઘડીકા, પલપલકા–લેખા લીયા જાયગા.

બે ચાર પાંચ વાર આ સંદેશો સાંભળ્યો, વિચાર થયો, અંદર નજર ગઇ, લેખાં કોણ લેશે? કોણ દેશે? લેનાર દેનારનો અભેદ જણાયો, પણ ઘડિ ઘડિનો જવાબ આપવો અને લેવો પડશે એમ જણાયું, ચલન કરવાની અને સાથે હિસાબ રાખવાની જરૂર જણાઇ. ત્યાં તો યાત્રાળુનો નાદ થયો–'શ્રી મહાવીર સ્વામીની જય' એ અવાજ સાથે પ્રયાણ આદર્યું, નિર્મળ જળ, પ્રભાતનો સૂર્યોદય અને શાંત વાતાવરણને મૂકી બાંધેલ સડક પર આગળ ચલન કર્યું. આખો વખત 'ચલના જરૂર જાકું તાકું કૈસા સોવના' નો લય યાદ આવ્યો અને તેની સાથે જ 'ભૂલ મત જાના' વાળો આખો સંદેશો કર્ણ પર અવાજ કરવા લાગ્યો. અમે આગળ વધ્યા, આખે રસ્તે ચલન અને લેખાં પર વિવેચન સહચારીમાં થયું તે વળી કોઇ અન્ય પ્રસંગે ચીતરશું. જીવનની આ ક્ષણ હજુ સુધી ભૂલી શકાણી નથી, ભૂલાય તેવી નથી, ભૂલાતી નથી, ભૂલવાની ભાવના પણ નથી.

મૌક્તિક.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# आधुनिक जैनोनुं कळाविहीन धार्मिक जीवन.

જૈનોના જીવનને કળાવિહીન કહેવું તે મોટો આક્ષેપ ગણાય, પણ તે આક્ષેપની યથાર્થતા સમજાયા સિવાય જૈનોના ધાર્મિક જીવનમાં જે જડતા–નિરસતા–કળાશૂન્યતા–પ્રવેશ પામી છે તે દૂર થવી અશક્ય છે. આપણા લોકોમાં કળા વિષે એટલું બધું અજ્ઞાન છે, કે વર્તમાન જૈનોના ધાર્મિક જીવનને કળાવિહીન કહેતાં પહેલાં પ્રથમ તો કળા અને ધર્મના સંબંધનો નિર્દેશ કરવો આવશ્યક છે.

સંસારમાં દરેક આત્મા અપૂર્ણ છે, અને પૂર્ણતાને શોધે છે, તે પૂર્ણતા સચ્ચિદાનંદ સ્વરૂપની પ્રાપ્તિમાં રહેલી છે, એમ હિંદુ તેમજ જૈન શાસ્ત્રકારો કહે છે, તે સ્વરૂપની પ્રાપ્તિ ભૂતમાત્રને શકય છે, એમ દરેક શાસ્ત્રો અનેક દષ્ટાન્તોથી સિદ્ધ કરે છે.

મનુષ્ય સામાન્ય રીતે પોતાના જીવનની જન્મથી મરણપર્યન્ત મર્યાદા બાંધે છે; અને પોતાના દેહમાં આત્મભાવને કલ્પે છે, આમ સમજવાને બદલે દેહથી અતિરિક્ત આત્મા છે, તે અનાદિ અનન્ત છે, તેનું અસ્તિત્વજ સાચું છે; અન્યનું અસ્તિત્વ ખોટું છે, કારણ કે અન્ય સર્વ અચિરસ્થાયી છે; અને જેમ સર્પ જુની કાંચળી છોડે અને નવી કાંચળી ગ્રહણ કરે તેમ આત્મા અને દેહનો સંબંધ ચાલ્યાજ કરે છે, આવી આત્મપ્રતીતિને સત્ પ્રાપ્તિ કહી શકાય.

જ્યાંસુધી મનુષ્યને ઇન્દ્રિયદ્વારા અબાધિત જ્ઞાન મળે છે, ત્યાંસુધી તે અજ્ઞાન તો કહી ન શકાય, પણ મનુષ્યનું જ્ઞાન દિશા તેમજ કાળથી મર્યાદિત હોઇને તેમજ જેટલું છે તેટલું પણ ભ્રાન્તિમિશ્રિત હોઇને ઇન્દ્રિયપ્રાપ્ય જ્ઞાનને અજ્ઞાનની કોટિમાંજ મુકી શકાય, આ દિશા અને કાળની મર્યાદા તુટે, સઘળી ભ્રાન્તિઓ ટળે, અને જેમ સ્વચ્છ આદર્શમાં સુન્દર પ્રતિબિંબ પડે તેમ નિર્મળ આત્મઆકાશમાં આ વિશ્વનું યથાસ્થિત પ્રતિબિંબ પડે ત્યારે ચિત્–પ્રાપ્તિ થઇ ગણાય.

મનુષ્યનો આનંદ સૌન્દર્યના અનુભવમાં રહેલો છે, કુદરતનું સુન્દર દૃશ્ય જોતાં, પ્રાસાદિક કવિની પ્રતિભાપૂર્ણ કવિતા વાંચતાં, વિવિધ વિલાસવતી કોઇ રમણી નિરખતાં, નવરંગી બાળકો નજરે પડતાં અને આવા આવા અનેક સુન્દર ગણાતા પદાર્થોનો સાક્ષાત્ અનુભવ થતાં સ્વાભાવિક રીતે મનુષ્યના અન્તરમાં આનંદ ઉલ્લસે છે, કલાસંપન્ન આત્માઓનો પરિચય પણ આવોજ આહ્લાદક હોય છે, આમ છતાં પણ સુન્દર વસ્તુનો સાક્ષાત્ સમાગમ દરેક મનુષ્યના હ્રદયમાં એક સરખો આનંદ ઉપજાવી શકતો નથી. આનાં ઘણાં કારણો હોય છે; પણ મુખ્યત્વે કરીને આમ બનવાનું એક કારણ એ હોય છે કે મનુષ્ય અનેક પ્રકારના વિકારોને વશ હોઇને સાચા સૌન્દર્યને સમજી શકતો નથી, સુન્દર–અસુન્દરનો સાચો વિવેક કરી શકતો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નથી, સૌન્દર્યાનુભવની તૃષ્ણામાં કુરૂપ પદાર્થોની પાછળ ભટકે છે, અને ઠોકર ખાય છે, આમ બનતાં તેનો આનંદ અવિચ્છિન્ન ધારાએ વહેતો નથી. સુન્દર વસ્તુને સૌ કોઇ ચહાય, પણ સારા માઠા સંસ્કારોને લીધે સૌન્દર્યને લગતા દરેકના ધોરણમાં તફાવત પડે છે અને તેથી એકજ વસ્તુ એકની પ્રીતિનું પાત્ર બને તે અન્યને અણગમાનું સાધન બને, અને દરેક મનુષ્યમાં માનસિક પરિવર્તન નિરંતર થયા કરતા હોવાથી આજ જેના ઉપર પ્રીતિ હોય તેના ઉપર આવતી કાલે અણગમો થાય તે સ્વાભાવિક છે. આ મર્યાદિત સ્થિતિનાં બંધનોમાંથી ઉંચે આવતાં સુન્દર અસુન્દરના ખ્યાલો ચોક્કસ બને, આત્મા પૂર્ણ દશાને પામતાં જે વિશ્વવ્યાપી સ્થિતિ પ્રાપ્ત થાય તેને લીધે વિશ્વમાં ભરેલા અખુટ સૌન્દર્યનો તે ભોક્તા બને, મોહવિકાર અને મલીન વાસનાઓનાં આવરણ દૂર થતાં મનોગત વિહ્વળતા પણ નાશ પામે અને નિરંતર–અનવચ્છિન્ન–અવર્ણનીય–આનંદની પ્રાપ્તિ થાય.

આ રીતે સચ્ચિદાનંદ સ્વરૂપને પામેલ આત્માની સ્થિતિ વર્ણવી શકાય. આ ઉપરથી સમજાશે કે કળાની પૂર્ણતાને પામ્યા સિવાય એટલે કે વિશ્વજીવનમાં વ્યાપી રહેલા કળાના અંશોને આત્મજીવનમાં એકરૂપ બનાવ્યા સિવાય અપ્રતિહત આનંદ અશક્ય છે અને તે અપ્રતિહત આનંદ સિવાય પૂર્ણ દશાને પામવાનો કાંઇ અર્થજ નથી.

હવે ધર્મનું શું ક્ષેત્ર છે તે તપાસીએ. સામાન્યત: મનુષ્યોનું જીવન લક્ષ્યહીન દેખાય છે, મનુષ્ય જન્મે છે, જીવે છે, અને મરે છે, પણ એ બધું શું અને શાને માટે છે તેનો તેને કાંઇ ખ્યાલ હોતો નથી. જીવનમાં અનેક તરંગો–વાસનાઓ ઉઠે અને તે તૃપ્ત કરવાનાં સાધનો યોજાતાં લય પામે. આ સાધનો યોજવામાં યોગ્યાયોગ્ય કે કર્ત્તવ્યાકર્ત્તવ્યનો ખ્યાલ દેખાય જ નહિ. પોતાની જાતે ભોક્તા અને આખું વિશ્વ ભોગ્ય લેખાય. આગળ પાછળનો વિચાર ન થાય અને માત્ર સામે ઉભેલા સ્વાર્થને આધારે એજ ચિન્તવનમાં જીવનપ્રવાસ પૂરો થાય. આવી અતંત્રિત–તરંગી–મનસ્વી–માયાવી સ્થિતિમાંથી ઉદ્ધાર કરે, નિયંત્રણનું સ્થાપન કરે અને જીવનના વિવિધ માર્ગગામી પ્રવાહોને એકજ લક્ષ્યમાં એકત્રિત કરે તે ધર્મ કહેવાય. અજ્ઞાનાવૃત્ત સ્થિતિમાંથી ઉદ્ધાર કરી, આત્માને જ્ઞાનમય દશાને પમાડે, મોહાવૃત્ત દશામાંથી છુટો કરી પ્રેમમય દશાને પહોંચાડે, કુરૂપી પદાર્થોમાં ઉપજેલી સુરૂપતાની ભ્રાન્તિ દૂર કરી સાચા સૌન્દર્યના રહસ્યને પ્રાપ્ત કરાવે એ ધર્મ છે. આ રીતે કળા અને ધર્મનો વિશાળ અર્થ લઇએ તો કળાની પૂર્ણતાને પામ્યા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સિવાય આત્માની પૂર્ણતા અર્થહીન છે અને ધર્મનુ લક્ષ્ય આખરે આત્માને પૂર્ણ બનાવવાનુજ છે તેથી કળા અને ધર્મ એકમેકના નિકટ સંબંધવાળાં છે એ સ્વતઃ સિદ્ધ થયું.

કળાના ઘણા અર્થો થાય છે તેથી કળાનું સામાન્ય લક્ષણ બાંધવું બહુ મુશ્કેલ છે. અહિં કળા શબ્દનો અર્થ યુક્તિ કે બુદ્ધિચાતુર્ય લેવાનો નથી, અહિં તો કળાથી એટલુંજ સમજવું કે અન્તરાત્મામાં જે સરસ વિચારો, મનોહર કલ્પનાઓ, ઉન્નત ભાવનાઓ ઉદ્ભવે તેનું વિવિધ સાધનોવડે સુન્દર નિરૂપણ કરવાની શક્તિ તે કળા. તે કળાનો પ્રદેશ બહુ વિસ્તીર્ણ છે અને તેમાં અનેક વિષયોનો સમાવેશ થાય છે. ચિત્ર, સંગીત, કવિતા, નૃત્ય, નાટક, સ્થાપત્ય વિગેરે અનેક વિષયો કળાનાં જ સ્વરૂપો છે. માનુષિક જીવનમાં રસ પ્રેરનાર શક્તિ તે કળા છે. કળાકારની કાલ્પનિક સૃષ્ટિમાં સ્થૂળ વિશ્વમાં અનુભવાતી કુરૂપતાને સ્થાન નથી. સામાન્ય નજરે કળા અને ધર્મના પ્રદેશો ભિન્ન ભિન્ન જણાય છે. કળાનું લક્ષ્ય આનંદ પમાડવાનું અને ધર્મનું લક્ષ્ય માણસને નિયમમાં લાવવાનું લેખાય છે; પણ ભિન્નલક્ષી હોવા છતાં કળા અને ધર્મ પરસ્પરને અવલંબીને રહેલાં છે. કળા ઉપર ધર્મનું નિયંત્રણ હોય તોજ તેની વિશુદ્ધિ સચવાય, અને ધર્મને તો કળાનો આશ્રય અપરિહાર્ય બનેલો છે. લોકજીવનમાં ધર્મની આટલી બધી સત્તા તેના તત્વજ્ઞાનને આભારી નથી, પણ તેણે લીધેલ કળાના આશ્રયને આભારી છે. કર્ત્તવ્યનિયામકતા જેનું લક્ષ્ય હોય તેવા ધર્મની સામાન્ય વ્યાખ્યા નીચે દુનિયાના દરેક ધર્મોનો સમાવેશ થાય છે. તે સર્વ ધર્મોના પરિપાક તથા પ્રચારમાં ચિત્ર, સંગીત, કાવ્ય, સ્થાપત્ય વિગેરે કળાઓએ કેટલો ભાગ ભજવ્યો છે તે વિચારકને સુગમ્ય છે. સ્તુતિઓ, પ્રાર્થનાઓ, રસીલાં ગીતો વિના લોકહૃદયને ધર્મ શી રીતે ગમ્ય બને ? મોટાં ભવ્ય મંદિરો, મનોહર વાજીત્રો, પુરાણવિષયક રમ્ય ચિત્રો વિના ધર્મવિકાસ અશક્ય છે. નરસિંહ મહેતાની ધર્મભક્તિ કવિતામાં જ આવિર્ભાવ પામી હતી. બુદ્ધ ધર્મના સાધુઓની ધર્મભાવના અજંટાઆદિ સ્થળોમાં થયેલા ચિત્રામણમાં પ્રગટી હતી. આદિ ક્રિશ્ચિયનોએ પોતાની ધર્મભાવના ભવ્ય મંદિરો અને મેરી અને ક્રાઇસ્ટના અસંખ્ય કાલ્પનિક ચિત્રોમાં ગુંથી હતી. જે મંદિરમાં વાજિત્રનો રણકાર નહિ તે મંદિર સુનકાર લાગે. આવી રીતે કળા પણ ધર્મથીજ ખરૂં પોષણ પામી છે. આદિ ગુજરાતી સાહિત્યનો ઘણો ખરો ભાગ ધર્મ વિષયકજ હતો. પ્રાચીન કાળમાં ચિત્રો પણ ઘણું ખરૂં ધર્મના વિષયને અવલંબીને ચિતરાતાં, બાંધકામ તથા કોતરણી ધર્મના ઉદાર આશ્રયથીજ આટલા વિકાસને પામ્યાં છે, આ રીતે કળા અને ધર્મની પરસ્પર અવલંબિતતા સુસ્પષ્ટ છે. વળી જેવો સંબંધ જ્ઞાનને ધર્મ સાથે છે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેવોજ સંબંધ કળાને ધર્મ સાથે રહેલો છે. જ્ઞાન પ્રદ્યોતક શક્તિ છે; કળા અનુરંજક શક્તિ છે. જ્ઞાન વિના ધર્મ આંધળો; કળા વિના ધર્મ રસહીણો, પણ ધર્મના નિયંત્રણ વિના જ્ઞાન કુમાર્ગે ખરચાય અને કળા વ્યભિચારમાં પરિણમે. ઉભયનો આશય મનુષ્યને ઉંચે લઇ જવાનો છે, પણ ધર્મના અભાવે ઉભય મનુષ્યના અધઃપતનનું નિમિત્ત બની શકે છે.

કળા સાધન છે; ધર્મ સાધ્ય છે. તેને બદલે વિપરીત પરિસ્થિતિ બને તો ધર્મના સ્થાનોમાં અધર્મનું સામ્રાજ્ય ઉભું થાય. જગન્નાથપુરી અને એવાંજ અન્ય મંદિરોમાં જોવામાં આવતાં બિભત્સ ચિતરામણ અને કોતરકામ શું સૂચવે છે? કૃષ્ણ ગોપીના નામે સમાજમાં પ્રચલિત થયેલાં હદગહારનાં શૃંગારિક કાવ્યો શું જણાવે છે? તે માત્ર ધર્મના ખોખાંનાં કળાનો સ્વચ્છન્દ વિહાર સૂચવે છે. અત્યારે પ્રસરતા જડવાદના યુગમાં પણ આવી જ પરિસ્થિતિ ઉભી થતી દેખાય છે. ઉન્નતગામિની કળા ધર્મપરાઙ્મુખી બનતાં વિપથગામિની થતી જતી અનુભવાય છે અને મનુજ જીવનમાં વિશુદ્ધિ લાવવાને બદલે વિકારવિવર્ધનને યોજતી જણાય છે. કળાનો ઉદ્ધાર ધર્મથી છે; ધર્મનો પ્રચાર કળાથી છે, ધર્મસરખા સોમરસને પચાવવામાં કળા પરમ ઔષધિનું કામ કરે છે. કળાવિહીન ધાર્મિકજીવન લુખું અને જડપ્રાય દીસે છે. ધર્મ વિનાની કળાપરાયણતા આખરે સ્વચ્છન્દ આચારમાં પરિણામ પામે છે.

આ રીતે કળા અને ધર્મનું સામાન્ય સ્વરૂપ સમજાવ્યું. આ સંબંધની વિશિષ્ટ પર્યાલોચનાને અહિં અવકાશ નથી. કળા અને ધર્મના સંબંધની ઐતિહાસિક અને ભૂગોલિક દૃષ્ટિબિન્દુએ સમાલોચના થાય તો ઘણું જાણવાનું મળે. કળા તેમજ ધર્મ એક છતાં કાળ તેમજ દેશના અન્તરે કળા અને ધર્મનાં અનેક સ્વરૂપો જોવામાં આવે છે, જેમ કાળ કાળના અને દેશ દેશના ધર્મો જુદા જુદા હોય છે તેમજ કાળ અને દેશને અનુસરીને કળાના આવિર્ભાવો પણ ભિન્ન ભિન્ન પ્રકારના દૃષ્ટિગોચર થાય છે. આમાં પણ જ્યારે એકમેકથી તદ્દન જુદી રીતે વિચરતા અને અસમાન ભાવનાઓને ધારણ કરતા દેશોનો વિગ્રહ કે એવાજ કોઇ કારણે સમાગમ થાય છે ત્યારે જેમ ધવલવર્ણી ગંગા અને શ્યામવર્ણી યમુનાનો સંગમ થતાં પાણી ડોળાં અને અન્યવર્ણી બની જાય છે તેમ પ્રત્યેક દેશના ધર્મ અને કળાઉપર સખ્ત આઘાતો લાગવા માંડે છે અને ઉભયનાં સ્વરૂપો એકદમ પલટવા માંડે છે. આવી પરિસ્થિતિ જ્યારે વિગ્રહના પરિણામે ઉભી થઇ હોય અને એક દેશનો અન્ય દેશ સાથે પરાજિત વિજેતાનો સંબંધ જોડાયો હોય ત્યારે પ્રમાણમાં જેટલું વિજેતા દેશના કળા અને ધર્મને ખમવું પડે છે તેથી ઘણું વધારે પરાજિત દેશ કળા અને ધર્મના અંગમાં નુકશાન ભોગવે છે; કારણકે પરાજિત

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દેશમાંથી આત્મસન્માનની કે આત્મશ્રેષ્ટતાની ભાવના લય પામી ગઇ હોય છે અને વિજેતા દેશના લોકોની રહેણી કરણી તેમજ ભાવનાઓમાં સર્વોત્કૃષ્ટતાની ભ્રાન્તિ થાય છે. આ વ્યામોહનું પરિણામ એ આવે છે કે પરાજિત દેશ ઘણીવાર સ્વજીવનનાં સુન્દર અને ઉપયોગી અંશોને ગુમાવી દે છે અને રાજ્ય કરતી પ્રજાના પોતાને તદ્દન પ્રતિકૂળ અને નિરૂપયોગી કેટલાક અસદ્દ અંશોને મોહવશાત્ આત્મજીવનમાં ચિરંજીવી સ્થાન આપે છે. આજ આપણા ભારતવર્ષની પણ કાંઇક આવીજ દશા થઇ છે. પાશ્ચિમાત્ય પ્રજાનાં ભારતવર્ષ ઉપર આક્રમણ આરંભાયાં અને ક્રમે કરીને અંગ્રેજ પ્રજાનું ભારતવર્ષ પર શાસન સ્થપાયું, ત્યારથી પાશ્ચિમાત્ય સંસ્કૃતિની પૌર્વાત્ય સંસ્કૃતિ સાથે ભારે અથડામણી થઇ, તેના પરિણામ રૂપે દેશજીવનમાં આજ અવનવા ફેરફારો જોવામાં આવે છે. એક તો અંગ્રેજ પ્રજાનો ભારતવર્ષ ઉપર દિગ્વિજય થયો અને બીજું તો પ્રખર સૂર્ય જેવી પાશ્ચાત્ય સંસ્કૃતિની ઝગઝગતી જ્યોતિ-આથી પૂર્વવાસીઓને પાશ્ચાત્ય સર્વ કાંઇ ઉપર મોહ ઉપજે અને આદર થાય તે સ્વાભાવિક છે. અધ્યાત્મની વાતો કરનાર છતાં તમોગુણથી ઘેરાયેલ ભારતવર્ષને રજોગુણમય પશ્ચિમનો યોગ ન થયો હોત તો ભારતવર્ષ પોતાની ઘોર નિદ્રા ત્યાગવામાં વધારે વિલંબ કરત એ તો નિઃસંશય છે; પણ ઘોર નિદ્રા ત્યાગવા પૂરતો પૂર્વે પશ્ચિમનો આદર કર્યો હત અને પોતાની ઉણપ દૂર કરવા પૂરતોજ પૂર્વે પશ્ચિમનો આશ્રય લીધો હત તો ભાવી એટલું ચિન્તાજનક ન બનત, પણ પરિસ્થિતિ એવી ઉભી થઇ કે આપણો ઘણો ખરો શિક્ષિતવર્ગ સારાસાર વિવેકને ભૂલી જઇ પશ્ચિમનું અંધ અનુકરણું કરવામાં જ શિક્ષિતતાની સાર્થકતા સમજવા લાગ્યો, અને અશિક્ષિત લોકો શિક્ષિતને પગલે ચાલવા લાગ્યા. પરિણામે આજ આપણા સામાજિક જીવનમાં પરસ્પર સંઘટ્ટિત થતાં અનેક તત્વો દશ્યમાન થઇ રહ્યાં છે. આની અસર દેશના કળા અને ધર્મ જે લોકજીવનમાં અતિ મહત્વનો ભાગ ભજવે છે તેના ઉપર થયા વિના કેમ રહે? જડવાદની પ્રતિષ્ટા વધારનાર પાશ્ચાત્ય સંસ્કૃતિના યોગે ધર્મના સારાં તત્વો પણ ધાંધલથી ભરેલાં લેખાયાં છે અને કળાના રસમય નૈસર્ગિક આવિર્ભાવને તિલાંજલિ અપાવા માંડી છે. હિંદની કળામાં ભાવનાત્મક તત્વ ઘટતું જાય છે; સ્થૂળતા વધતી જાય છે. ધર્મપરિપોષકતા ઓછી થાય છે; વિકારવિવર્ધકતા પોષણ પામે છે. દેશના રસવિહાર સુનાં થતાં જાય છે; કૃત્રિમ ફફડાટ વધતો જાય છે. ધાર્મિક ઉત્સવોની મસ્તી આજ કયાં છે? કયી કુલીન બાલાઓ આજ ચાંદનીમાં રાસડા ગાતી જોવામાં આવે છે? પોશાકમાં પણ ફેશનની વિવિધ ઘટના પાછળ અનુકૂલતા કે સુન્દરતાના આદર્શો અવગણનાને પામે છે; પશ્ચિમના તત્વો વિનાવિવેકે દાખલ કરવાથી આપણા માનસજીવનને મોટો આઘાત લાગ્યો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે અને વ્યવહારૂ જીવનમાં વર્ણસંકરતા વધી છે. આ પરિસ્થિતિની માઠી અસર આપણા ધાર્મિક જીવનમાં સવિશેષ વ્યક્ત થાય છે તે જોતાં સહૃદય વિચારકને ગ્લાનિ થયા વિના રહેતી નથી. જે સ્થિતિ અન્ય ધર્મોની થઇ છે તેજ સ્થિતિથી જૈનધર્મ પોતાનો બચાવ કરી શકેલ નથી, એટલુંજ નહિ પણ કળામાં વિશુદ્ધિ પ્રેરવાનું જે ધર્મને માન ઘટે છે તેજ ધર્મ કળાના દૃષ્ટિબિન્દુએ સૌથી વધારે અધઃપતન થયેલો દેખાય છે. આનો સવિસ્તર પ્રસ્તાવ કરી જૈન બંધુઓનું તે દિશામાં લક્ષ્ય ખેંચવું અને કળાથી ધર્મનો અને ધર્મથી કળાનો પુનરૂદ્ધાર કરવા પ્રેરણા કરવી એ આ લેખમાળાનો આશય છે, જે દૈવેચ્છા હશે તો હવે પછીના અંકોમાં પરિપૂર્ણ થશે.

( અપૂર્ણ )

તા. ૨૩-૩-૨૦ મુંબઇ. } પરમાનંદ.

—:—

# ગૃહસ્થાશ્રમ.

( લેખક—દફતરી નંદલાલ વનેચંદ. )

ગૃહસ્થાશ્રમ એ એક સદ્‌ગુણની શિક્ષણશાળા છે, તે સંતપ્ત અને શ્રમિત માણસને શાંતિ-વિશ્રાંતિનું સ્થાન છે, મનને મર્યાદિત કરનાર મહા મંત્ર છે, ખેદ અને કંટાળાના રોગથી પીડાતા માણસને તે એક ઔષધશાળા છે, પ્રેમ અને ધીરજની તે સુયોગ્ય ભૂમિ છે અને અનુભવરૂપી રત્નોનો તે રોહણાચળ છે. મનુષ્ય ગૃહસ્થાશ્રમમાં આવ્યા પછી અનેક પ્રકારની યોગ્યતા મેળવે છે અને તે યોગ્યતાના યોગે પુરૂષ સમાજના અને દેશના અભ્યુદયનાં કામો કરવાને સમર્થ થાય છે. તેના મનની અનેક ચંચળ વૃત્તિઓ ત્યાં શાંત થાય છે. તે ત્યાં વધારે વિશ્વાસપાત્ર બને છે, અને ધૈર્યનું શિક્ષણ ત્યાં તેને મળતું રહે છે.

બ્રહ્મચર્યાશ્રમની સ્થિતિમાં રહી પોતાનું વિદ્યાગ્રહણનું કર્ત્તવ્ય યથાયોગ્ય બજાવ્યા પછી મનુષ્યને ગૃહસ્થાશ્રમની પાયરીએ ચડવાનું છે. પતી પત્નિનો સંબંધ એ ગૃહસ્થાશ્રમની શરૂઆત સૂચવે છે. આ શરૂઆતની સાથે દંપતીને પ્રેમપાઠ મળે છે. પરસ્પર નિર્દોષ સ્નેહ કેમ જળવાઇ રહે તેને માટે કાળજી ઉત્પન્ન થાય છે. "જો તમારી સ્ત્રી તમને ચ્હાય તો જ તમે તેને ચ્હાઓ અને તે ચ્હાતી બંધ થાય એટલે તમે પણ તેને ચ્હાતા બંધ થાઓ" એ ખરા-સાચા સ્નેહનું લક્ષણ નથી, પણ માત્ર એક પ્રકારની સ્વાર્થવૃત્તિ છે. સ્વાર્થને દૂર કરતાં તે પ્રેમનો પ્યાલો કદાચ પ્રથમ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તમને કડવા લાગશે, પણ પછી જીંદગીભર તમને હસાવશે અને આનંદમગ્ન કરી મૂકશે. માટે પુરૂષે પોતાની પત્ની તરફ પ્રેમ અને દીલસોજી દર્શાવવી જોઇએ. જો ખરો પ્રેમ સ્ત્રીને પોતાની તરફ આકર્ષણ ન કરી શકે તો જગતમાં બીજી એવી કઇ વસ્તુ છે કે જે એક બીજાના હ્રદયને આકર્ષી શકે? પ્રેમી દંપતી જેવું જગતમાં બીજું ઉત્તમ જોડલું કયું હોઈ શકે? આ કારણથી પતિ પત્નીની મિત્રતા ઉત્તમ કહેલી છે.

ગૃહસ્થાશ્રમમાં આવ્યા પછી પ્રેમની ખીલવણી અજબ પ્રકારની થાય છે અને તે એટલે સુધી કે તે અપરિમિત પ્રેમને બીજા અસ્થિર પદાર્થોમાંથી આકર્ષી ચિદાનંદ સ્વરૂપ પરમાત્મા સાથે તેનું જોડાણ કરી શકાય છે અને જેને માટે આપણે અનેક ભવ્ય ભક્તજનોના દાખલાઓ બહુ વાર સાંભળી ગયા છીએ; માટે ગૃહસ્થાશ્રમ એ સ્નેહ-લતાને અતિશય વિશાળ બનાવવાનો નંદનવન જેવો બગીચો છે. માનસિક શાસ્ત્રના રચનારાઓએ પ્રેમવૃત્તિના ત્રણ વિભાગ પાડયા છે. મોટા પુરૂષો તરફના પ્રેમભાવને તેઓ ભક્તિ અથવા પૂજ્યભાવથી પ્રરોપે છે, સમાન વય અને સમયોગ્યતાવાળા પુરૂષો તરફના પ્રેમભાવને તેઓ મૈત્રી યા ભ્રાતૃભાવના નામથી સમજાવે છે અને પોતાથી ઉતરતી પંક્તિના માણસો તરફની પ્રેમભાવનાને તેઓ દયા-કરૂણાના અભિધાનથી ઓળખાવે છે. આ ત્રણ વિભાગમાં પ્રેમની અપરિમિતતા છતાં પરિસીમા બંધાઇ જાય છે. તે ત્રણે વિભાગમાં તેનું સંક્રમણ કરવાનો માર્ગ ગૃહસ્થાશ્રમીના હાથમાં છે. પોતાના માબાપો, વડીલો, ગુરૂજનો અને પરમાત્મા તરફ ભક્તિ-પૂજ્યભાવ દર્શાવી પ્રથમ વર્ગના પ્રેમનું યથાર્થ પરિપાલન કરી શકે છે. પોતાનાં ભાઈ બ્હેન મિત્રો વિગેરેના સંબંધમાં તે પોતાનો મૈત્રીભાવ વિકસીત કરી શકે છે. પોતાની પત્ની તરફ તે સહધર્મચારિણી યા સંસારના સાથી તરીકેનો નિઃસ્વાર્થ સ્નેહ બતાવી શકે છે. પોતાનાં પુત્ર પુત્રીઓ, દાસવર્ગ અને બીજા બધા પ્રાણીવર્ગ તરફ તે કરૂણા યા માયાના રૂપમાં પોતાનો સ્નેહ વ્યક્ત કરી શકે છે. આવી રીતે ગૃહસ્થો ચારે બાજુથી સ્નેહ ખીલવી શકે છે અને વધારી શકે છે. એક અમેરીકન લેખક પ્રેમના સંબંધમાં જણાવે છે કે "પ્રેમવગરનું જીવન તે જીવનજ નથી અથવા તેવું જીવન તે જીવતું મરણ છે." આપણે એટલું તો જાણવું જોઇએ કે પ્રેમના ગુલાબની નીચે સ્વાર્થના કાંટા રહેલા છે, માટે તેનાથી સાવચેતી રાખવાની છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आडंबर.

( લેખક—દફતરી નંદલાલ વ્રેચંદ )

પૂર્ણ વિકાસ પામેલા કેસુડાંનાં કુસુમો ભલે શરૂઆતમાં જોનારનું મન હરણ કરી લે, પણ જ્યારે ગુલાબ અને માલતી પુષ્પ સાથે સુગંધમાં તેની સરખામણી કરીશું ત્યારે કેસુડાંના કુસુમોમાં આડંબર માત્ર લાગશે. એક મૂર્ખ માણસને બેરીસ્ટરનો ઝભો પહેરાવી ન્યાયમંદિરમાં ઉભો રાખશો તો જ્યાંસુધી તે વાકયોચ્ચાર નહિ કરે ત્યાં સુધીજ તેનું માન જળવાઇ રહેશે, બોલવા જતાં તેની કિંમત એક દમડીની થઇ જશે. દમડીને ચમડી કરતાં પણ વધારે વહાલી માનનાર એક કંજુસ માણસ કદાચ દાતારની બરોબરી કરવા તેની પાસે બેસશે, પણ યાચકનો પ્રસંગ આવતાં ઉત્સાહથી ઉદારતા કરવાને વખતે કંજુસની કસોટી સ્વયમેવ થઇ જશે.

સિંહના ચર્મથી પોતાને વનરાજ માનનાર શીયાળ હાથીનો સમાગમ થતાં પોતે પલાયન કરી જશે. શૂરવીર યોદ્ધાનો ફાંકો ધરાવનાર અને મોટી મોટી વાતોથી પોતામાં પ્રબળતા સિદ્ધ કરનાર સુભટની વીરતા શત્રુની સામે આવતી સેનાના શસ્ત્રાઘાત વખતે પ્રગટ દેખાઈ આવશે. માત્ર બાહ્ય વેશથી લોકો પાસે પોતાને સાધુ મનાવનાર અને કશી જાતનાં અભિમાન વિના પોતાની લઘુતામાં રમનાર એ બંન્નેની સાધુતા જ્યારે તેમનાપર પ્રાણ સંકટનો યા તો દંડપ્રહારાદિનો પ્રસંગ આવશે ત્યારે ક્રોધ અને ક્ષમાના ચિન્હથી સ્પષ્ટ થઇ જશે.

આવા અનેક ઉદાહરણો જ્યારે વિચારીએ છીએ ત્યારે ખરેખરી ખાત્રી થાય છે કે દુનિયામાં આડંબર રાખનાર મનુષ્ય આખરે પ્રગટ થયા વિના રહી શકતો નથી. તમે કદાચ ધારતા હશો કે આડંબર વિના લોકો અંજાતા નથી પણ તેમ માનવામાં ગંભીર ભૂલ થતી જોવામાં આવે છે. ઘણીવાર આડંબરના યોગે આપણે પોતાને અપમાનની સાંકડી શેરીમાં ઘસડી જઇએ છીએ. માણસને પોતાનું માન જાળવી રાખવામાં આડંબરની જરૂર પડતી નથી, પણ વધારે લાયકાતની જરૂર પડે છે. જેની પાસે લાયકાત ન હોય તેને આ આડંબરનો આશ્રય લેવો પડે છે અને બહુધા તેમ જોવામાં પણ આવે છે; પરંતુ જેઓ પોતે ગંભીર અને ધીર છે તેઓ ખોટો ડોળ બતાવી વિશ્વને વંચિત કરવાવડે કુદરતનો અપરાધ કરતા નથી.

આડંબર એ એક તમાકુ કે બીડી જેવું વ્યસન છે. ને દાખલ થયા પછી માણસ યોગ્યતાની ઓછી કાળજી રાખતાં શીખે છે. એટલુંજ નહિ પણ આવેલ યોગ્યતાને પણ તે ખોઇ બેસે છે. તમે એક વકીલના પદને લાયક હો તો તે પદને લાયક તમારૂં માન તમે જાળવી રાખો, પણ તે પદને તમે યોગ્ય ન થયા હો તો આડંબર બતાવવાનો પ્રયત્ન કરવામાં નહિ, પણ તે પદને લાયક થવાના પ્રયત્નમાં તમે તમારૂં બળ અને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આશાકી લાગશે. તમે કોઈ શેઠના વાણોતરનું કામ કરતા હો તો તમારી જગ્યાને લાયક તમારૂં વર્ત્તન અને વેશ રાખો, આડંબરનો ઓપ ચડાવીને નહિ પણ ખાસ જાત મહેનતમાં કાળજી રાખી આગળ વધીને તમારી મોટાઇ દેખાડો. તમારી પાસે વધારે પૈસા ન હશે પણ તમારૂં વર્ત્તન અને વેશ સાદાઇવાળાં હશે તો લોકો તમને હસી નહિ કહાડે. પણ તમારી સાદાઇ જોઇ તમારા ગુણ ગાવા તત્પર થશે; પરંતુ તમે પોતાની સ્થિતિ વગર જો ઝગમગતા જમાનાનો ઠાઠમાઠ ભરેલો વેશ અને તેવું જ હદ બહારનું વર્ત્તન રાખશો, તો લોકો કદાચ તમારી સ્હામે આવી નહિ કહે, પણ પાછળથી તો એમજ કહેશે કે " જોયો સાહુકારનો દીકરો, હાથમાં સ્ટીક, પગમાં વિલાયતી બુટ, આંખપર ચસ્મા, મુખમાં પાનની પટ્ટી અને સીગારેટ, ખીસ્સામાં સેન્ટસિક્ત રૂમાલ, માથા પર બાબરી અને અધુરામાં પૂરૂં હાથમાં ખોટી મુદ્રિકા— આવી રીતે ફેશનવાળા સુધારામાં સામેલ થઈ ફાંકડો બની ફરે છે અને ઘરે તો ડોસી અને બૈરી બિચારાં લુખું અન્ન ખાઇ જેમ તેમ જીવન ગાળે છે; છતાં આ ભાઇ સાહેબ મોટો નવલશાહ હીરજી થઈ ફરતો ફરે છે. " આવી લોકવાણી માત્ર ન છાજતા આડંબર કરનારા માટેજ વપરાય છે.

આડંબરની આજુબાજુ ખોટી મોટાઇ લપેટાયેલી હોય છે અને તેના મધ્ય ભાગમાં ઉદ્ધતાઇના કણો રહેલા હોય છે, નમૃતા, પ્રેમ, શાંતિ, માયાળુતા અને દયા વિગેરે સારા ગુણોનાં સત્ત્વને તે ચૂસનારા છે. ઉદ્ધતાઇના યોગે માણસ વિદ્યા મેળવવાને અયોગ્ય બની જાય છે, એટલુંજ નહિ પણ પોતાની ખુમારીની ખટાશથી તે પોતાના વડીલોનું માન પણ જાળવી શકતો નથી. આવો મિથ્યા આડંબર કરવા જતાં માણસ પોતે પોતાને પામર બનાવે છે.

# स्नेह लग्न.

( પ્રયોજક–કસ્તુરી નંદલાલ વનેચંદ )

આજ કાલ દુનિયાના વાતાવરણમાં જ્યાં ત્યાં સ્નેહલગ્નોનોજ પવન ફૂંકાય છે. સ્નેહ લગ્ન એજ જીંદગીને સુખમય બનાવનાર છે એમ સર્વત્ર મનાય છે અને સ્નેહ લગ્નથીજ સ્વર્ગીય સુખ આ લોકમાં માણી શકાય છે એમ અનુભવીઓ કહે છે. જ્યારે સ્નેહ લગ્નને માટે આટલું બોલાય છે અને તેને આટલી અગત્ય અપાય છે ત્યારે એ સિદ્ધાંતને આપણા હિંદુલગ્નમાં સ્થાન છે કે કેમ તે આપણે વિચારવું જોઇએ.

પરંતુ એ પ્રશ્નમાં ઉંડા ઉતરીએ તે પહેલાં સ્નેહ લગ્નનું સ્પષ્ટીકરણ કરવું ઠીક પડશે. એક પક્ષ કહે છે કે પ્રથમ સ્નેહ અને પછી લગ્ન ત્યારે બીજો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પક્ષ કહે છે કે પ્રથમ લગ્ન અને પછી સ્નેહ. પ્રથમ પક્ષનું એમજ માનવું છે કે લગ્ન થયાં પહેલાં સ્નેહનાં અંકુરો ફુટવાં જોઇએ, એટલુંજ નહીં પણ સ્નેહ સાધારણ રીતે ખીલેલો હોવો જોઇએ. તેઓ દૃઢતાપૂર્વક કહે છે કે જ્યાં સ્નેહ જાણ્યા સિવાય લગ્ન છે ત્યાં સ્નેહ પાછળથી બહુ ઓછા પ્રમાણમાં સંભવી શકે છે અને પરિણામે તે લગ્ન વિજયી નીવડતું નથી; પરંતું જો લગ્ન પહેલાં સાધારણ પ્રમાણમાં સ્નેહ જાગ્યો હોય તો તેઓ લગ્ન પછી તેને પોષીને ખીલવે છે અને તેમના જીવનની ફત્તેહમાં લગ્નને સાધનરૂપ બનાવે છે. બીજો પક્ષ કેવળ જુદાજ વિચારનો છે, તે તો ખુલ્લી રીતે કહે છે કે લગ્ન પહેલાં સ્નેહ એ બનવા જોગજ નથી અને જો કાંઈ સ્નેહ જેવું જણાતું હોય તો તે શુદ્ધ નહિ પણ સ્વાર્થી સ્નેહનું ચિન્હ છે અને તેનાથી ધારેલું સુખ કાયમનું નહીં પણ ક્ષણિક છે, પરિણામે તેના કાર્યમાં તે નિષ્ફળ નીવડી જીવનને વિષમય બનાવે છે.

બંને વાતના ગુણદોષ વિચારતાં એટલું તો સ્પષ્ટ જણાઇ આવે છે કે પ્રથમ પક્ષનું કહેવું પાશ્ચિમાત્ય પ્રજાને વિશેષ પ્રમાણમાં લાગુ પડે છે, ત્યારે બીજા પક્ષના વિચારો આપણા સમાજને બહુધા મળતા છે. પાશ્ચિમાત્ય પ્રજામાં વ્યક્તિસ્વાતંત્ર્ય સર્વ રીતે પ્રસરેલું છે, એટલે ત્યાં લગ્નથી જોડાયાં પહેલાં એક બીજા તરફ સ્નેહ દોરવા તેમને પૂરતો અવકાશ છે. જો કે આવી રીતે ધારેલો સ્નેહ પરિપક્વ નહીં હોવાને લીધે તેઓ ઘણીવાર છેતરાય છે અને જીવનને દુઃખમય બનાવે છે, પરંતુ આવી રીતે કરેલા સાહસનું પરિણામ તેઓને વિશેષ વખત સહન કરવું પડતું નથી; કારણ કે તેમના બંધારણ મુજબ તેઓ લગ્નને એક જાતનો કરાર માને છે અને તેની ગાંઠમાંથી તેઓ વિના સંકોચે મુક્ત થઇ શકે છે. જે વ્યક્તિસ્વાતંત્ર્ય તેમને અપરિપકવ સ્નેહમાં ફસાવે છે, તેજ વ્યક્તિસ્વાતંત્ર્ય તેમની સહાયે આવે છે અને તેમના દુઃખનો અંત લાવે છે. આવી રીતે મુક્ત થયેલું જોડું જો કે થોડા સમય માટે આનંદ માને છે, પરંતુ વખત જતાં તેમને કોઇ નવાજ માણસ સાથે સંબંધમાં ઉતરવું પડે છે. તેના જીવન સાથે પોતાનું જીવન જોડવું પડે છે. આ નવીન જોડાનું જીવન કેવું જશે એ તેના લગ્ન પછીના સ્નેહના વિકાસ ઉપર અવલંબે છે.

હિંદુ સમાજમાં આથી ઉલટોજ પ્રયોગ છે. અહીં લગ્ન પહેલાં સ્નેહને ઉદ્ભવવામાં આપણા રીતિ રીવાજો આડાં આવે છે. બાળપણથીજ સગપણની ગાંઠથી જોડાએલાં જોડકાને સ્નેહનું ભાન શું હોઇ શકે? તેમના સંસારના પરિણામને માટે તો તેમના વડીલોજ જવાબદાર છે.

આ એક કુરિવાજનું પરિણામ છે એમ માની આપણે આપણી પુરાતન સ્વયંવર પદ્ધતિને તપાસીશું તો પણ જણાશે કે તે પ્રસંગે લગ્નનો નિર્ણય લાવનાર શારિરીક સંપત્તિ અગર બીજી કોઇ એકજ દિશામાં સંપાદન કરેલી પ્રવીણતા હતી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને જે પ્રવિણતા દાખવતાં તેઓ લગ્નને માટે લાયક ગણાતા. પછી ભલેને તેમનામાં સ્નેહના અંકુરો હોય વા ન હોય. આ ઉપરથી એમ તો સિદ્ધ થાય છે કે હિંદુ-સમાજમાં લગ્ન પહેલાં સ્નેહ એ સિદ્ધાંતનો સ્વીકાર નથી. સાથે એટલું પણ કહેવું પડશે કે લગ્ન પછી સ્નેહ એ સિદ્ધાંતને હિંદુઓ શ્રદ્ધાપૂર્વક માને છે અને અનુભવીઓ કહે છે કે તેનાં ફળ મીઠાં છે. હિંદુલગ્ન એ કરાર નહીં પણ ધાર્મિક બંધન છે, અને તેમાં એક વખત બંધાયા પછી માણસ મુક્ત થઇ શકતો નથી. વળી તે બંધન ધાર્મિક હોવાને લીધે કેટલીક એક બીજા પ્રત્યેની ફરજો તેમને માથે રહેલી છે અને આ ફરજો તેમનામાં નવીન સ્નેહ ઉત્પન્ન કરે છે. એકંદર તેમનું જીવન આનંદી અને સુખમય બનાવે છે. કેટલાક પ્રસંગોમાં આપણા કેટલાક કુરિવાજોને લીધે વિરૂદ્ધ પ્રકૃતિના માણસો લગ્નથી જોડાય છે, તે વિરૂદ્ધ દિશામાં વહન કરે છે અને તેમને કટુ જીવન પસાર કરવા પ્રસંગ આવે છે, પરંતુ ધર્મની જે પવિત્ર ભાવનામાં શ્રદ્ધા રાખી તેઓ જોડાયા છે તેજ પવિત્ર ભાવના તેમની મદદે આવે છે અને તેમનામાં સ્નેહનાં બીજ વાવે છે. આપણાં લગ્નો ધર્મલગ્ન છે એવું તેઓ માને છે અને—સંપૂર્ણપણે સમજે છે કે લગ્નથી જોડાયલા સ્ત્રી પુરૂષો બજારની ચીજ માફક બદલી શકાતાં નથી. આવા પ્રકારની ઉમદા સમજ તેમને તેમની પવિત્ર ફરજનું ભાન કરાવે છે, તેના પરિણામે તેઓ એકબીજાનાં ગુણદોષ સહન કરવાના અને તેને નીભાવી લેવાના સ્તુત્ય રસ્તા તરફ વળે છે. આથી તેમના જીવનસુખ ઉપર આવતું વાદળ ક્રમશઃ વેરાઇ જઇ તેને ઉજ્જવળ બનાવે છે. 'સ્નેહ પછી લગ્ન નહીં, પરંતુ લગ્ન પછીજ સ્નેહ ' એમ તેઓ આગ્રહપૂર્વક કહે છે. તેમની આવા પ્રકારની માન્યતા અને તેના અમલને લીધે તેમનામાં દંપતિ પ્રેમ જામે છે, એક બીજા માટે પૂજ્ય ભાવ રહે છે અને તેઓ પરસ્પરનાં સુખનાં સાધનો વધારવા પ્રયત્નશીલ રહે છે.

આપણાં લગ્નો વ્યક્તિસ્વાતંત્ર્ય બહુ ઓછા પ્રમાણમાં સ્વીકારે છે. અને સહકારના સિદ્ધાંતને અનુસરી સ્ત્રી અને પુરૂષ બન્નેના સંયુક્ત બળને જીવનની ફત્તેહ માટે આવશ્યક માને છે. આ પ્રમાણે તેઓ તેમનાં જીવનને સુખી અને આનંદી બનાવવા પરસ્પરાવલંબનનો સ્વીકાર કરે છે અને એકબીજાની ન્યૂનતા પૂરવામાં પોતાનું શ્રેય સમજે છે આ ઉપરથી સમજાય છે કે હિંદુઓમાં લગ્ન પછીજ સ્નેહ સંભવિત છે, અને આ સ્નેહને લગ્નની પવિત્ર ભાવના ખીલવે છે. આવી રીતે ખીલેલો સ્નેહ તેજ શુદ્ધ અને ચિરસ્થાયી સ્નેહ છે, અને જે લગ્નોદ્વારા આ સ્નેહ ઉદ્ભવે છે તેને જ સ્નેહલગ્ન એ નામ આપી શકાય. હિંદુઓમાં આપણે જોયું તેમ સ્નેહને જન્મ આપનારા લગ્નો થાય છે, માટે હિંદુઓના ધર્મલગ્ન તેજ સ્નેહલગ્ન લેખી શકાય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# रेशमी कापड तथा हाथीदांतनी जैनोमां वधती जती वपराश.

જૈનોનો મુખ્ય સિદ્ધાંત **अहिंसा परमो धर्मः** આખી દુનિયામાં સુપ્રસિદ્ધ છે. આ સિદ્ધાંત આપણા ચારિત્રમાં નથી ઉતર્યો એથી કરીને આપણી અધોગતિ થઈ છે. આપણે એવા સંકુચિત અને નબળા વિચારના છીએ કે એક વસ્તુનો દોષ આપણે નજરે જોઇએ, મહાન્ પુરૂષો તેના દોષની સાક્ષી આપે, જરા પુરૂષાર્થ કરીએ તો એ દોષમાંથી આપણે મુક્ત થઇ શકીએ, છતાં આપણે એ દોષમાં સ-ડ્યાજ કરીએ છીએ. રેશમ કયાં થાય છે, કેમ થાય છે, એ વાત હવે સૌ જાણે છે. રેશમી કાપડ તૈયાર કરવામાં હજારો નિર્દોષ કીડાઓનો મહા કમકમાટ ઉપજે એવી રીતે પ્રાણ લેવામાં આવે છે એ સૌ સમજે છે; છતાં રેશમની વપરાશ ઘટા-ડવા અને નાબૂદ કરવા આપણે કાંઇ પ્રયત્ન નથી કરતા. કરવું, કરાવવું અને કરેલું અનુમોદવું એ ત્રણે ક્રિયામાં આપણે સરખું પાપ માનીએ છીએ, એટલે રેશમ વા-પરીને આપણે ચોખ્ખી રીતે હિંસા કરાવીએ છીએ એ કોઇથી ના પાડી શકાય એમ નથી; છતાં પ્રભુપૂજા જેવા કાર્યમાં આપણે રેશમી કપડા પહેરીએ છીએ. તેવા કાર્યમાં તો રેશમને અડવુંજ ન જોઇએ. જુની રૂઢી અને જુના ઢાળા જો દોષવાળા જણાય તો આપણે એનો ત્યાગ કરવોજ જોઇએ લગ્નાદિ પવિત્ર પ્રસંગોમાં તેમજ હરકોઇ ઉત્સવના પ્રસંગોમાં આપણે–ખાસ કરીને બૈરાંઓ–રેશમી કાપડ પહેરી આનંદ માનીએ છીએ. એવી પણ માન્યતા છે કે સુતરાઉ પોલકા, ચોળી વિગેરે જો કોઇ પહેરે તો ખોટું પહેર્યું છે એવી આપણા બૈરાસમાજમાં ટીકા થાય. કેટલી અંધતા ! જે ખોટું છે તેને સાચું કહીએ છીએ અને જે સાચું છે તેને ખોટું કહીએ છીએ. ખરા જૈન જો આપણે થવું હોય તો હાથના વણેલા, હાથના કાંતેલા, હાથના પીંજેલા સુતરાઉ કે ઉનના કપડા આપણે વાપરવા જોઇએ. એ દશાએ પ્હોંચવા સારૂ રેશમનો ત્યાગ કરવો એ તો પ્હેલું પગથીયું છે.

હાથીદાંત સંબંધી પણ એજ સ્થિતિ છે. હાથીદાંત હાથીની હિંસાથી મેળ-વાય છે એ સૌ જાણે છે. આપણી બ્હેનો, આપણી માતાઓ, આપણી દીકરીઓ પોતાના પરમ સૌભાગ્યના ચિન્હ તરીકે ચુડીઓ વાપરે છે. તે ચુડીઓ ખાસ કરીને હાથીદાંતની હોવી જોઇએ એવો આગ્રહ આપણે કરીએ છીએ. લાકડાની ચુડી કોઇ પહેરે તો આપણે એની નિંદા કરીએ છીએ; પરંતુ આપણે હાથીદાંતની ચુડીઓ ન વાપરવી જોઇએ. તેના બદલે ગમે તે વાપરવું પણ દોષવાળી વસ્તુ તો કદી વાપરવી નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઉપરાંત રેશમી કાપડ અને હાથીદાંતના વપરાશથી પૈસાની પણ જેવી તેવી પાયમાલી થતી નથી. પ્રજા તરીકે આપણામાં રહેલા સડા તો દૂર કરવાજ પડશે. આટલી મારી નમ્ર પ્રાર્થના છે. શાહ ફુલચંદ કસ્તુરચંદ.

વઢવાણ શહેર.

## भूलनो सुधारो.

અમારી સભા તરફથી બહાર પડેલ દેવદ્રવ્ય નામના નિબંધમાં અને શ્રી જૈન ધર્મ પ્રકાશમાં આપેલા સંબોધ સિત્તરીના વિષયમાં પુ૦ ૧૦ માના અંક બીજામાં તેની ૧૦૧ ને ૧૦૨ મી ગાથાના અર્થમાં ભૂલ થયેલી છે. તે ગાથા આ પ્રમાણે છે:—

जिण पवयण वुड्ढिकरं, पभावगं नाणदंसणगुणाणं, ।
रक्खंतो जिणदव्वं, तित्थयरत्तं लहइ जीवो ॥ १ ॥

આ ગાથામાં અને તેની પછીની ગાથામાં પ્રથમના બે પદ જે દ્રવ્યના વિશેષણ તરીકેના છે તેને અર્થમાં મનુષ્યના વિશેષણ તરીકે લખેલા છે. અર્થ આ પ્રમાણે લખ્યો છે.

"જિન પ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાન દર્શન ગુણનો પ્રભાવક એવો જીવ જો દેવદ્રવ્યનું રક્ષણ કરે છે તો તે તીર્થંકરપણા પ્રત્યે પામે છે."

સંબોધ સિત્તરિ નામની બુક અમદાવાદ જૈન વિદ્યાશાળા તરફથી સં–૧૯૫૩ માં છપાયેલી છે, તેમાં પણ આવો ભૂલભરેલોજ અર્થ કરવામાં આવ્યો છે.

આનો વાસ્તવિક અર્થ તે પ્રકરણ ટીકા સહિત શ્રી જૈન આત્માનંદ સભા તરફથી હાલમાં છપાઈને બહાર પડેલ છે તેની અંદર ટીકાકાર શ્રી ગુણવિનય વાચકે આપેલો છે. દ્રવ્યસપ્તતિકા નામનું પ્રકરણ ટીકા અને ગુજરાતી અર્થ સાથે સંવત ૧૯૫૮ માં અમે છપાવેલું છે તેની અંદર પણ વાસ્તવિક અર્થજ આપેલો છે, પરંતુ દેવદ્રવ્યના નિબંધની ઘણી આવૃત્તિઓ થતાં છેલી સંવત ૧૯૭૦ માં છપાયેલી આવૃત્તિમાં પણ ભૂલભરેલો અર્થજ છપાયેલો હોવાથી અમે અહીં સુધારો પ્રગટ કર્યો છે. "જિન પ્રવચનની વૃદ્ધિ કરનાર અને જ્ઞાન દર્શન ગુણનું પ્રભાવક એવું (અત્યુત્તમ) જિનદ્રવ્ય વધારનાર જીવ તીર્થંકરપણું પ્રાપ્ત કરે છે." આ તેનો વાસ્તવિક અર્થ છે.

આ હકીકત અમારા ખ્યાલમાં લાવવા માટે અને તે પ્રગટ કરવા માટે પ્રેરણા કરનાર મુનિરાજ શ્રી કર્પૂરવિજયજીનો અમે આભાર માનીએ છીએ.

તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# मुश्केलीओ अने गूंचवणो.*

"જે માણસ, માણસ થવાની ઇચ્છા રાખે તેણે પોતાના આત્માનું રાજતંત્ર ચલાવવું જોઇએ. ત્યાં તેણે ભય અને આશાનાં અંધેરને સમાવી દેવાં જોઇએ. તેણે સત્તાવાન થવું જોઇએ અને પોતાના મનોરાજ્યમા શાંતિથી પોતાનું તાજ સ્થાપવું જોઇએ-મન ઉપર આધિપત્ય મેળવવું જોઇએ."

"શું તમે તમારા કાર્યમાં ભૂલ કરી છે ? શું તમે ઇષ્ટાર્થની પ્રાપ્તિમાં હાર ખાધી છે ? ફિકર નહિ, ફરી વખત પ્રયત્ન કરો ! નિરાશ-હતાશ કદી ન થાઓ !"

મુશ્કેલી અને ગૂંચવણમાંથી ગમે તેટલું સુખ મેળવી શકાય છે એમ માનવું ઘણાને નવાઇ જેવું લાગશે, પરંતુ સત્ય હકીકતમાં કાંઇ અને કાંઇ અજાયબી હોય છે. મૂર્ખના શાપો ડાહ્યાને આશીર્વાદ રૂપ પરિણમે તો તેથી આપણને અજાયબી જ લાગે, પણ ઉંડું નિરીક્ષણ કરશો તો તેમાં પણ સંભવિતતા લાગશે. અજ્ઞાન અને નિર્બળતામાંથી મુશ્કેલી જન્મ પામે છે; જ્ઞાન અને બળ મેળવવા માટે તે આપણને પોકારીને કહે છે.

ખરૂં જીવન જીવનારનું જ્ઞાન વધે છે તેમ તેમ તેની મુશ્કેલીઓ અથવા ગૂંચવણો અદૃશ્ય થવા માંડે છે. પછી તેને મુશ્કેલીઓ અને ગૂંચવણો ઝાકળના બિંદુઓ જેવી-સ્હેલાઇથી દૂર કરી શકાય તેવી લાગે છે.

જે સ્થિતિમાંથી તમારી મુશ્કેલી જન્મ પામી છે તે સ્થિતિમાં તમારી મુશ્કેલી સમાઇ નથી, પરંતુ જે માનસિક ભાવનાથી તમે એ સ્થિતિને પસંદ કરો છો અને વેઠો છો એ માનસિક ભાવનામાં તમારી મુશ્કેલી સમાઈ છે. બાળકને જે મુશ્કેલ લાગે છે તે મ્હોટા માણસને સહેલું કેમ લાગે છે ? બુદ્ધિશાળી પુરૂષોને જે સહેલું લાગે છે તે અજ્ઞાનીઓને મુશ્કેલ કેમ લાગે છે ? તે વિચારો.

બાળકના અવિકસિત મગજને એક સહેલો પાઠ શિખવામાં કેટલી મુશ્કેલી લાગે છે ? કેટલાએ કલાકો, દિવસો અથવા મહિનાઓ એ શિખવા પાછળ વીતી જાય છે ? મુશ્કેલીની કસોટી ભૂમિનો નિરાશાયુક્ત વિચાર કરવામાં તેને કેટલાએ વખત રોવું પડે છે ? શું એ મુશ્કેલી બાળકના અજ્ઞાનમાં નથી ? તો પછી તે બાળકના સુખ અથવા ભલાને માટે અથવા તેની બુદ્ધિના વિકાસને માટે એ મુશ્કેલી દૂર કરવી જોઇએ કે નહિ ? છતાં આપણે ઉપાલંભોથી ઘણી વખત તેની મુશ્કેલીમાં વધારો નથી કરતા ?

* મિ. જેઇમ્સ એલનના વિચાર સૂ.૯ 'નંદનવનને આંગણે' એ પુસ્તક ઉપરથી કેટલાએક ફેરફાર સાથે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જીવનની મુશ્કેલીઓનું પણ એવુંજ છે. પુખ્ત વયનાં માણસો પણ એથી ઘણી વખત ગભરાયેલા જોવામાં આવે છે; પણ તેમણે પોતાની ઉન્નતિને અર્થે ગમે તેટલા પરિશ્રમથી પણ હિંમત રાખી તે તે મુશ્કેલીઓ દૂર કરવીજ જોઇએ. 'હિમતે મરદાં તો મદદે ખુદા, દુઃખની પાછળ સુખ, અંધકારની પાછળ પ્રકાશ, અસ્ત પછી ઉદય' એ આદિ કહેવતોથી કોણ અજ્ઞાત છે? છતાં કેટલા થોડા એના ઉપર લક્ષ આપે છે? જેમ જેમ આપણે મુશ્કેલીઓનું નિવારણ કરીએ છીએ તેમ તેમ આપણે નવા નવા અનુભવો મેળવવા સાથે અમૂલ્ય પાઠો શિખીએ છીએ. વૃદ્ધ માણસો સલાહ પૂછવા યોગ્ય કે મત લેવા યોગ્ય કેમ હોય છે, તેનું કારણ? કારણ એજ કે તેમણે ઘણી ઠોકરો ખાધેલી હોય છે, ઘણી કસોટીમાંથી પસાર થયેલા હોય છે, ઘણા મુશ્કેલીઓના ડુંગરા ઓળંગેલા હોય છે અને એદ્વારા ઘણું નવું નવું શિખેલા હોય છે. જો કે આપણે તો ઘણી વખત 'સાઠી બુદ્ધિ નાઠી' કહી તેમને તિરસ્કારતા હઇશું અથવા તેમનું મૂલ્ય ઓછું કરતા હઇશું; પણ આ આપણું સાહસ છે-અજ્ઞતા છે. આપણે હજી તેમના જેવા થવામાં ઘણું બાકી છે. મહાન્ પુરૂષોની જીવનચર્યા તપાસો. તમને સ્પષ્ટ જણાશે કે તેઓ મુશ્કેલીથી પરાજિત થતા નથી. અથાગ પરિશ્રમ, અખૂટ ધૈર્ય અને અંગીકૃત કાર્યની સિદ્ધિમાં સંપૂર્ણ વિશ્વાસ સહિત તેઓ આગળ અને આગળ વધતાજ રહ્યા છે અને તેને પરિણામેજ તેઓ મહાન થયા છે. વિઘ્નથી ભય પામી કાયર પુરૂષો કાર્ય આરંભતાજ નથી, કેટલાક આરંભે છે પણ વિઘ્ન નડે છે કે તરત જ અટકી જાય છે. માત્ર ઉત્તમ પુરૂષો જ એવા હોય છે કે ગમે તેટલીવાર વિઘ્નો નડે તો પણ આરંભેલું કાર્ય છોડતાજ નથી અને નવાં નવાં શિક્ષણ તથા અનુભવ મેળવવા પૂર્વક આરબ્ધ કાર્યને અંતે જ પહોંચે છે. (આને માટે મહાત્મા ગાંધીજી, લોકમાન્ય તિલક વિગેરે દેશનાયકોની કાર્યપદ્ધતિનું ઉંડું અવલોકન કરો.) તમારે આગળ વધવું કે પાછા હઠવું એ તમારા પોતાના જ હાથમાં છે.

મુશ્કેલી વિજય પ્રાપ્તિનું કારણ છે. એની ખરી પ્રકૃતિ-સ્વરૂપ સમજવા માટે અત્યારે આપણામાં છે એના કરતાં વધારે દૂરંદેશી અને વિશાળ બુદ્ધિની જરૂર છે. મુશ્કેલી વિના વિકાસ અથવા ઉન્નતિ થઇ શકે નહિ. માણસને જેમ વધારે મુશ્કેલીઓમાંથી પસાર થવું પડે તેમ લાભકારક સમજવું. એ મુશ્કેલીઓમાંથી છૂટવા માટે તેને વિશેષ શક્તિઓ એકઠી કરવી પડે છે, તથા તે બળવાન બને છે. ખરી રીતે કોઇ પણ સ્થિતિ મુશ્કેલ હોઇ શકે નહિ, છતાં આપણને તે મુશ્કેલ લાગતી હોય તો તેમાં આપણા ડહાપણની ખામી હોવી જોઇએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિંતિ આવેલી લાગે છે, પણ તેનું આગમન સાંકેતિક અથવા સકારણ હોય છે. વિકાસક્રમના કાયદાને આધારે અને મનુષ્ય જીવનની નવી જરૂરિયાતોના આધારે તેનું આગમન થાય છે. જો એમ ન હોત તો 'જે થાય તે સારાને માટે' એવી કહેવત જગત્‌માં પ્રચલિત થાત નહિ.

આપણું વર્તન આપણને મુશ્કેલીમાં નાંખે અથવા તેમાંથી આપણો ઉદ્ધાર પણ કરે. આપણે ગમે તેટલી મજબૂતાઇથી બંધાઇ ગયા હોઇએ તોપણ આપણે ગમે તેમાંથી છૂટા થઇ શકીએ, મુશ્કેલી અને ગૂંચવણના ગમે તેવા ખડગંચડા અને જંગલી રસ્તામાં માણસ આથડતો હોય તોપણ તેમાંથી પોતાનો રસ્તો શોધી શકે છે અને પોતાને સુખી બનાવી શકે છે; પરંતુ માત્ર નિરાશ થઇને રોવાથી કે હમણે હાથ દઇને બેસવાથી, કલ્પાંત કરવાથી અથવા કોઈ બીજી સ્થિતિની ઇચ્છા કરવાથી તે પોતાની ઉન્નતિ સાધી શકતો નથી. તેના સંયોગો તેને ચાલાક, વિચારશીલ અને શાંત બનાવે છે. તેની સ્થિતિ તેને ફરજ પાડે છે કે તેણે પોતાના ઉપર પૂર્ણ કાબુ મેળવવો જોઇએ અને પ્રગતિમાં આગળ વધવાને માટે તેણે વિચારવું જોઇએ, શોધવું જોઈએ અને ખંતથી કાર્ય પણ કરવું જોઇએ. વાસનાઓ માત્ર દિલગીરીને અને મુશ્કેલીના વિસ્તારને વધારે છે. જો તે શાંતિથી પ્રવૃત્તિમાં પડશે અને શા કારણથી તે આ સ્થિતિએ પહોંચ્યો છે. એ જો વિચારપૂર્વક તપાસશે તો તે કયાં ભૂલ્યો છે, તે જલદીથી જોઇ અને શોધી શકશે અને જો ત્યાં તેણે થોડીજ બુદ્ધિ અને ચાલાકી વાપરી હોત તો તે બચી શકત, એમ પણ તે શોધી કાઢશે. તે કેવી રીતે ધીમે ધીમે ડહાપણ અને વિવેકબુદ્ધિની ખામીથી મુશ્કેલીમાં સપડાયો, તે પણ તે જોઈ શકશે અને પોતે વહેલો ન ચેત્યો તેને માટે પોતાની મૂર્ખાઇ ઉપર હસશે મુશ્કેલી દૂર કરવાના માર્ગો મળી ગયા પછી તે ભૂતકાળના ઈતિહાસમાંથી ડહાપણના અમૂલ્ય પાઠો શિખશે અને પ્રત્યેક આગંતુક મુશ્કેલી વખતે તે તેનો ઉપયોગ કરશે. પરિણામે તેની મુશ્કેલીઓનું પ્રમાણ ક્રમેક્રમે ઘટતાં તે સદંતર નાબુદ થશે; કારણ કે પછી તેવે પ્રસંગે તે પોતાનો માર્ગ સ્પષ્ટ જોઈ શકે છે અને ગૂંચવણમાં પડતો નથી.

જેવી રીતે અજ્ઞાન, સ્વાર્થ અને મૂર્ખતા આપણને મુશ્કેલીમાં નાંખે છે, તેવી રીતે જ્ઞાન, નિઃસ્વાર્થ અને બુદ્ધિમત્તા આપણને શાંતિ અને સુખ આપે છે. જે લોકો આ વાતને જાણે છે તેઓ હિંમતથી મુશ્કેલીઓની સામે ઉભા રહે છે અને તેને હઠાવીને દુઃખમાંથી સુખને અને અશાંતિમાંથી શાંતિને ઉત્પન્ન કરી શકે છે. જો આપણે સમયસૂચકતા વાપરવા પૂર્વક સાવચેત-સાવધાન રહીએ તો આ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



વ્યાવહારિક અથવા સામાજિક મુશ્કેલીઓ તથાપ્રકારના અજ્ઞાનમાંથી જન્મે છે. પણ જ્યારે તેનું અપાકરણ ( દૂર થવું ) થાય છે ત્યારે આપણે કાંઇ નવીનતા પ્રાપ્ત કરીએ છીએ. તેમ દરેક ધાર્મિક શંકા તથા મનની દરેક ગૂંચવણો અને આંતરનું આવરણ કરતી દરેક છાયા પરિણામે ચોક્કસ પ્રમાણનું ઇશ્વરી જ્ઞાન આપણને મેળવી આપે છે આ હકીકતનું તાત્પર્ય એ છે કે તે શંકા, તે ગૂંચવણ અને તે છાયા દૂર થાય છે એટલે માણસ બુદ્ધિના ઝગહળતા પ્રકાશને પામે છે.

જ્યારે જીવનના ભેદની ગુઢ મુશ્કેલીઓ કોઇ પણ માણસના મનને ઘેરે છે ત્યારે ( ભલે તે ન જાણતો હોય તોપણ ) તેની જીંદગીમાં એ એક મહાન દિવસ ગણાય છે; કારણ કે તે એમ સૂચવે છે કે હવે પછી તેની મુશ્કેલીનો અંત આવવાનો છે અને તે અંતની સાથે તે કોઇ ઉન્નત જીવન ગાળવાનો છે. ત્યારપછીથી તે એક ખરા ( પુરૂષાર્થવાળા ) મનુષ્ય તરીકે જીવન નિર્વહશે અને જીવનના ભેદના કોકડાં ઉકેલવાને માટે તથા મુશ્કેલીઓની સામે થવાને માટે તે પોતાની માનસિક શક્તિઓને કામે લગાડશે. મુશ્કેલીઓ એ સત્યના રસ્તાનો પહેરેગીર છે અને તે ડહાપણરૂપ મંદિરના દરવાજા ઉપર પહેરો ભરે છે.

મુશ્કેલીઓ દૂર કરવાને વખતે માણસે કયારે પણ સ્વાર્થી સુખ કે અજ્ઞાનમાં આનંદ માનવો નહિ–સ્થૂલ આનંદના ભોક્તા બનવું નહિ. તેમ કરવાથી તો ઉલટો મુશ્કેલીઓમાં વધારો થાય છે. ખરી વાત તો એ છે કે જ્યાં સુધી આપણી આંખો સત્યના ઉજ્વળ દિવસ ઉપર સ્થિર થાય નહિ, ત્યાં સુધી આપણે આરામ કરવો ન જોઇએ, પણ તેવો દિવસ મેળવવાની પાછળ અવિરતપણે મંડ્યા રહેવું જોઇએ.

જ્યારે મુશ્કેલીઓ દૂર થાય છે ત્યારે માણસ તેજના ઉજ્વલ પંથોને પામે છે અને તેને માટે આ વિશ્વના વિકટ રસ્તાઓ સરળ થાય છે. જ્યારે બાળક પોતાના આવડનો પાઠ શિખે છે, ત્યારે જેમ તે આનંદ પામે છે, તેમ જ્યારે માણસે સંતોષથી કોઇ મુશ્કેલીની સામે થાય છે ત્યારેજ તેમનાં હૃદયો હળવાં અને શાંત થાય છે. જે પ્રશ્નના નિરાકરણ માટે લાંબા વખતથી મહેનત કરવામાં આવતી હતી એ પ્રશ્નનો જ્યારે સંતોષકારક ઉત્તર મળે છે ત્યારે માણસનું હૃદય એથી પણ વિશેષ આનંદી અને શાંત થાય છે અને તેનામાં રહેલો અજ્ઞાનાંધકાર નાશ પામે છે.

તમારી મુશ્કેલીઓ નુકશાનકારક છે એમ કદી માનશો નહિ, પરંતુ તે તમને લાભદાયી છે એમજ માનજો, અને ખરેખર મુશ્કેલીઓ લાભપ્રદ જ છે. તેનાથી નાશી છુટવાનો પ્રયત્ન કરશો નહિ. એમ થવું અશક્ય છે, કારણ કે જ્યાં તમે જશો ત્યાં તે તમારી સાથેજ આવશે. ( નસીબ બે ડગલા આગળજ રહે છે. ) પરંતુ તેને

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શાંતિ અને હિંમતથી ભેટજો. તમારામાં જેટલી તાકાત અને જુસ્સો હોય તેટલાને એકઠો કરી તેની સામે થજો. તેના પ્રમાણને માપજો, તેનું પૃથક્કરણ કરજો, તેનાં પ્રત્યેક અંગોને સમજજો, તેની શક્તિને તપાસી તેને પણ સમજજો, તેના ઉપર હુમલો કરજો અને છેવટે તેનો નાશ પણ કરજો. આવીજ રીતે તમે શારીરિક બળ અને માનસિક બળ ( બુદ્ધિ ) મેળવશો અથવા ખીલવશો, અને આવીજ રીતે તમે આ સ્થુલ આંખોથી છુપાયલા પ્રકાશના રસ્તામાં દાખલ થઇ શકશો.

માસ્તર દુર્લભદાસ કાળિદાસ.

# परम उपगारी श्री वीर प्रभुनी कल्याणकारी जयंती उजववामां रस लेता सहु कोइ साधु साध्वी श्रावक श्राविकाओनुं खरुं कर्तव्य.

વ્હાલા આત્મબંધુઓ અને બ્હેનો !

એ ભાગ્યેજ જણાવવાની જરૂર છે કે આ પ્રસ્તાવે લેખક સદ્‍ગુણનિધાન શ્રી સંઘના ચરણની રજતુલ્ય પોતાને માને છે. પોતાનામાં અનેક પ્રકારની ખામીઓ છે એમ સમજપૂર્વક સ્વીકારે છે-કબુલે છે, પરંતુ પ્રભુના પરમ પવિત્ર શાસનના પ્રેમવશ પોતાના લેખાતા આત્મબંધુઓ તથા બ્હેનોની સેવામાં બે બોલ નમ્રપણે નિવેદન કરવા એવા આશયથી ઇચ્છે છે કે એથી કઇક ભાગ્યવંતો સ્વકર્તવ્ય સમજી જૈન શાસનની તેમજ જૈન સમાજની સેવા સ્વાર્થ રહિત કરવા જાગૃત થઇ, અન્ય પ્રમાદગ્રસ્ત જીવોને શુભ દૃષ્ટાન્તરૂપ બને એ પોતાને ઇષ્ટ અને અનુમોદન યોગ્ય છે અને એમ થવાની અત્યારે અત્યંત આવશ્યક્તા પણ છે.

આપણે વર્ષોવર્ષ પર્યુષણ પ્રસંગે કલ્પસૂત્રાદિક વાંચવાનું કે સાંભળવાનું અવશ્ય બને છે; પરંતુ ભગવાન મહાવીર પ્રમુખનાં ઉત્તમોત્તમ અનુકરણીય ચારિત્રાદિકમાંથી આપણે બહુજ થોડું ગ્રહણ કરીને, તેને પોતાના જીવનમાં ઉતારવાની દરકાર રાખીએ છીએ. એ કોઇ રીતે હિતકારી કે શોભાકારી તો નથીજ. ઘણે ભાગે એ પ્રસંગનાં વ્યાખ્યાનો મોટાં માનો, ઝપાટાબંધ વાંચી પતાવી દેવામાં આવે છે; તેના કરતાં તેમાંથી નીકળતો સાર શાન્તિ રાખી શ્રોતાવર્ગને રીતિસર સમજાવવામાં આવે તો અધિક લાભ થવા પામે એમ જણાય છે; કેમકે તે પર્વ દિવસોમાં શ્રોતાજનો પણ પ્રાયઃ તપસ્યાદિક કરીને તેમજ બીજી ખટપટો તજીને નિવૃત્તિથી પ્રભુનાં પવિત્ર ચારિત્રાદિક અને તેમાંથી નિકળતો અમૂલ્ય બોધ મેળવવા ઉત્સુક હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

તેથી વ્યાખ્યાન કર્તા મહાનુભાવોનું એ કર્તવ્ય છે કે શ્રોતાજનોને ભગવાન મહાવીર પ્રમુખના ઉત્તમોત્તમ ચરિત્રાદિકમાંથી જે જે સદ્બોધ પોતાના જીવનમાં જરૂર ઉતારવા યોગ્ય હોય તે યથામતિ સમજાવવા ખાસ પ્રયત્ન સેવવો, જેથી શ્રોતાજનોનું પણ તે તે અતિ અગત્યની બાબતો તરફ જરૂર લક્ષ ખેંચાય, અને જો તેઓ તે મુદ્દાની વાતો ખુબ લક્ષ રાખી સાવધાનપણે સાંભળી પોતાના જીવનમાં ઉતારી શકે તો તેમનું અવશ્ય કલ્યાણ થવા પામે. જયંતી પ્રસંગે પણ શ્રોતાજનોને કંઇક ખાસ મુદ્દાની બાબતો ખુબ ખંતથી સમજાવી ઠસાવવાની જરૂર છે. તે વાત તેના નિયામકોએ વિસારવા જેવી નથીજ.

ભગવાન મહાવીર પ્રભુના ચરિત્રમાં એવા અનેક પ્રસંગો જોવા-જાણવામાં આવે છે કે જો તે સહ્રદય બંધુઓ અને બ્હેનોના દીલમાં ઠસી જાય તો તેમનું પોતાનું જીવન બહુજ આનંદદાયક અને કલ્યાણકારી બને તેમજ તેમની સંતતિને પણ પરંપરાએ બહુ લાભકારક થવા પામે.

ક્ષમાદિક દશવિધ યતિધર્મ તથા આઠ પ્રવચન માતાનું યથાવિધ પાલન કરવામાં આજકાલ સાધુ-સાધ્વીઓમાં જે શિથિળતા વ્યાપી છે તે દૂર થવી જોઇએ. આજકાલ સુકૃતનો લોપ કરનાર અને પાપને પૂષ્ટ કરનાર જે દુષ્ટ દંભ વધી પડ્યો છે અને શુદ્ધ સરલતા અસ્તપ્રાય થઇ છે તે શાસનને તેમજ સમાજને અત્યંત હાનિકારક છે. સાધુઓ તેમજ સાધ્વીઓમાં પણ ખરો વિનય બહુ ઓછો જોવામાં આવે છે. આને માટે આગેવાનોને ખાસ જવાબદાર લેખવા જોઇએ. ' **मूलं नास्ति-कुतः शाखा** ' એટલે શાસનના મૂળરૂપ વિનયનોજ અભાવ થાય તો પછી બીજા જ્ઞાન-વિજ્ઞાન, સમ્યકત્વ અને ચારિત્રાદિક સદ્ગુણો તો કયાંથીજ આવે ? તે તે સદ્ગુણો પોતાનામાં અણછતા માની લેવા તથા મનાવવા પ્રયાસ કરવો એજ દંભ છે. ઉત્તમ જનો તો પૂર્વ મહાપુરૂષોનાં પવિત્ર ચરિત્રનો સાર સમજી સ્વ જીવન ચરિત્રને ઉજ્વળ બનાવવા બનતો પ્રયત્ન કર્યા કરે છે. આપણ સહુને ઉચિત છે કે પ્રભુના જીવન ચરિત્રમાંથી નીકળતો અમૂલ્ય સાર ગ્રહણ કરી તેને આપણા જીવનમાંજ ઉતારી દેવો અને આપણી ભાવી પ્રજાને પણ તેનો લાભ બને તેટલા પ્રમાણમાં મળતો રહે તેવું લક્ષ રાખ્યા કરવું. આપણા વિચાર, વાણી અને આચારને પવિત્ર બનાવવા ખરા દીલથી પ્રયત્ન સેવવો એજ આપણી ઉન્નતિનો ખરો ઉપાય છે. હવે માત્ર વાતો કરી બેસી રહેવાનો સમય નથી, પણ વીર્યોલ્લાસ લાવી સ્વપર હિત સાધવું જોઇએ.

ઇતિશમ્.

સન્મિત્ર મુનિ કર્પૂરવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# अनंत गुणानिधान, आसन्न उपगारी श्री महावीर प्रभुना जन्म दिवसे जयंती उजववाना प्रसंगे सहृदय जनोने बे बोल.

અનેક સામાન્ય વ્યક્તિઓની જયંતીઓ ગતાનુગતિકપણે ઉજવવા કરતાં પરમગુણસંપન્ન, ત્રિભુવન ઉપગારી વીર પરમાત્માનીજ જયંતી યથાર્થ ભાવે ઉજવી, આપણી ઉન્નતિ સાધવા તેમના અતિ ઉજ્વળ ચરિત્રનું કોઇ અંશે અનુકરણ કરવા પ્રયત્નશીલ બનવું તે સમુચિત છે. પર્યુષણ પર્વ પ્રસંગે મહાવીર પ્રભુનું અતિ અદભૂત ચરિત્ર સવિસ્તર વાંચવામાં અને સાંભળવામાં આવે છે, છતાં તેમાંથી આપણા આત્માને ઉપયોગી તત્વ ગ્રહણ કરી આપણી રહેણી કરણી સુધારી લેવા બહુજ ઓછું લક્ષ અપાય છે એ ભારે ખેદનો વિષય લેખી શકાય. વીર-મહાવીર પ્રભુની સંતતિ વીર્યહીન ( નમાલી ) ન જ હોવી જોઇએ, છતાં અત્યારે તે તદ્દન નમાલી ( શૌર્ય વગરની ) બની ગયેલી પ્રગટ જણાય છે તેનાં ખરાં કારણ ગવેષી કાઢવાની દરકાર પણ ક્યાં કરાય છે ? અને તેથી જેના આગુ (આગેવાન) આંધળા તેનું કટક કૂવામાં એ કહેવત શું સત્ય ઠરતી નથી ? પૂર્વના પ્રખર જ્ઞાની આચાર્યાદિકો કેટલા બધા વીર્યોલ્લાસ સહિત એકતાથી જૈન શાસનની અને જૈન સમાજની નિઃસ્વાર્થપણે સેવા બજાવી રાજી થતા ? અત્યારે જ્યાં ત્યાં સ્વચ્છંદતા, અનેકતા ( કુસંપ ) અને સ્વાર્થવૃત્તિનુંજ સામ્રાજ્ય સ્થપાયેલું દેખાય છે, તેથી જૈનશાસનની તથા જૈન સમાજની યથાર્થ સેવા દ્વારા ઉન્નતિ સાધવાને બદલે અવનતિ-હેલના થતી જોવામાં આવે છે એ ભારે ખેદનો વિષય છે. કેશી અને ગૌતમ જેવા જ્ઞાની ગણધરો પણ દ્રવ્ય ક્ષેત્ર કાળ ભાવને અનુસરી ચાલવા બંધાયા હતા; તેથી જ તેને આર્હતી નીતિ કહેવામાં આવે છે, પરંતુ આજકાલ તેની દરકાર બહુ ઓછી કરાય છે અને સહુ કોઇ પોતાની ધુનમાં જ મસ્તપણે મહાલ્યા કરે છે. જોકે ખરા કલ્યાણના અર્થીજનો યથાશક્તિ પ્રભુ આજ્ઞાનું પાલન કરવા પ્રયત્ન કર્યા કરે છે અને ભવ્ય જનોને ખરો કલ્યાણનો માર્ગ પણ બતાવે છે, પરંતુ તેવા વિરલ સદ્દગુણી જનોનો પક્ષ સબળ કરવાને બદલે દ્વેષ ભાવથી તોડવા કઇક દંભી જનો વૃત્તિ વાપરે છે એ અત્યંત ખેદનો વિષય છે. પોતાનામાં અણછતું મહત્ત્વ લહી બીજા સદ્દગુણી જનોનો અનાદર કરાય એના જેવું પાતક બીજું કયું હોઇ શકે ? વધારે સારૂ તો આપણા ગણાતાં આગેવાનો પોતાનામાં જે બાધક તત્ત્વ હોય તે તજી, સદ્દગુણના ખપી બની સદ્દગુણાનુરાગી થઇ, અન્ય ભવ્ય જનોને સન્માર્ગદર્શક થવા પામે એમ ઇચ્છા—પ્રાર્થી અત્ર વિરમાય છે. ઇતિશમ્.

સાંન્મત્ર મુ.ન કર્પૂરવિજયજી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# केशर ( विदेशी ) जैनोअे शा माटे वापरवुं जोइए.

કેશર, એ Crocus Sativus. ક્રોકસ સટાઇવસ નામના ઝાડના ફુલના તંતુઓ છે. કેશર મુખ્યત્વે કરીને સ્પેઇન, ફ્રાન્સ, ઇટલી વિગેરે દેશોમાંથી આવે છે. હીંદુસ્તાનમાં, કાશ્મીરમાં ઘણુજ જુજ ભાગે કેશર થાય છે અને આ કેશર બીજા બધા કેશર કરતાં ઉત્તમ ગણાય છે. પરંતુ આપણાં દેશમાં તો સ્પેઇનની બનાવટનો જ માલ આવે છે. બીજા ફુલોના તંતુઓનો મેળવણી હલકી જાતના કેશરમાં કરવામાં આવે છે.

હિંદુસ્તાનની અંદર દરિયા રસ્તે કેટલું કેશર આયાત થાય છે તેના છેલ્લા દશ વર્ષના આકડા સરકારના આંકડા ખાતા તરફથી નીચે મુજબ આપવામાં આવ્યા છે:-

| સાલ. | રતલ. | કીં. પૌંડ=૧૫ રૂા. માં આપી છે. |
|---|---|---|
| ૧૯૦૯-૧૦ | ૪૫,૦૮૬ | ૪૨,૫૮૯ |
| ૧૯૧૦-૧૧ | ૫૨,૨૩૫ | ૫૧,૪૪૪ |
| ૧૯૧૧-૧૨ | ૭૨,૬૩૯ | ૬૧,૮૨૦ |
| ૧૯૧૨-૧૩ | ૫૭,૧૦૦ | ૫૯,૭૮૧ |
| ૧૯૧૩-૧૪ | ૫૯,૩૧૪ | ૬૩,૨૭૫ |
| ૧૯૧૪-૧૫ | ૪૫,૩૨૧ | ૪૯,૬૦૯ |
| ૧૯૧૫-૧૬ | ૫૦,૬૯૧ | ૭૪,૪૪૪ |
| ૧૯૧૬-૧૭ | ૬૯,૯૨૨ | ૭૬,૭૯૪ |
| ૧૯૧૭-૧૮ | ૪૭,૨૩૨ | ૬૧,૮૨૩ |
| ૧૯૧૮-૧૯ | ૪૮,૦૫૨ | ૧૧૧,૩૭૦ |

ઉપરના આંકડા સિવાય કેશર જેવી મોંઘી ચીજ ઘણુજ પ્રમાણમાં ટપાલ રસ્તે પણ વીલાયતથી હિંદુસ્તાનમાં આવતી હશે; પરંતુ ગણત્રીની ખાતર ઉપરનાજ આંકડા તપાસીએ. કેશરનો મોટો ભાગ જૈનો વાપરે છે તેમાં શંકાજ નથી. કારણ તે કેશરનો ઉપયોગ બીજા કોઇ વધારે પ્રમાણમાં કરતા નથી. કેશરની કીંમત સાધારણ રીતે રતલ એકના રૂા. ૪૦ થી ૪૫ રહે છે. આવી મોંઘી ચીજ ચીજને પણ વિદેશમાં તૈયાર થયેલી શા માટે જૈનોએ વાપરવી જોઇએ તે સમજી શકાતું નથી. કેશર પૂજા શ્રાવકોમાં કેમ દાખલ થઇ હશે તે મને ખબર નથી. પરંતુ જો માત્ર સુગંધની ખાતરજ હોય અને તેના ઉપયોગથી વાતાવરણ શુદ્ધ થઇ મન શુદ્ધ થતું હોય તો તે કેશરને બદલે પુષ્પ પૂજા ઘણીજ ઉત્તમ છે; કારણ જે આ પુષ્પો જે તીર્થે પૂજા કરવાની હોય તેજ સ્થળે ઉત્પન્ન થએલ હોવા સાથે સુગંધીથી ભરપૂર જ હોય છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈનોના મહાતીર્થ શ્રી કેશરીઆજીની યાત્રાએ જવાનો પ્રસંગ મને ગયા માસમાં મળ્યો હતો. આ તીર્થમાં જેટલા યાત્રાળુ આવે છે તે બધા અમુક તોલા કેશર શ્રી કેશરીઆજી મહારાજને ચડાવે છે. એમ કહેવામાં આવે છે કે વધારેમાં વધારે એક દીવસે પાંચ મણ ૨૦૦ રતલ કેશર શ્રી કેશરીઆજી મહારાજને ચડેલ છે. સાધારણ રીતે હમેશા ૧૦ થી ૨૦ રતલ કેશર શ્રી કેશરીઆજી મહારાજને ચડે છે. આ આંકડામાં અતીશયોક્તિ સમાયેલી હોય તેવું મને લાગતું નથી; કારણ જે અમે કુટુમ્બીજનો નાના મોટા ૪૨ જણ હતા અને અમારી મંડળીએજ લગભગ બે થી ૩ રતલ કેશર ચડાવ્યું હશે. શ્રી કેશરીઆજી હમેશાં ૨૦૦ થી ૩૦૦ માણસો તો સ્હેજે આવતાજ હશે.

આવી રીતે એકજ દીવસમાં ૨૦૦ રતલ એટલે લગભગ ૮૦૦૦ થી ૯૦૦૦ રૂપીઆનું કેશર ચડે અને આટલા રૂપીઆ પરદેશમાં તણાઇ જાય તે મારાથી તો સહન થઇ શકયું જ નહીં. તેજ દીવસથી મે પ્રતિજ્ઞા લીધી કે કેશરપુજા કરવીજ નહીં અને કપાળમાં કેશરની ટીલી પણ કરવી નહીં. તે મુજબ શ્રી કેશરીઆજીમાંજ વર્તન કર્યું. મારી ટેક ઘણાને વિષમ લાગી. મેં મારો ઉદ્દેશ. તેઓને સમજાવ્યો અને માત્ર ધૂપપૂજાથી સંતોષ માન્યો. તે મુજબ બીજા જાત્રાના સ્થળે જ્યાં જ્યાં અમે ગયા ત્યાં ત્યાં કર્યું. મને નથી લાગતું કે કેશરપૂજા ન કરવાથી મારા મનનો ભાવ કંઇપણ કમતી થયો હોય, ઉલટું વિદેશી ચીજ ન વાપરવાથી મારા મનની લાગણી શુદ્ધ થઇ.

એતો જાણીતી વાત છે કે કેશરથી મૂર્ત્તિના પાષાણને હાનિ પ્હોંચે છે તેટલા માટેજ જે જે ઠેકાણે અંગપૂજા કરવાની હોય છે તે તે ઠેકાણે પ્રતિમાને ધાતુ ચઢાવેલ હોય છે. આવી રીતે ઘણુંજ કેશર વાપરવાથી પ્રતિમાની ખુબી પણ ખંડિત થાય છે, અને તેજ અંગે આશાતના થાય છે. ઉપરાંત આપણા પોતાના કૃત્યોથીજ આપણે વિદેશી ચીજો તીર્થંકરોનેજ ચડાવીએ છીએ. આ સમયે મહાત્મા ગાંધીજીની વાત વાસ્તવિક ગણાશે.

મહાત્મા ગાંધીજી થોડા સમય પહેલાં જયારે મોટીમારડ ગયા હતા ત્યારે તેમને ચોરામાં ઉતારો આપ્યો હતો. ચોરામાં માતાજીનું મંદિર હતું. માતાજીને માન્ચેસ્ટરમાં બનાવેલ કસુંબી ચુંદડી. ઓઢાડેલી હતી. મહાત્માજીએ કહ્યું કે 'જે માતાજીને માન્ચેસ્ટરની ચુદડી પસંદ છે તે માતાજીને હું તો પગે નહીં લાગું.' આસપાસના માણસો કે જેણે ચુદડી ઓઢાડી હતી તેને લાગી આવ્યું. વિદેશી ચુંદડી કાઢી નાખી દેશી કપડું ઓઢાડયુ. મહાત્માજી તરતજ માતાજીને પગે લાગ્યા. આ વર્તનથી આસપાસના શ્રદ્ધાળાળા માણસોને સ્વદેશી પ્રત્યે કેવી લાગણી થઇ હશે તેનો સ્હેજ ખ્યાલ વાંચનારને આવી શકશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આપણા મનના ભાવ પ્રમાણે આપણે શ્રી તીર્થંકરની પૂજા કરીએ છીએ. તો પછી શું વિદેશી ચીજ વાપરવાથી આપણો ભાવ વધી જવાનો છે? કે શું વિદેશી ચીજ આપણા તીર્થંકરોને વધારે પ્રિય છે કે આપણે તે વાપરવી.

બારમી શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફરન્સ વખતે એવો ઠરાવ થયેલો મારા વાંચવામાં આવ્યો છે કે "જૈનોએ દેશી ચીજો વાપરવી"–તો શું **વિદેશી** કેશરની ટીલી હમેશ કપાળમાં કરીને તમે **સ્વદેશી** ચીજનો પ્રચાર કરવા માંગો છો? મારા શ્રાવક ભાઇઓ કે જે એક માસના ઉપવાસ કરી શકે તેવા મનોબળ વાળા છે, જે ગમે તેવું તાવ ઉલટીનું દુઃખ પડે તોપણ પોતે લીધેલું ચોવીહાર વ્રત ભાંગી પાણી પીતા નથી, તે શ્રાવકો શું આટલું મનોબળ વાપરી વિદેશી ચીજનો ત્યાગ કરી, સ્પેઈનમાં પેદા થતું સુરજ છાપ, ચાંદ છાપ, તારા છાપ વિગેરે અનેક છાપનું કેશર વાપરી પોતાના દેશના દ્રોહી બનશે? મારી ખાત્રી જ છે કે જો તેઓ મનમાં લેશે તો એકજ દિવસે પરદેશ જતાં લગભગ બાર લાખ રૂપીઆ તેઓ બચાવી શકશે કે જે પૈસાનો સદુપયોગ જૈનોની સ્થિતિ સુધારવાને માટે કરી શકાશે. આ કામ મુનિ મહારાજો તથા આગેવાનોએ ઉપાડી લેવું જોઇએ છીએ. મને પૂર્ણ ભરૂસો છે કે તેઓ તેમાં પછાત પડશે નહીં અને કેશરને બદલે ચંદન વાપરવાની અને કેશર પૂજાને બદલે ચંદન પૂજા, ધૂપ પૂજા, અથવા પૂષ્પ પૂજા કરવા સૂચવશે.

सुज्ञेषु किं बहुना !

મુલચંદ ઉત્તમચંદ પારેખ.

લેખકના વિચારો ખાસ ધ્યાન આપવા લાયક છે. લેખકે કેશર ઉપર અભાવ આવતાં તિલક કરવાનું ને કેશર પૂજા કરવાનું બંધ કર્યું તેને બદલે ચંદનનું તિલક કરવાનું ને ચંદન પૂજા કરવાનું પ્રવૃત્તિમાં મુકવું યોગ્ય હતું અને છે. પૂજા મુખ્યતાએ ચંદનની જ શાસ્ત્રકારે કહેલી છે. કેશરે ગૌણ છતાં મુખ્ય સ્થાન લઇ લીધું છે. તેનો ખર્ચ પણ કેટલીક જગ્યાએ ભારે પડી જાય છે. જેની બનાવટમાં અમુક પ્રકારના મિશ્રણની ખાસ શંકા છે તેવા કેશરને આટલી બધી મુખ્યતા આપવી અને લાખો રૂપીઆ પરદેશ તે નિમિત્તે જવા દેવા તે યોગ્ય નથી. તેને બદલે થોડું પણ સ્વદેશી ખાત્રીવાળું કેશર મળે તો તે વાપરવું યોગ્ય છે અથવા તો ચંદન ઉંચી જાતનું મંગાવી તેમાં ઘનસાર (બરાસ) મેળવી પૂજા કરવી અમને યોગ્ય લાગે છે. આ સંબંધમાં બીજા વિદ્વાનો પોતાના વિચાર જણાવશે તો તે અમે ખુશી સાથે પ્રકટ કરશું.

તંત્રી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# स्फुट नोंध अने चर्चा.

આ માસના આ અંકથી આ માસિક નવીન વર્ષમાં પ્રવેશ કરે છે. ગત વર્ષમાં લેખો વિગેરે દ્વારા ગ્રાહક બંધુઓની સેવા કરવાની જે અમોને તક મળી છે, તે તક કેવી રીતે અમે સાચવી છે તે આ અંકના અગ્ર લેખમાં વિસ્તારથી જણાવવામાં આવ્યું છે. લડાઈ પછી કાગળના ભાવ સસ્તા થશે, અને અન્ય ખાદ્ય પદાર્થોની મોંઘવારી મટતાં છાપખાનાનાં દરો પણ ઘટશે એવી અમને સંપૂર્ણ આશા હતી, પણ દિલગીરી સાથે જણાવવું પડે છે કે અમારી આ આશા નિરાશામાં ફેરવાઈ ગઇ છે. કાગળોના ભાવો જેવાં ને તેવાંજ મોંઘા રહ્યા છે, અને ઉલટી છાપખાનાનાં છપાવવાનાં ભાવો લડાઈના સમય કરતાં પણ ઘણાં વધી ગયા છે. આ બાબતમાં છાપખાનાવાળાઓનો પણ દોષ નથી. જીંદગીની જરૂરીઆતો, જરૂરી બાતવાળી વસ્તુઓની મોંઘવારી એટલી વધતી જાય છે કે ચાલુ પગારે કોઇ નોકર નોકરી કરી શકતું નથી. આજ દુઃખને લીધે મુંબઇ વિગેરે સ્થળે અવારનવાર મજુરો તથા તથા અન્ય નોકરોની હડતાળો પડ્યાજ કરે છે. આજ કારણે પ્રેસવાળાઓને નોકરોનાં પગાર બહુ મોટા પ્રમાણમાં વધારી દેવા પડયા છે, અને આ સર્વ અડચણોને લીધે અમારાથી કાંઈ વૃદ્ધિ તો માસિકમાં બની શકી નથી, પણ તેટલાને તેટલાજ ફારમમાં પણ ઉલટું લવાજમ ન છુટકે વધારવાની ફરજ પડી છે. ચાલુ સાલનું લવાજમ જે રૂ ૧-૦-૦ હતું તે વધારીને રૂ. ૧-૮-૦ કરવાની ફરજ પડી છે. કાગળ તથા પ્રેસની મોંઘવારી ચાલુ રહેશે ત્યાં સુધીજ તે લવાજમ લેવામાં આવશે. આટલા લવાજમે પણ માત્ર ખર્ચ પૂરો થાય તેમ છે, બાકી નફો કે તેવું કાંઈ પણ માસિકના લવાજમમાંથી સભાને મળી શકે તેમ નથી. ચાલુ મોંઘવારીમાં અમે તો ફકત ખર્ચના પ્રમાણ પુરતાંજ લવાજમમાં આઠ આના વધાર્યા છે, કે જે અમારા સુજ્ઞ ગ્રાહકોને વધારે પડતાં લાગશેજ નહિ તેવી અમારી માન્યતા છે. આ જુજ લવાજમની વૃદ્ધિ અમારા ગ્રાહકો આનંદથી સ્વીકારશે, અને પ્રતિવર્ષની માફક હવે પછી જે ભેટની બુકો વી પી. દ્વારા મોકલવાની છે તેનો વધારાનાં લવાજમ સાથે તેઓ અવશ્ય સ્વીકાર કરશેજ તેવી આશા છે. સમયને આધીન થઈને વર્તવું તે સુજ્ઞનું કર્તવ્ય છે.

આ માસિકનું લવાજમ જ્યારે કાગળ અને છાપખાનાની મોંઘવારી નહોતી અને માત્ર બે ફારમ ડીમીનું આ માસિક નીકળતું હતું ત્યારે રૂ ૧-૦-૦ રાખેલ હતું. તે માસિકનું કદ વધારીને ચાર ફારમ રોયલનું કરવામાં આવ્યા છતાં (લગભગ અઢી ગણું કર્યા છતાં) લવાજમ વધાર્યું નહોતું પરંતુ આ વખત તે કરતાં પણ બમણો ત્રણ ગણો ખર્ચ વધવાથી તેમ કરવાની જરૂર પડી છે. પ્રથમની ખામી ગ્રાહકની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

સંખ્યા વધવાથી પુરાતી હતી, તેથી લવાજમ વધારવાની જરૂર જણાણી નહોતી. આ હકીકત પ્રસંગોપાત નીવેદન કરી છે.

* * * * *

પ્રતિમાસમાં આવતાં પર્વો તરફ ધ્યાન ખેંચવાનું આ લેખમાં અમુક કારણુ વશાત્ રાખેલું છે. જૈન શાસ્ત્રકારોએ આવાં પર્વો નિયત કરવામાં આ ભવમાં શરીરની તંદુરસ્તી, નિવૃત્તિ પરાયણતા, બોધિબીજની પ્રાપ્તિ અને ધર્મધ્યાન તરફ આકર્ષણ વિગેરે લાભો જોયાં છે, અને પરભવમાં આવા ઉત્તમ ધર્મની સામગ્રીની પુનરપિ પ્રાપ્તિ, ધર્મધ્યાન તરફ સદોદિત રહેતી બુદ્ધિ, ઉત્તમ કુળાદિ સર્વ સામગ્રીનો યોગ વિગેરે લાભો જોયેલા છે. સંસાર વ્યવહારમાં રાચીને રહેનાર મનુષ્ય હમેશા ધર્મારાધન કરી શકતો નથી, તેટલો વખત સંસારપ્રવૃત્તિમાંથી તે નિવૃત્તિ મેળવી શકતો નથી, તેથી અમુક માસમાં અમુક દિવસો નિયત કરેલા હોય તો તે પર્વના દિવસોમાં તો પ્રવૃત્તિપરાયણતા ઘટે અને ધર્મકાર્ય તરફ પ્રેરણા થાય, તેવી શુભેચ્છાથી એકાંત હિતકારી શાસ્ત્રકારોએ તેવી યોજના ઘડી રાખી છે. ' ફુલ નહિ તો ફુલની પાંખડી ' ની માફક થોડો વખત પણ શુભ ધ્યાનમાં લીન થવાય તો આભવ–પરભવ બંને આ જીવ સુધારી શકે છે, પણ ખેદની બાબત એ છે કે આવી ઉત્તમ સામગ્રી તરફ પણ ઉપેક્ષા ભાવ વધતો જાય છે, ધર્મકાર્ય ભૂલાતાં જાય છે, ન છુટકે કરવામાં આવતાં કાર્યોનીજ પ્રવૃત્તિ રખાય છે, અને તેમાં પણ સ્થિરતા બહુ ઓછી દેખાય છે. ધર્મકાર્યો–પૂજા, પ્રતિક્રમણ, સામાયિક, પોસહ વિગેરેમાં પહેલો ગુણ ' સ્થિરતા ' ની ખાસ જરૂર છે. ક્રિયા ઓછી વત્તી પણ સ્થિર પરિણામથી થાય તો તે વિશેષ ફળદાયી થાય છે. પૂજા કે પ્રતિક્રમણમાં કામ પતાવવાની અપેક્ષાથી, અન્ય સાંસારિક કાર્યોમાં વ્યગ્ર ચિત્તપણે તે ક્રિયાઓ કરવાથી તે બહુ સ્વલ્પ ફળવાળી થાય છે; તેથી આવી ઉત્તમ ક્રિયાઓ, કે જે ક્રિયાનો એક વખત સંપૂર્ણ સ્થિર ભાવથી આદર કરતાં મનુષ્ય ઉત્તમોત્તમ સુખ પ્રાપ્ત કરી શકે છે, તે સર્વ ક્રિયાઓ, જ્યારે જ્યારે પણ કરવાનું બની શકે ત્યારે સ્થિરતાથી, મનની એકાગ્રતાથી, દોડાદોડી કર્યા વગર સાવધાનપણે કરવાથી બહુ ઉત્તમ ફળદાયી થાય છે, અને તે ઐહિક–પારલૌકિક સર્વ સુખ અપાવે છે. જે ક્રિયા થોડી ઘણી પણ કરવાનો અવકાશ મળે તે સ્થિરતાથી કરવી, અને તેવા નિમિત્તથી મહિનામાં એક–બે વખત પણ આવો સ્થિરતા–શાંતિ ગુણ પ્રાપ્ત થઇ શકે તેવો ઉદ્યમ કરવો. પ્રતિમાસે આવતાં પર્વો તરફ અમે તેજ નિમિત્તથી અમારા વાંચક બંધુઓનું ધ્યાન ખેંચવું યોગ્ય ધાર્યું છે. ઉપવાસાદિ તપસ્યા અજીર્ણ મટાડનાર અને અનેક પ્રકારના વ્યાધિઓને શમાવનાર છે, તેથી પ્રતિમાસે એકાદ વખત તે આચરવા અમે વાંચક બંધુઓને સૂચના કરીએ છીએ.

* * * * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચૈત્ર માસમાં શ્રી નવપદજીના આરાધન નિમિત્તે આયંબિલની ઓળી આવે છે. આયંબિલ તપ શરીરને ખાસ ગુણકારી અને રસગૃદ્ધિ ઘટાડનાર છે. અન્ય તપસ્યાઓમાં આયંબિલ વિશેષ મંગળકારી ગણાય છે, અને તેમાં પણ **નવપદની** આરાધના સર્વોત્તમ છે. યથાશક્તિ વિધિપૂર્વક આ પર્વ આરાધતાં બહુ કલ્યાણ થાય છે. આ ઓળીનો છેલ્લો દિવસ ચૈત્ર-શુદિ પૂર્ણિમા ખાસ વિશેષ આરાધવા લાયક છે. આખી ઓળી ન બની શકે તો આ દિવસે પણ યથાશક્તિ તપસ્યાદિ કરવાથી ઘણો લાભ થાય છે. શ્રી સિદ્ધાચળજીની યાત્રાનો આ મોટો દિવસ છે. પાલીતાણા, જુનાગઢ, શંખેશ્વર, કુલ્પાકજી ( દક્ષિણમાં આવેલ તીર્થ ) વિગેરે સ્થળોએ આ દિવસે મોટા મેળાઓ ભરાય છે. જૈનોની જ્યાં વસ્તી હોય ત્યાં ઘણે સ્થળે આ દિવસે અણોજો પાળવામાં આવે છે. શ્રી સિદ્ધાચળજી ઉપર આ પૂર્ણિમાને દિવસે પ્રથમ તીર્થંકર શ્રી આદીશ્વર ભગવાનના પૌત્ર અને તેમના પ્રથમ ગણધર શ્રી પુંડરીકસ્વામી પાંચ ક્રોડ મુનિની સાથે સિદ્ધિપદ પામ્યા છે. શ્રી સિદ્ધાચળના મોટા દેવ વાંદવાનો આ દિવસ છે. ઉપવાસાદિ તપસ્યા કરીને એ દિવસે શ્રી સિદ્ધાચળજીની શુદ્ધ ભાવથી યાત્રા કરતાં ઘણું ઉત્તમ ફળ મેળવી શકાય છે. આવી તપસ્યા કરી સિદ્ધાચળજીની યાત્રા કરતાં તે પ્રાણીની નરક તિર્યંચની ગતિનો વિચ્છેદ થાય છે. સિદ્ધાચળજી જવાનું ન બની શકે તો ઘેર બેઠાં પણ તે તીર્થનું, આદીશ્વર ભગવાનનું અને પુંડરીકસ્વામીનું ધ્યાન કરતાં તથા તપસ્યા યથાવિધિ કરતાં દેવગતિ પામી શકાય છે. આ દિવસે ઉપવાસ, સ્નાત્ર પૂજા, સર્વ ચૈત્યોનું વંદન, ચૈત્રી પૂર્ણિમાના મહિમાનું શ્રવણ, ઉચિત દાન, શીયલ, જીવદયા, વિમળગિરિના સાક્ષાત્ અગર તેના પટના દર્શન, દેવવંદન વિગેરે ક્રિયા કરવાની છે. પૂર્વભવમાં સપત્ની સાથે વૈરભાવ રાખવાથી તથા કામણ ટુમણ કરવાથી વિષકન્યા થયેલી એક કન્યા ચૈત્રી પૂર્ણિમાનું પર્વ આરાધતાં સર્વ પ્રકારનું સાંસારિક સુખ અને મોક્ષસુખ પામી છે. આ પર્વની આરાધના પંદર વર્ષ પર્યંત કરવાની છે. આ પર્વને આરાધનાર ભવી જીવ અંતે મોક્ષ સુખ પામી શકે છે આવા દિવસો ધર્મ સાધનની તત્પરતા કરાવનાર, ધર્મ માર્ગે જોડનાર છે. તેને સમજી વિચારીને જે આરાધે છે, મળેલ સામગ્રીનો સદુપયોગ કરે છે તે તેનાં મીઠાં ફળ ચાખી શકે છે.

* * * * *

વૈશાક માસમાં પર્વના દિવસોમાં અક્ષય તૃતિયા અખાત્રીજનો દિવસ છે. શુભ મુહૂર્ત્તવાળો, હમેશાં માંગળિક ગણાતો આ દિવસ વરસી તપના પારણાનો દિવસ છે. આ એક વર્ષ અને ચાલીશ દિવસ સુધી કરાતી મહાન્ તપસ્યાના શિખરરૂપ ગણાતા આ દિવસે પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવજીએ શ્રેયાંસકુમારને હાથે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



૧૦૮ ઈક્ષુરસના ઘડાથી પારણું કર્યું હતું. ત્રીજા આરાના અંતના કાળમાં પ્રથમજ દીક્ષિત થયેલા આ મુનીશ્વરને 'આ પ્રમાણે ભિક્ષા અપાય છે' તેવો કોઇને ખ્યાલ પણ આવતો નહોતો. જે સ્થળે જાય ત્યાં હાથી, ઘોડા, રત્ન આભરણાદિક ધરતા હતા, પણ આવા મોટા રાજા 'રાંધેલ અન્ન ગ્રહણ કરવા ફરે છે' તેવો ખ્યાલ પણ આવતો નહોતો; પરંતુ જાતિસ્મરણવડે પૂર્વ ભવના સ્મરણથી શ્રેયાંસકુમારે સુપાત્રદાનનો વિધિ જાણ્યો, અને સુપાત્રદાન આપવાની શરૂઆત કરી. દાનનો મહિમા, દાનની મહત્વતા, દાનધર્મની શ્રેષ્ઠતા ત્યારથી પ્રસરી. શ્રેયાંસકુમારે ઇક્ષુરસદ્વારા દાન ધર્મની પ્રશંસા સાથે બદલામાં મોક્ષ સુખ મેળવ્યું. આ સર્વોત્કૃષ્ટ સુપાત્રદાનનો મહિમા વર્ણવનાર, તે માર્ગ સૂચવનાર આ અક્ષય તૃતિયાનો પવિત્ર દિવસ છે. પાંચે પ્રકારના દાન ( સુપાત્રદાન, અભયદાન, અનુકંપાદાન, ઉચિતદાન, કીર્ત્તિદાન ) યથોચિત સુખ આપનાર છે, તેમાં પ્રથમના બે દાન તો અવશ્ય મોક્ષ માર્ગે લઇ જનાર છે. ચરમ તીર્થંકર મહાવીર સ્વામીના સમયમાં થયેલા અને જેનાં અવશેષો આજે પણ રાજગૃહીમાં રહેલા છે તે પરમ પવિત્ર પુરૂષો શાલિભદ્ર અને ધન્ય કુમારના દૃષ્ટાંતો પણ પૂર્વ ભવમાં કરેલાં સુપાત્રદાન માટે પ્રસિદ્ધ છે. આવા મહીમાવંત સુપાત્રદાનને દેખાડનાર આ દિવસ ખાસ આરાધવા લાયક છે. ઉપવાસાદિકથી આ દિવસની આરાધના કરી બીજે દિવસે સુપાત્રદાન યથાશક્તિ પર મોલ્લાસ પૂર્વક આપતાં ભવી જીવ મોક્ષ માર્ગ પર્યંતની આરાધના કરી શકે છે. શાસ્ત્રકારનું કામ માર્ગ દેખાડવો તે છે. યથાયોગ્ય આચરણ અને ઇચ્છિત ફળની પ્રાપ્તિ તો વિધિપૂર્વક આરાધનારના કબજામાં જ છે. આવાં ઉત્તમ પર્વો વિધિપૂર્વક આરાધતાં સર્વ પ્રકારની સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે. આવી ઉત્તમ તિથિઓ યથાશક્તિ આરાધવા અમે અમારા વાંચક બંધુઓને વારંવાર પ્રેરણા કરીએ છીએ.

* * * * *

મી. નરોત્તમ. બી. શાહે એક આંકડાપત્ર રજુ કરી જૈન કોમની કેળવણી સંબંધીની સ્થિતિ તરફ સહૃદય જૈન બંધુઓનું ધ્યાન ખેંચ્યું છે. અવાર નવાર જુદે જુદે સ્થળેથી આંકડાઓ એકઠા કરી આ બંધુ જુદી જુદી બાબતમાં જૈન બંધુઓનું લક્ષ્ય ખેંચ્યા કરે છે, તે માટે જૈન કોમ તેની આભારી છે. આવા પત્રો તે બંધુ ઇંગ્લીશ ભાષામાં બહાર પાડે છે, તે કરતાં ગુજરાતી ભાષામાં બહાર પાડે, તો તેમનાંજ શબ્દોમાં ઘણા વધારે જૈન બંધુઓનું લક્ષ્ય તેના તરફ ખેંચાય તેવી અમારી માન્યતા છે. મુંબઇ ઇલાકાના કેળવણી ખાતા તરફથી બહાર પડતા રીપોર્ટમાં સં. ૧૯૧૮ તથા સં. ૧૯ ૯ ના જૈન વિદ્યાર્થીઓના જે આંકડા બહાર પડ્યા છે તે તપાસતાં માલુમ પડે છે કે પ્રાથમિક શાળાઓમાં અભ્યાસ કરતા જૈન વિદ્યાર્થી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઓની સંખ્યા પ્રમાણુમાં વધી છે, પણ વિશિષ્ટ શાળાં તથા કોલેજમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓની સંખ્યા ઘણી ઘટેલી છે. જૈન કોમમાં અનેક ગૃહસ્થો બીરાજે છે, અને કોમનો ઉદય કેળવણીનેજ આધીન છે. કેળવણી અને તેમાં પણ ઉચ્ચ કેળવણીનો વિશેષ પ્રચાર જૈનકોમમાં જ્યાં સુધી નહિ થાય ત્યાં સુધી કોમની સમયાનુસાર પ્રગતિ થવાની નથી; તો પછી કોમમાં ઉચ્ચ કેળવણી લેનારાઓની સંખ્યા કેમ ઘટતી જાય છે, તે બાબતમાં તપાસ કરાવવાની ખાસ જરૂર છે. જો ખર્ચના અભાવે અગર તો સહાય વગર કોઇ પણ વિદ્યાર્થી આગળ અભ્યાસ કરતાં અટકી પડતો હોય, તો તે બાબતમાં તાકીદે વિચાર કરવાની જરૂર છે. અહીં ભાવનગરમાં પણ કોલેજ વિગેરેના સાધનો છતાં અભ્યાસ કરતા જૈન વિદ્યાર્થીઓની સંખ્યા બહુ સ્વલ્પ પ્રમાણુમાં દેખાય છે. ભાવનગરના આગેવાનોએ આ બીના તરફ લક્ષ ખેંચવાની ખાસ જરૂર છે. આપણી ઉદારતા અન્ય ક્ષેત્રોમાં ઘણી છે તો પછી કેળવણી જેવું ખાતું તેમાંથી પછાત રહે તે દિલગીરી ઉપજાવે તેવું અને સરવાળે કોમ આખીને અધોગતિએ દોરી જાય તેવું છે. મી. શાહ સત્ય કહે છે કે-'યોગ્ય બંધારણવાળી એક સંસ્થાની ખામી અને એકજ હેતુ સાધવા માટે કાર્ય કરતી જુદી જુદી સંસ્થાઓમાં જૈનોની અસમાન વહેંચણી-આ કેળવણીમાં પછાત પડી જવાનાં મુખ્ય કારણો ગણી શકાય." લેખકની આ દૃષ્ટિ કેળવણીના સવાલને અંગે ખાસ વિચારવા લાયક છે. જૈન કોન્ફરન્સ આવું કાર્ય કેળવણીને અંગે કરે છે, પણ પૈસાની ખામી તેમાં બહુ જણાય છે. જૈન બંધુઓએ કોમના ભાવી ઉદય માટે કેળવણી અને ખાસ કરીને વિશિષ્ટ કેળવણી જૈન વિદ્યાર્થીઓ વધારે લેતા કેવી રીતે થાય તે બાબતનો ઉહાપોહ કરવાની તાકીદે જરૂર છે. સર્વ કોમો કેળવણીની બાબતમાં આગળ વધે, ત્યારે આપણે ઉલટાં પાછાં હઠતાં જઇએ, તે ખેદ કરાવે તેવી બીના છે. આપણા હકો સાચવવા, તીર્થસ્થળોને નીભાવવા, કોમનો ઉદય કરવા અને જૈન ધર્મને જગત્ વિખ્યાત કરવા ઉચ્ચ કેળવણીની ખાસ જરૂર છે, અને જે બંધુઓ અન્ય સ્થળે દ્રવ્ય વ્યય કરવા સાથે આવી બાબતમાં લક્ષ આપશે, તે જૈન કોમનાં ભાવી શ્રેયમાં વિશેષ ફાળો આપશે, તેમ અમને લાગે છે.

* * * * *

જૈન દેરાસરો-મંદિરો તે શાંતિનાં સ્થળો છે. દેરાસર શબ્દજ શાંતિસૂચક છે. આ દેરાસરોમાં પણ કરાતી ભાવપૂજા તે તો ખાસ કરીને શાંતિ આપનાર તથા શાંતિ દેખાડનાર છે. આવાં ઉત્તમ સ્થળોમાં અને ઉત્તમ કાર્યોમાં પણ જે અશાંતિ-અસ્થિરતા-વ્યગ્રતા દેખાય છે તે જોઇ સહૃદયી જૈન બંધુને ખેદ થયા વગર રહેતો નથી. જૈન શાસ્ત્રકારનું ખાસ ફરમાન છે કે "દેરાસરોમાં જે સ્તવનાદિ બોલવાં તે અન્યને-તેવી ક્રિયા કરનારને વિઘ્ન ન થાય-અન્યનું ચિત્ત ડામાડોળ ન થાય તેવી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રીતે શાંત સ્વરથી બોલવાં." આ આજ્ઞાનુસાર વર્તવાને બદલે ઘણે સ્થળે અને તેમાં પણ ખાસ કરીને મોટાં તીર્થસ્થળોમાં ભાવપૂજા વખતે જે ગડબડાટ-અશાંતિ અનુભવાય છે તે જોતાં જૈન બંધુઓની વિવેકમાં કેટલી ખામી વધતી જાય છે તે માલુમ પડે છે. કોઇ સ્તવનનો રાગ આવડતો હોય કે ન આવડતો હોય તોપણ બીજાનું મન ડોળાઇ જાય તેવી રીતે મોટા સાદ પૂર્વક સ્તવન બોલાતાં સાંભળીને વિવેકી જૈનને તો ખેદ થયા વગર રહેતોજ નથી. ભાવપૂજા તે શાંતિ મેળવવા, સંસાર ઉપાધિ ભૂલવવા, ધ્યાનમગ્ન દશા પ્રાપ્ત કરવાનું ઉત્તમ સાધન છે. આવી બાબતમાં તીર્થસ્થળે પ્રયાણ તો વળી વિશેષ શાંતિ અનુભવાય તે માટે છે, તેને બદલે સર્વત્ર અશાંતિનું સામ્રાજ્ય પ્રસરે તે તો ઉલટી દિશા તરફ દોરી જનાર થાય છે. દ્રવ્યપૂજા ભાવપૂજાના નિમિત્ત માટે છે, તેથી તે ભાવપૂજા જો મનને અશાંતિમાં દોરે તો ઉત્તમ સ્થળોએ જઇને જે લાભ લેવો જોઇએ તે નહિ મેળવતાં તે માટે લીધેલો શ્રમ નકામો ગયા જેવું થાય છે. અમારા વાંચક બંધુને વિનંતિ કરવાની કે તમે તો બીજાઓ શું કરે છે તે ઉપર લક્ષ નહિ આપતાં દેરાસરોમાં પ્રવેશતાં શાંતિ સાચવજો, વિવેકને વિસારશો નહિ, સ્તવન-સ્તોત્રાદિ બોલવા તે પોતાના આત્માના શ્રેયાર્થેજ છે, અન્યને સંભળાવવા માટે નથી તે વાત લક્ષમાં રાખી ધીમે સાદે સ્તવનાદિ બોલજો, જે બોલો તેનો અર્થ મનમાં સમજીને બોલજો, બનતા સુધી સ્તવનાદિ શાંતિથી બોલાય તેવો પ્રયત્ન કરજો, મનમાંથી ઉપાધિ ઓછી કરી જેટલું કરો તેટલું સ્થિરતાથી કરજો, અને બીજા કોઇનો પણ ભાવ, મન પરિણામ ડોળાઇ જાય તેવી રીતે દેરાસરમાં વર્તન કરશો નહિ. થોડા બંધુઓ પણ આગ્રહપૂર્વક આ રીતે વર્તશે તો ધીમે ધીમે આખી જૈનકોમ તે રીતે વર્તતાં શીખશે અને દેરાસરોમાં વિશેષ શાંતિ તથા વિવેકનું સામ્રાજ્ય પ્રસરશે.

*　　*　　*　　*　　*

'દેવ-દ્રવ્ય' નો ચાલુ સવાલ ચાલતા મહિનાઓમાં સારી રીતે ચર્ચાયો છે. હાલમાં વિદ્વાન આચાર્યો અને મુનિમહારાજાઓએ તે ચર્ચામાં ભાગ લેવા માંડ્યો છે. જૈન શાસ્ત્રમાં કુશળ વિદ્વાન્ મુનિરાજો જ્યારે આવી ચર્ચા કરે છે ત્યારે તેનો અંત સુપરિણામરૂપે જ આવશે તેમ અમને લાગે છે. આચાર્ય વિજયધર્મસૂરિએ એક મોટો લેખ બહાર પાડ્યો છે, સાથે સન્મિત્ર કર્પૂરવિજયજી અને મુનિરાજ શ્રી કલ્યાણવિજયજીનાં લેખો પણ બહાર પડ્યા છે. આચાર્ય વિજયકમળસૂરિ તથા આચાર્ય આનંદસાગરસૂરિ તથા અન્ય પંન્યાસો અને ગણીઓએ એકઠાં થઇને કેટલાક સિદ્ધાંતો ઉપર લેખ લખ્યો છે, પણ અમારી માન્યતા પ્રમાણે આ મુનિમંડળે એકઠા થઇને લખેલ લેખ બહુ નાનો છે; નિર્ણયો બતાવનાર છે પણ તેને ચર્ચનાર મુદ્દલ નથી, એવો લેખ તે વિદ્વાન્ મુનિ મહારાજાઓએ વધારે મુદ્દા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સર વધારે દાખલાઓ તથા સાંહેદતો પુરાવા તથા જે ગ્રંથોનાં નામો આપ્યા છે તે તે ગ્રંથોમાંથી અને મૂળ સૂત્રો વિગેરેમાંથી મળતા આધારો સહિત બહાર પાડ્યો હોત તો તે લેખ વિશેષ ઉપયોગી અને લાઇન દોરનાર થાત. હજુ પણ તે મુનિરાજોને અને આચાર્ય મહારાજાઓને અમારી વિનંતિ છે કે આવી ચર્ચા જે રૂપમાં ઉપસ્થિત થઇ છે તે રૂપમાંજ પ્રત્યુત્તર આપવાની જરૂર છે. આ ચર્ચાના સારરૂપે એટલું તો સમજી શકાય છે કે દેવ–દ્રવ્ય સિદ્ધ છે, તેની જરૂરીઆત છે, અને તે શબ્દ આકાશકુસુમની જેવો નકામો કે અસિદ્ધ નથી. હવે દેવ–દ્રવ્ય કેવી રીતે ઉપજાવવું અને કઇ ઉપજ કયા ખાતામાં લઇ જવી ? તેજ ચર્ચાનો વિષય રહ્યો છે. આ મુદ્દાથી જો ચર્ચા કરવામાં આવશે તો તે સર્વને લાઇન દર્શાવનાર થશે. આવી ચર્ચાની ખાસ જરૂર છે. સૂત્રો તથા અન્ય ગ્રંથોમાં નિષ્ણાત વિદ્વાન મુનિરાજો જ્યારે આવી જરૂરની ચર્ચા ઉપાડે ત્યારે સૂત્રો વાંચવાના બીન અધિકારી શ્રાવકોએ તો તે સાંભળવું, ઉહાપોહ કરવો તેજ કર્તવ્ય છે તેમ અમને લાગે છે. જે ચર્ચાની જરૂર હતી તે થવા માંડી છે. દેવ–દ્રવ્ય શબ્દની મારામારીને બદલે તેની ઉત્પત્તિ, વ્યય અને રક્ષણ કેવી રીતે કરવા યોગ્ય છે તેની ચર્ચાનીજ ખાસ જરૂર હતી. આચાર્ય, પંન્યાસો, ગણીઓ અને અન્ય મુનિ મહારાજાઓ તે બાબત સમજ્યા છે, ચર્ચા કરવા લાગ્યા છે, અને જે નિર્ણય થશે તે રીતસર બહાર પડવા સંભવ છે. આવી ચર્ચામાં આક્ષેપક શૈલી અગર ઉતાવળા થઈને પરસ્પર ગેરવ્યાજબી શબ્દોનો ઉચ્ચાર તે માનસિક નબળાઇ બતાવનાર છે તે વાત સુજ્ઞાત છે. જૈન બંધુઓએ આવી શરૂ થયેલી ચર્ચા શાંતિથી જોવી તેમાંજ લાભ છે. અમારા ઉપર પણ આ સંબંધીનાં લેખો આ માસિકમાં છપાવીને બહાર પાડવા માટે આવેલા છે, પણ તે લેખો અન્યત્ર પ્રસિદ્ધ થયેલા હોવાથી અને સ્થળસંકોચથી અમે બહાર પાડી શક્યા નથી. અન્ય સર્વ વિદ્વાન મુનિ મહારાજાઓને પણ આવી ચર્ચામાં ભેળાવા અને ચર્ચાતી વાતનો આગમાનુસાર નિર્ણય લાવવા વિનંતિ કરીએ છીએ. આ બાબત ઉપર વિશેષ લખવાની જરૂર નહિ હોવાથી અમે હાલ તરત તો આટલાથીજ અટકીએ છીએ. પરંતુ આ સાથે સર્વે ગામ અને શહેરોના આગેવાન જૈનબંધુઓને વિનંતિ કરીએ છીએ કે જયાં સુધી નિષ્પક્ષપાત એવા વિદ્વાન આચાર્યો અને મુનિ મહારાજાઓ આ સંબંધનો શાસ્ત્રાધાર સાથે નિર્ણય જાહેર ન કરે ત્યાં સુધી ચાલી આવતી રીતિમાં કોઇપણ પ્રકારનો ફેરફાર–દેવદ્રવ્યમાં જતી ઉપજનું સાધારણ ખાતે બદલી (ટ્રાન્સફર) કરવાપણું ઉતાવળા થઇને કરવું નહીં. કારણ કે, એકવાર ભરેલું પાછું ભરવું મુશ્કેલ પડે છે. નવા પ્રકારની ઉપજ અથવા ઉદારતાનો ઉપયોગ ખુશીથી સાધારણ ખાતે કરવામાં આવે તેમાં વિરોધ નથી, પરંતુ ફેરફાર કર્યા પહેલાં રાહ જોવાની ખાસ આવશ્યકતા છે.

* * * * * * *

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચૈત્ર શુદિ ૧૩ નો દિવસ ચરમ તીર્થંકર શ્રીમન મહાવીર સ્વામીનો જન્મ દિવસ છે. આખા ભારતવર્ષમાં ઘણે સ્થળે આ દિવસ 'મહાવીર જયંતી' તરીકે ઉજવવામાં આવે છે. દેરાસરોમાં આંગી, પૂજા કરાવવામાં આવે છે, અને ભાષણો પણ થાય છે. આ દિવસનો ઉત્સવ તે તેટલા પૂરતોજ સમજવાનો નથી. શ્રીમાન્ મહાવીર સ્વામીનું ચરિત્ર સ્થળે સ્થળે ઉપદેશથી ભરેલું છે. માતાપિતા તરફ અપૂર્વ પ્રેમ, બંધુભાવ, વીરત્વ, કર્મ શત્રુનો જય, પરિસહ સહન, મોહ રાજા સાથેનું તુમુળ યુદ્ધ વિગેરે ઘણા પ્રસંગો લગભગ દરેકે દરેક પ્રસંગ બોધ લેવા લાયક છે. ગમે તેવા કઠીન કર્મ વેદતાં પણ પ્રભુએ જરા પણ ઉદ્વેગ ધારણ કર્યો નથી, પણ સંગમ જેવો પ્રાણાંત ઉપસર્ગ કરનાર દેવ નારકીનાં અને ભવભ્રમણનાં દુઃખો અનુભવશે, તેવા વિચારથી ઉલટું પ્રભુનું હૃદય દ્રવે છે–ચક્ષુઓ અશ્રુપ્લાવિત થાય છે. ક્ષમાના સાગર નામ પ્રમાણેજ યથાર્થ ગુણો ધારણ કરનારા આ મહાવીર પ્રભુનું ચરિત્ર કેટલું બોધપ્રદ છે? આવા જયંતીનાં પ્રસંગો તો આવાં ઉત્તમ દ્રષ્ટાંતોનાં અનુકરણ માટે છે. આવા ક્ષમાસાગર વીર પુરૂષના પગલાંને અનુસરનાર તેના અનુયાયીઓ કેટલા ક્ષમાશીળ, કેટલા શૂરવીર, કેટલા ઉચ્ચ ચારિત્ર ધારણ કરનાર હોય તે વિચારવા જેવું છે. આવા પ્રસંગે મહાવીરનાં ગુણ સ્મરણ સાથે તેનાં જીવનનાં દ્રષ્ટાંતોમાંથી થોડું ઘણું પણ અનુસરણ થઇ શકે તોજ આવા દિવસોનાં ઉત્સવો ઉજવવાની સાર્થકતા છે, મહાવીરના જીવનમાં અનેક બોધપ્રદ અનુસરવા લાયક દ્રષ્ટાંતો છે, તેમાંથી અમુક ગુણોને આપણી જીંદગીમાં ઉતારવા પ્રયાસ કરવો તે સુજ્ઞનું કર્તવ્ય છે. તેના એક ગુણનું પણ સંપૂર્ણાંશે અનુસરણ થાય તો તેવી રીતે અનુસરનાર કાર્ય સિદ્ધ કરી શકે તેમ છે. અમે અમારા વાંચક બંધુઓને મનનપૂર્વક મહાવીર જીવન વાંચવા ખાસ ભલામણ કરીએ છીએ. દરેક વખતે તે વાંચતાં નવીન નવીન સદ્‌ગુણોનો–સચ્ચારિત્રનો ભાસ થાય તેમ છે અને વાંચ્યા પછી તેના ગુણોનું અનુસરણ કરવાથી સત્વર મોક્ષપ્રાપ્તિ થઇ શકે તેવો સંપૂર્ણ સંભવ છે.

* * * * * *

મહાવીર પ્રભુનું જીવન કલ્પસૂત્ર–મહાવીર ચરિત્ર વિગેરેના અવલંબન દ્વારા એક સ્વતંત્ર પુસ્તક તરીકે ખાસ લખાવાની જરૂર છે. બુદ્ધનું ચરિત્ર બહાર પડેલ છે, તેના કરતાં પણ ઘણા ગુણોમાં વિશિષ્ટતા દેખાડનાર આ ચરિત્ર જો સ્વતંત્ર રીતે આકર્ષણીય પદ્ધતિથી લખાઇને બહાર પડે તો તે બહુ ઉપયોગી અને અને આદરણીય થાય તેવો પૂરો સંભવ છે. મહાવીર પ્રભુનાં જીવનમાં સ્થળે સ્થળે જે ગુણો ઝળકી નીકળે છે તેના ઉપર લક્ષ ખેંચવા સાથે જુદી જુદી રીતે તે સ્થળોનું વિવેચન કરવામાં આવે તો તે લેખ–તે ગ્રંથ બહુ ઉપયોગી અને ખેંચાણ કરનાર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



થશે તેવી અમારી માન્યતા છે. વિદ્વાન જૈન બંધુઓને તથા વિદ્વાન મુનિ મહારાજાઓને તે બાબતમાં પ્રયાસ કરવા અમો વિનંતિ કરીએ છીએ, અને તે માટે જે કાંઈ સહાય જોઈતી હોય તે આપવા અમો પણ તૈયાર છીએ તે જણાવવાની રજા લઈએ છીએ. આવું આકર્ષણીય ચરિત્ર જેમ બને તેમ તાકીદે બહાર પડે તો સારૂં તેનાથી જૈન કોમને અને ધર્મને બહુ ફાયદો થશે તેમ અમને લાગે છે.

* * * * * *

ગત વર્ષના માહ-ફાગણના અંકમાં ૩૯૦માં પૃષ્ટ ઉપર આજ લેખમાં શામ્બ-પ્રદ્યુમ્ન શ્રી શત્રુંજય ઉપર સાડી ત્રણ કરોડ મુનિ સાથે સિદ્ધિ પામ્યાનું લખેલ છે, પણ તેમાં ભૂલ થયેલી છે. તેઓ સાડી આઠ કરોડ મુનિ સાથે શત્રુંજય ઉપર સિદ્ધિપદ પામેલા છે, તેથી તે સુધારીને વાંચવા અમો વાંચક બંધુઓને વિનંતિ કરીએ છીએ.

* * * * *

એપ્રીલ માસની તા. ૨-૩-૪ ને દિવસે શ્રી અમદાવાદમાં 'ગુજરાત સાહિત્ય પરિષદ્'ની છઠ્ઠી બેઠક રા. બ. હરગોવિંદદાસ દ્વારકાદાસ કાંટાવાળાના પ્રમુખપણા નીચે મેળવવામાં આવી હતી, ગુજરાતી ભાષાના સાહિત્યની વૃદ્ધિ કરવી, તેના નિયમો નક્કી કરવા, તે ભાષાને ખીલવવી વિગેરે આ પરિષદનાં કર્તવ્યો છે. આ પરિષદ્માં આખી દુનિયામાં 'ગીતાંજળી'ની પ્રભાવાળી કૃતિથી 'નોબલ-પ્રાઈઝ' મેળવીને પ્રખ્યાત થયેલા સુપ્રસિદ્ધ બંગકવિ રવીંદ્રનાથ ટાગોરે ખાસ હાજરી આપી હતી આ પરિષદ્ તેમની ખાસ હાજરીથી વિશેષ ગૌરવયુક્ત બની હતી. આ મહાન પુરૂષનો સ્વાર્થત્યાગ ખાસ અનુકરણીય છે, તેમની પ્રભાવશાળી દિવ્ય મૂર્તિ જોતાં કોઈપણ મનુષ્યનું મન તેમના તરફ આકર્ષાયા વગર રહેતું નથી. તેમના ફીલોસોફીના તથા ભાવવાચી વાતાઓના ઉત્તમ ગ્રંથોનું ઈંગ્રેજીમાં તથા કેટલાક ગ્રંથોનું ગુજરાતીમાં પણ અવતરણ થયેલ છે. તે ગ્રંથો વાંચવાથી તેમની ઉત્તમ કૃતિનો ખ્યાલ આવે તેમ છે. સામાન્ય ગુજરાતી સાહિત્ય તથા જૈનધર્મના ગુજરાતી સાહિત્યને ઘણો ઘાડો સંબંધ છે. ગુજરાતી સાહિત્ય, તેનું ખેડાણ, તેની વૃદ્ધિ, તેની ઉપયોગીતામાં જૈન સાહિત્યે ઘણો મોટો ફાળો આપેલો છે. ગુજરાતી ભાષામાં જૈન ગ્રંથો ઘણા મોટા પ્રમાણમાં મળી આવે છે, અને ઐતિહાસિક દૃષ્ટિએ ગુજરાતી ભાષાના આદ્ય કવિઓ અગર લેખકો તરીકે જૈન ગ્રંથકારોજ માન ધરાવે છે તેમ ગુજરાતી ભાષાનો ઈતિહાસ તપાસતાં માલુમ પડે છે. ગુજરાતી ભાષાના સાક્ષરોએ ઘણા વખત સુધી ગુજરાતી જૈન સાહિત્ય તરફ દૃષ્ટિપાત કરવાની પણ કૃપા કરી નહોતી, અને આપણી ધનિક કોમે પણ આપણું તે સાહિત્ય બહાર પડે તેવાં પ્રયત્ન કર્યા નહોતાં; ધીમે ધીમે સાક્ષરોની જૈન સાહિત્ય તરફ દૃષ્ટિ ખેંચાણી છે, અને જૈન સાહિત્યને ઘટતું

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



માન મળતું જાય છે. આપણું જૈન પ્રાચીન સાહિત્ય ત્રણ ભાષામાં લખાયેલ છે, માગધી, સંસ્કૃત, અને ગુજરાતી. મૂળ ગ્રંથો માગધીમાં છે, ત્યારપછી રચાયેલા ઘણાં ગ્રંથો સંસ્કૃતમાં છે, અને ત્યારપછીથી તેરમા, ચૌદમા સૈકા પછી લખાયેલા રાસો વિગેરે ગુજરાતી ભાષામાં છે. અત્યાર સુધીમાં શોધતાં જડી આવેલ ૬૪૧ રાસોની બે જુદી ટીપો તો બહાર પડેલ છે, અને હજુ તપાસ કરતાં વધારે રાસો પણ મળી આવવાનો સંભવ રહે છે. રા. કાંટાવાળા તેમના ભાષણમાં જણાવે છે તેમ વિ. સં. ૧૨૦૯ માં ગુજરાતીમાં લખાયેલ 'વીર–સ્તોત્ર' નામનો રાસ તેમને સિદ્ધિ મુનિ તરફથી મળેલ છે, અને તે હવે પછીના 'સાહિત્ય' માસિકના અંકોમાં બહાર પડનાર છે. આવો ઉત્તમ ખજાનો આપણે ધરાવીએ છીએ, પણ ભાષાના આ ગ્રંથો બહાર પાડવાનો હજુ પૂરતો પ્રયત્ન થયો નથી. 'આનંદ–કાવ્ય–મહોદધિ' ના ૭ મૌક્તિકો બહાર પડ્યા પછી પાછું તે કામ અટકી ગયું છે. બૃહત્–કાવ્યદોહન જેવા સો ઉપરાંત ભાગો બહાર પાડી શકાય તેટલું ગુજરાતી જૈન સાહિત્ય તૈયાર છે, તો પછી આવું ઉપયોગી સાહિત્ય વિશેષ બહાર પડે તે માટે પ્રયાસ થવાની ખાસ જરૂર છે. રા. કાંટાવાળાએ તેમના ભાષણમાં 'જૈન–સાહિત્ય' માટે સારો ઉલ્લેખ કર્યો છે. 'જૈન રાસો' વિગેરેમાંથી ઘણા દષ્ટાંતો ગુજરાતી ભાષાની શરૂઆતનો સમય દેખાડવા તેમણે ટાંકી બતાવ્યા છે. જૈન કોમમાં સાહિત્ય સંશોધક આવા વિદ્વાનોની ખાસ જરૂર છે. રા. બેચરદાસ, ઝવેરી જીવણચંદ, મોહનલાલ દેશાઇ વિગેરે આ દિશામાં સારો પ્રયત્ન કરે છે, પણ હજુ ઘણો વધારે પ્રયાસ તે દિશામાં થવાની જરૂર છે. આચાર્ય શ્રી આનંદસાગર સૂરિજીએ જેવી રીતે મૂળ ગ્રંથો બહાર પાડવાનો પ્રયાસ કર્યો છે, તેવીજ રીતે અન્ય મુનિરાજ આવા ગુજરાતી રાસો વિગેરે બહાર પડે તેવો પ્રયત્ન કરશે તો જૈન કોમ અને ગુજરાતી ભાષા જાણનારી સમસ્ત પ્રજા તેની બહુ આભારી થશે. આવા પ્રયત્નની ખાસ જરૂર છે, અને તેવા પ્રયત્નથી જૈન ધર્મ પણ વિશેષ અજવાળામાં આવશે, ગુજરાતી સાહિત્ય ઉપર પ્રકાશ પડશે, જૈન કોમને અભ્યાસ માટે નવાં સાધનો મળશે અને જૈન સાહિત્યની વિશેષ ગણના થશે. શ્રીમંતોએ આ દિશામાં વિશેષ ધનવ્યયની અને મુનિ મહારાજાઓએ પ્રયાસ કરવાની ખાસ જરૂર છે.

* * * * *

પુના નવી નવી સંશોધો કરવાનું ઉત્તમ સ્થળ છે. ઘણા વિદ્વાનો અને ઉત્તમ રાજકીય પુરૂષોનો પણ તે શહેરમાં વાસ છે. આર્યાવર્તની પ્રથમ 'ઓરીએન્ટલ કોન્ફરન્સ' ગત કાર્તિક માસમાં તે સ્થળેજ ભરાણી હતી. હાલમાં મુનિરાજ શ્રી જિનવિજયજી વિગેરેની પ્રેરણાથી તેજ શહેરમાં 'જૈન સાહિત્ય સંશોધક સમાજ'

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સ્થપાયેલ છે. તેનું 'આવેદન-પત્ર' જે હાલમાં છપાઇને બહાર પડેલ છે, તે વાંચતાં તે સમાજની સંપૂર્ણ કાર્યરેખા જાણવામાં આવે તેમ છે. આ સમાજ તરફથી લગભગ સો-સવાસો પૃષ્ટનું એક ત્રિમાસિક પણ કાઢવામાં આવનાર છે, જેની કિંમત રૂ. ૫) રાખવામાં આવી છે. જૈનધર્મને લગતી શોધખોળો, તેનો ઇતિહાસ, તથા તેનું વિશાળ સાહિત્ય વધારે પ્રમાણમાં બહાર આવે અને પ્રગટ થાય તે માટે આવા પ્રયાસોની ખાસ જરૂર છે. આ સંસ્થાના ઉત્પાદકોને અમે અભિનંદન આપીએ છીએ. જૈન સાહિત્ય બહાર આવે, તેની ઉત્તમ ગૌરવતા પ્રસિદ્ધ થાય તે માટે જે જે પ્રયાસો થાય તેને જૈનકોમે વધાવી લેવાની જરૂર છે. જે ઉચ્ચ આશયથી આ સંસ્થા સ્થપાઇ છે તે આશય ત્રિમાસિકના લેખોમાં અને સમાજની કાર્યવાહીમાં હમેશાં સાચવી રાખવા અમે તેમને વિનંતિ કરીએ છીએ.

# વર્તમાન સમાચાર.

## ભાવનગરથી છરી પાળતો નીકળેલો સંઘ.

મુંબઇના કાપડના વ્યાપારી શા. **નરોત્તમ કેવળભાઇ** તથા શા. **વીરચંદ કેવળભાઇએ** હાલમાં ભાવનગર ખાતે દ્રવ્ય વ્યય કરવામાં સારી ઉદારતા દેખાડી છે. આ બંધુઓએ તેમને ઘેર લગ્ન પ્રસંગમાં પણ સારી રકમનો કેળવણી, નિરાશ્રીત, ઉદ્યોગ વિગેરે ખાતાઓમાં વ્યય કરીને સારી ઉદારતા દેખાડી હતી. વળી લગ્ન પછી ઉત્સાહની વૃદ્ધિ થતાં ફાગણ વદિ ૧૨ શે ભાવનગરથી આચાર્ય શ્રી વિજયધર્મસૂરિજીના શિષ્ય પં. ભકિતવિજયજી તથા પં. ચતુરવિજયજીના શિષ્ય પં. ખીમાવિજયજી વિગેરે સાધુઓ તથા લાવણ્યશ્રીજી વિગેરે સાધ્વીઓની સાથે શ્રી સિદ્ધાચળજીનો છરી પાળતો સંઘ કાઢ્યો હતો. સાતસો ઉપરાંત સ્ત્રી-પુરૂષો તે શુભ કાર્યનો લાભ લેવા તેમની સાથે આવ્યા હતા. રસ્તામાં વરતેજ, દેવગાણા, ટાણા, બુઢણા વિગેરે સ્થળોએ સંઘે મુકામ કર્યા હતા; અને તે સ્થળોએ તથા વચ્ચે આવતાં સમઢીયાળા તથા વરલ ગામોમાં પણ સંઘવીએ ઉદારતા સારી બતાવી હતી, ચૈત્ર શુદિ ૧ મે શ્રી સંઘે પાલીતાણામાં ઠાઠમાઠથી પ્રવેશ કર્યો હતો, અને શુદિ ૫ મે તે બંને ભાઇઓએ તેમની પત્નીઓ સાથે તીર્થમાળ પહેરી હતી. પાલીતાણામાં પણ તેમણે સારી ઉદારતા દેખાડી હતી. ધનપ્રાપ્તિનો આ લ્હાવો છે. પોતાના દ્રવ્યથી સ્વામી બંધુઓ તીર્થયાત્રાનો લાભ લે અને અનેક જીવો પુન્ય બાંધે તેના કારણિક થવાથી પુન્યાનુબંધી પુન્ય બંધાય છે. અને કર્મ નિર્જરવાનાં ઉત્તમ સાધનો મળે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તે બંધુઓને વારંવાર ધાર્મિક કાર્યોમાં અને જૈન કોમના ઉદયનાં કાર્યોમાં તત્પર રહેવા અમો સૂચના કરીએ છીએ.

## સુરતથી છરી પાળતો નીકળેલ સંઘ.

આચાર્ય શ્રી આનંદસાગરસૂરિ ગત ચોમાસામાં શ્રી સુરત સ્થિતિ કરીને રહ્યા હતા. આ વર્ષે આગમની વાંચના પાલીતાણામાં થવાની હોવાથી તેઓ પોતાના પરિવાર સહિત સુરતથી વિહાર કરી પાલીતાણે આવવાના હતા. આ તકનો લાભ લઇને ઝવેરી જીવણચંદ નવલચંદે આચાર્યશ્રીની સાથે છરી પાળતો શ્રી સિદ્ધાચળજીનો સંઘ કાઢ્યો હતો. માહ વદિ ૮ મે સુરતથી આ સંઘે પ્રયાણ કર્યું હતું, અને જંબુસર, આમોદ, કાવિ, ભરૂચ, ખંભાત, ધોળેરા, વળા વિગેરે રસ્તે થઇને આ છરી પાળતો સંઘ ચૈત્ર શુદિ ૨ જે પાલીતાણે પહોંચ્યો હતો. સાથે પચાસ ઉપરાંત સાધુ સાધ્વીના ઠાણા હતા અને સંઘ તંબુમાંજ પડાવ કરતો હતો. દરેક સ્થળે સાધારણ, નિરાશ્રીત તથા ધાર્મિક કેળવણીમાં આ ઝવેરીએ સારી ઉદારતા દર્શાવી છે. સંઘમાં લગભગ સાતસો માણસ હતા, જેમાં ૧૭૫ લગભગ ચાલનારા તથા એકાસણા કરનારા હતા. આ સંઘના પડાવનો દેખાવ બહુ આકર્ષણીય અને ઉલ્લાસ કરાવે તેવો હતો. સંઘમાં આચાર્યશ્રી આનંદસાગરજી ઉપરાંત પં. મણિવિજયજી, મુનિરાજ શ્રી દીપવિજયજી વિગેરે હોવાથી સદુપદેશનો સારો લાભ મળે તેવી જોગવાઇ હતી. સંઘનો બધો ખર્ચ ગાડીભાડું, ભાડે લીધેલા તંબુઓનું ભાડું વિગેરે તમામ આ ઝવેરીએ આપેલ છે. ચૈત્ર શુદિ. ૨ને દિવસે બહુ ધામધુમથી આ સંઘે પાલીતાણામાં પ્રવેશ કર્યો હતો અને સંઘવીએ તે દિવસે પાલીતાણામાં નોકારશી કરી હતી. છ ગાઉ, બાર ગાઉની પ્રદક્ષિણા પણ તેમણે કરાવી હતી. ચૈત્ર વદિ ૨ જે આ ઝવેરીએ તીર્થમાળ પહેર્યા પછી પાલીતાણામાંથી તેઓ વિદાય થયા હતા. ઋદ્ધિ પામ્યાનો લ્હાવો લેવાનો-ઋદ્ધિનો સદુપયોગ કરવાનો આવો સમય ભાગ્યેજ મળે છે. સમય મળતાં કાર્ય સિદ્ધ કરે તેજ વિચક્ષણ છે. પ્રમાદમાં સમય ગુમાવનારને પછવાડેથી પસ્તાવાનો સમય આવે છે. આ સંઘવીએ ઘણી મોટી રકમનો આ શુભ નિમિત્તમાં વ્યય કર્યો છે.

## શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનો છરી પાળતો સંઘ.

મુંબઇમાં શેર બજારમાં દલાલી કરનારા શ્રેષ્ઠી શ્રીયુત્ હરગોવિંદદાસ ઉત્તમચંદે રાંધણપુરથી શ્રી શંખેશ્વર પાર્શ્વનાથજીનો છરી પાળતો સંઘ ફાગણ શુદિ ૭ ને દિવસે કાઢ્યો હતો. સંઘની સાથે પં. ભક્તિવિજયજી તથા મુનિ જયવિજયાદિ ઠાણા ૨૦ હતા. સંઘવીનો ઉત્સાહ બહુ સારો હતો. શંખેશ્વરજીનો તથા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

શંખેશ્વરપુર પાછા આવવાનો બધો ખર્ચ સંઘવીએ આપ્યો હતો. રસ્તામાં દરેક સ્થળે શુભ ખાતામાં સારી રકમ આપી સંઘવીએ દારતા સારી બતાવી હતી. સાથે આવનારની સગવડ પણ સારી સાચવવામાં આવી હતી. દ્રવ્યનો વ્યય કરવાનાં અનેક શુભ માર્ગમાં સંઘની ભક્તિ કરવી, ચતુર્વિધ સંઘને યાત્રાનો લાભ લેવરાવવો તે પણ ઉત્તમ માર્ગ છે. આવી રીતે યથાશક્તિ દ્રવ્ય વ્યય કરવાથી જીંદગી સફળ કરી શકાય છે.

## શ્રેષ્ઠી ઝવેરભાઇ રામજી તરફથી અઠ્ઠાઇ મહોત્સવ.

હાલમાં લડાઇને લીધે અને નશીબના સુયોગથી જૈનકોમમાં શ્રીમંતાઇ વધતી જાય છે. તે સાથે દ્રવ્યવ્યયનો રસ્તો પણ સારો ઉઘડે છે. બંધુ ઝવેરભાઇ રામજીએ શ્રી ઉમરાળા ગામ મધ્યે તેમની માતુશ્રીના શ્રેય નિમિત્તે ફાગણ શુ. ૨થી શુ. ૧૦ સુધી અઠ્ઠાઇ મહોત્સવ, શાંતિસ્નાત્ર, જળયાત્રાનો વરઘોડો વિગેરેમાં બહુ ઉદારતાથી ખર્ચ કર્યો છે. દરેક સ્થળે આમંત્રણો મોકલી ઘણા ગૃહસ્થોને ઉમરાળામાં એકઠા કર્યા હતા, અને ધોળા જંકશનથીજ બધી ગોઠવણ કરી રાખીને સર્વની સગવડ બહુ ઉત્તમ રીતે સાચવવામાં આવી હતી. જે સ્થળોએ આવો મહોત્સવ કવચિતજ થતો હોય તેવા ગામોમાં દરેક કોમમાં આવા મહોત્સવનો આનંદ બહુ દેખાય છે. શ્રી ઉમરાળામાં આસપાસના ગામમાંથી એકઠા થયેલા સર્વે કોમના મનુષ્યોમાં આ મહોત્સવને અંગે બહુ આનંદ દેખાતો હતો. આ મહોત્સવને અંગે તે બંધુએ ઉમરાળામાં ઉપાશ્રય, સાધારણ ખાતું, ગરીબ જૈનોને આશ્રય, પુસ્તક પ્રસિદ્ધિ વિગેરેમાં સારો વ્યય કર્યો છે, અને ઔદ્યોગિક કેળવણીને અંગે સારી રકમ આપવાની ઇચ્છા પ્રદર્શિત કરી છે. અઠ્ઠાઇમહોત્સવ સાથે સમયને અનુકૂળ અને જરૂરનો અન્ય વ્યય બહુ સારો દેખાવ આપે છે. જીવનમાં કવચિત્ મળતી આવી તકોનો લાભ લેવાય તોજ ધન મળ્યાનું સાર્થક છે. જે કરે છે તે ફળ મેળવી જાય છે, વિચાર કરનારા બેસી રહે છે અને પ્રમાદમાં બધું ભૂલી જાય છે.

## શેઠ કશળચંદ કમળશીની જાહેર ઉદારતા.

શ્રી મહુવા ગામમાં શેઠ કશળચંદ કમળશીએ જુદા જુદા જરૂરી ખાતામાં રૂ. ૪૦૦૦૦) ની રકમનો વ્યય કરી બહુ સારી ઉદારતા દેખાડી છે. તેઓએ આ પ્રમાણે રકમો ખર્ચવાની ઇચ્છા જાહેર મેળાવડામાં દેખાડી છે.

રૂ. ૧૯૦૦૦) એક જાહેર હિંદુ ધર્મશાળામાં.
રૂ. ૧૫૦૦૦) જૈન બાળાશ્રમમાં.
રૂ. ૫૦૦૦) જૈન ધર્મશાળામાં.
રૂ. ૧૦૦૦) મહુવા પ્રગણામાં નીશાળ ન હોય તે સ્થળે નીશાળ કરાવી આપવામાં.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

રૂ. ૨૦૦૦) જનરલ નેટીવ લાઇબ્રેરીમાં.

રૂ. ૧૦૦૦) જે રસ્તાઓમાં પાણીની પરબ ન હોય ત્યાં પરબ કરાવી આપવામાં.

કુલ રૂ. ૪૦૦૦૦)

ઉપર પ્રમાણે મોટી રકમની સખાવત જાહેર કરી છે. જૈન બાળાશ્રમનું કાર્ય તેમની સહાયથી ચાલતુંજ છે. ધર્મશાળાઓ તથા બાળાશ્રમ માટે જગ્યા લેવાનો પ્રયત્ન ચાલે છે. તેમની આવી પ્રશંસનીય ઉદારતા માટે જૈન કોમ તરફથી તેમને એક સુંદર કાસ્કેટમાં માનપત્ર આપવામાં આવ્યું છે. જમાના પ્રમાણે જરૂરની, સમયોચિત ઉદારતા દેખાડનાર આ બંધુ ખરેખર ધન્યવાદને પાત્ર છે. જે કોઇ પણ ગૃહસ્થ ધન મળતાં તેનો સત્કાર્યમાં વ્યય કરે તે પ્રશંસવા લાયક છે. રા. કશળચંદભાઈની આ સખાવત અનુકરણીય, જરૂરની અને સમયને અનુસરતી હોવાથી અમો તેમને વિશેષ ધન્યવાદ આપીએ છીએ.

## જૈન સ્કોલરશીપ.

શ્રી જૈન શ્વેતાંબર કોન્ફરન્સ ઓફીસ–પાયધુની–મુંબઇ તરફથી જણાવવામાં આવે છે કે મર્હુમ શેઠ ફકીરચંદ પ્રેમચદ તરફથી આપવામાં આવતી રૂ. ૪૦) ની વાર્ષિક સ્કોલરશીપ ગત વર્ષમાં સંસ્કૃતમાં સૌથી વધારે માર્કસ મેળવનાર મી. મોહનલાલ કેવળચંદ ઇચ્છાપોરીયાને આપવામાં આવી હતી, અને બીજી સ્કોલરશીપ સુરત જીલ્લાના વતનીને આપવાની રૂ. ૪૦) ની મી. ચંદુલાલ નાનચંદ શાહને આપવામાં આવી હતી. આ બંને સ્કોલરશીપો (૧) મેટ્રીકયુલેશનમાં પાસ થનાર જૈનને આપવાની (૨) સુરત જીલ્લામાં પહેલે નંબરે મેટ્રીકયુલેશનમાં પાસ થનાર જૈનને આપવાની તથા (૩) પુના સર્કલમાં અંગ્રેજીમાં પહેલે નંબરે પાસ થનાર જૈનને રૂ. ૨૦) ની શેઠ ગુલાબચંદ લખમીચંદ સ્કોલરશીપ આ વરસ માટે પણ આપવાની છે. જૈન શ્વેતાંબર મૂર્ત્તિપૂજક વિદ્યાર્થીઓએ તે માટે કોન્ફરન્સના સેક્રેટરીને અરજ કરવી.

## શ્રી જૈન બાળ મિત્રમંડળ.

આ મંડળના પ્રેસીડેન્ટ ( બાબુ. પી. પી. જૈન હાઇસ્કુલ. મુંબઇ ) તરફથી જણાવવામાં આવે છે કે ઉપરોક્ત મંડળ તરફથી હાઇસ્કુલમાં તેમજ ગુજરાતી સ્કુલમાં અભ્યાસ કરતા જૈન વિદ્યાર્થીઓને સર્વ વિષયને લગતી 'સેકન્ડ-હેન્ડ' ટેક્સ્ટ બુકો માત્ર નામની કિંમત લઇને આપવામાં આવે છે. જેઓને જોઇતી હોય તેઓએ ઉપરને શિરનામે અરજીઓ કરવી.

For Private And Personal Use Only